ISSN 2319-3522

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

# સમાજકારણ

વર્ષ : ૧૧ જુલાઈ-૨૦૧૭ અંક-૨

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | નિવૃત્તિનાં વર્ષો પછીની સંશોધનની મારી ભૂમિકા | સ્વ. ડૉ. એડવીન મસીહી | ૩ |
| ૨. | નવવસાહતી ભારતીય : સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ અને જાળવણી | ડૉ. લક્ષ્મણ યુ. વાઢેર | ૧૩ |
| ૩. | કાર્લ માર્ક્સ્ : ગહન સમાજશાસ્ત્રીય ચિંતક | ડૉ. મનિષ એમ. જનસારી | ૨૧ |
| ૪. | પશુપાલન અને સ્ત્રીઓનો દરજ્જો એક અભ્યાસ (રાંધેજા ગામની ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓના સંદર્ભે) | ડૉ. હસમુખ પંચાલ | ૨૯ |
| ૫. | માનવ અધિકારો અને ભારતીય સ્ત્રીઓ | પરેશકુમાર વી. ચૌહાણ | ૩૫ |
| ૬. | ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી (વ્યવસાયી સ્ત્રીઓનો દૃષ્ટિકોણ) | પ્રા. સંગીતા પટેલ | ૪૧ |
| ૭. | સમાજશાસ્ત્રનાં પ્રાધ્યાપિકા : શ્રીમતી ફરીદાબેન કંપનીવાલાનો નિવૃત્તિ વિદાય સમારંભ | ડૉ. ભૂપેન્દ્ર જે. બ્રહ્મભટ્ટ | ૪૮ |
| ૮. | પ્રોફેસર ડી. એન. ધનાગરેને શ્રદ્ધાંજલિ | પ્રો. હરિશ દોશી | ૪૯ |


**ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર**

## સમાજકારણ (અર્ધવાર્ષિક)

**પ્રકાશક :** ગુજરાત સામાજિક સેવા મંડળ
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા,
આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯

**સંપાદન :**
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

**વ્યવસ્થા :**
**નલિની કિશોર ત્રિવેદી**

**પરામર્શન :**
**વિદ્યુત જોષી**
**રમેશ બી. શાહ**
**પ્રેમાનંદ મિશ્રા**
**પ્રશાંત દવે**
**થોમસ પરમાર**

**લેખ મોકલવા માટેનું સરનામું :**
**ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**
૧/સી, શ્રી ગોવિંદ એપાર્ટમેન્ટ, પુનિત આશ્રમ પાછળ,
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
ફોન : ૦૭૯-૨૫૪૫૧૨૬૩
email : bjbrahmbhatt1@yahoo.co.in

વાર્ષિક લવાજમઃ રૂ. ૧૦૦-૦૦

### સમાજકારણની લેખનસામગ્રી

(૧) ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ કે સંશોધનો, સામાજિક પ્રશ્નોમાં રાજકીય અને આર્થિક પ્રશ્નોનો સમાવેશ થાય તેવા લખો.

(૨) સામાજિક સેવાકાર્યોની કે સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે લેવાતા ઉપાયોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચકાસણીરૂપ અભ્યાસો અને છણાવટ કરતા લેખો.

(૩) આવો અભ્યાસ કે વિવેચનો કરતાં પુસ્તકો કે અહેવાલોનો તથા શ્રેષ્ઠ ઠરેલા અભ્યાસ સાહિત્ય (Classics)નો સાર-સંક્ષેપ તથા વિવેચન.

(૪) સામાજિક સંશોધન પદ્ધતિઓ અંગેની સરળ સમજ આપતા અને તેમની ઉપયોગિતા દર્શાવતા લેખો.

## લેખકોને નમ્ર વિનંતી કે...

(૧) સામાજિક સેવા મંડળનાં ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત ભારત તેમજ વિશ્વનાં જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા આંતરરાષ્ટ્રીય Modern Language Association (MLA) પ્રારૂપ લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતાં અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૨) સંક્ષિપ્ત પુસ્તક પરિચય, ગ્રંથાવલોકન, સમાજ પરિવર્તનનાં પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ વિજ્ઞાનોનાં શોધ સમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.

(૩) પ્રકાશિત થયેલા કે પ્રકાશિત કરવા મોકલેલ હોય તેવા લેખ છપાશે નહીં.

(૪) લેખ ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં લખી શકાશે અને લેખ માન્ય પદ્ધતિ મુજબ સંદર્ભ સૂચિ સાથે હોય એ અપેક્ષિત છે.

(૫) લેખમાં ભાષાશુદ્ધિનો આગ્રહ છે તે બાબતે લેખકે કાળજી લેવા વિનંતી છે.

(૬) લેખકે લેખમાં પોતાનું નામ, હોદ્દો, સરનામું, સંસ્થાનું નામ, ફોન નંબર તેમજ Email ID તેમજ શક્ય હોય તો સમાજ સેવા મંડળનો સભ્યપદ નંબર અવશ્ય લખવો.

(૮) સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેથી તે પૂર્વસમીક્ષિત (Referred) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે.

(૯) સમાજસેવા મંડળનું સભ્યપદ ધરાવનારને સમાજકારણ પહોંચાડવામાં આવે છે, ક્વચિત ન મળે તો આપેલા ફોન નંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
શ્રી ગૌરાંગભાઈ શાહ મો. ૯૮૨૫૬ ૧૫૦૪૯.

(૧૧) જાન્યુઆરીના અંકમાં લેખ પ્રકાશિત કરવા ઑક્ટોબર અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો-સમાચાર - પ્રવૃત્તિ નોંધ મોકલી દેવા વિનંતી છે.

**મુદ્રક : અર્થ કૉમ્પ્યુટર :**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦૩૬૪૧૪

# નિવૃત્તિનાં વર્ષો પછીની સંશોધનની મારી ભૂમિકા

– સ્વ. ડૉ. એડવીન મસીહી*

સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ શિક્ષણકાર્ય કર્યા બાદ ૧૯૯૩ના જૂન માસના મધ્યમાં હું સમાજવિદ્યા ભવનમાંથી ૩૦ વર્ષ બાદ નિવૃત્ત થયો.

સમાજશાસ્ત્ર વિભાગમાં નિવૃત્તિનાં વર્ષ પહેલાં મેં આઈસીએસએસઆરની નાણાકીય સહાયથી 'બંધ મિલોના કારીગરો'નો એક સંશોધન અભ્યાસ ૧૯૯૩ના મે માસમાં પૂરો કર્યો હતો. મારા પીએચ.ડી.ના વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થીની તેના થીસીસનાં પ્રકરણો લખવાના છેલ્લા સ્ટેજમાં હતી. તે સિવાય વિભાગને લગતી મારી બધી જવાબદારી મેં પૂરી કરી હતી. મારા સાથી અધ્યાપક ધીરૂભાઈ દેસાઈના સહકારથી અમે અમદાવાદ શહેરમાં નશીલા દ્રવ્યોનું સેવન તથા વ્યસનમુક્તિ કેન્દ્રનો એક રિપોર્ટ ૧૯૮૯માં તૈયાર કરેલો, જેની કૉપી મુંબઈની નાર્ક (નેશનલ એડીક્શન રીસર્ચ સેન્ટર) નામની એક સંસ્થાના અધ્યક્ષ ગેબ્રીએલ બ્રિટ્ટોના વાંચવામાં આવ્યો હતો. તેમના તરફથી મને ફોન મળ્યો, જેમાં તેમણે મને જણાવ્યું કે તેઓ મારા રિપોર્ટના લખાણથી ઘણા પ્રભાવિત થયા હતા. તેમણે મને તેમની સંસ્થાની સંશોધનની પ્રવૃત્તિમાં જોડાવા આમંત્રણ આપ્યું. મારી નિવૃત્તિની શરૂઆતના સમય દરમ્યાન આવી તક મને યોગ્ય સમયે મળવાથી ઘણો આનંદ થયો અને હું તથા ધીરૂભાઈ મુંબઈ શ્રી બ્રિટોની સંસ્થામાં ગયા. ત્યાં જે રીફ્રેશર્સકોર્સ ચાલતો હતો તેમાં અમને ભણાવવાની તક પણ મળી. દરમિયાનમાં બ્રિટ્ટો તરફથી મને ગુજરાતમાં નશીલા દ્રવ્યો અંગે એક સંશોધન પ્રોજેક્ટ લેવા ઓફર મળી (પ્રસ્તુત ઓફર નાર્ક સંસ્થાની સંશોધનની એક વ્યાપક યોજનાના ભાગરૂપે હતી. જેમાં અન્ય સામાજિક વિજ્ઞાનીઓ પણ જોડાયેલા હતા). મેં સૌરાષ્ટ્રમાં અફીણના સેવનને ઐતિહાસિક દૃષ્ટિએ તપાસવાનો પ્રોજેક્ટ લેવાની તૈયારી બતાવી. ધીરૂભાઈ પણ આ પ્રોજેક્ટમાં સામેલ થયા. હવે પ્રશ્ન એ હતો કે આ પ્રોજેક્ટ ચલાવવા માટે મારે ઑફિસ અને અન્ય સ્ટાફ જોઈએ. આ તબક્કે મારા ભૂતપૂર્વ વિદ્યાર્થી વિદ્યુત જોષીની મદદ મળી. તેમણે સમર્પણ વિદ્યાપીઠ નામની એક સ્વૈચ્છિક સંસ્થાના મકાનમાં મને બેસવાની સગવડ કરી આપી અને આ રીતે મારા પુનઃ વસવાટમાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો. જે માટે હું તેમનો ઘણો આભારી છું. આ સંસ્થાનું મકાન મારા ઘરની નજીક હતું. મકાનમાં ટેલીફોન અને પટાવાળાની વ્યવસ્થા હતી જેનો લાભ મને મળ્યો. બ્રિટ્ટો તરફથી મને સારી એવી ગ્રાન્ટ મળી, જેમાંથી હું મારી નવી ઓફિસનું ભાડુ, ટેલીફોનનું બિલ તથા પટાવાળાના પગારના ખર્ચની રકમ ફાળવી શક્યો. પીએચ.ડી.ના મારા પ્રથમ વિદ્યાર્થી ડૉ. વસંત કાંત તેમની સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા હતા અને તેઓને પણ સમર્પણ વિદ્યાપીઠની પ્રવૃત્તિઓની દેખરેખ રાખવાનું કામ મળ્યું હતું. તેઓ અમારા પ્રોજેક્ટમાં જોડાયા. સૌરાષ્ટ્રમાં અફીણના સેવનને લગતી પ્રવૃત્તિઓ ત્યાંના રાજપૂત અને કાઠી દરબારોના સામાજિક જીવનમાં સંસ્થીકૃત થયેલી છે અને તે અંગેનું સાહિત્ય પણ પ્રમાણમાં ઘણું બહોળુ છે. સૌરાષ્ટ્રની ગઢવી/ચારણ જ્ઞાતિનું આ સાહિત્ય (જેને ચારણી સાહિત્યના નામે પણ ઓળખવામાં આવે છે)ની રચનામાં ઘણો ફાળો છે. આ પાર્શ્વભૂમિકાને સમજવા અમે એક દિવસનો સેમિનાર (રાજકોટમાં) કર્યો. અહીં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનમાં મારા પીએચ.ડી.ના વિદ્યાર્થી દેવેન્દ્ર જોબનપુત્રા હતા. તેમણે સેમીનાર અંગેની બધી જવાબદારી સ્વીકારી. ત્યારબાદ સૌરાષ્ટ્રનાં જે ગામોમાં કાઠી દરબારોની વસ્તી વધારે હોય અને/અથવા અફિણનું સેવન વધારે હોય તેવાં ૧૨ ગામોને પસંદ કરી ત્યાં અન્વેષકો દ્વારા અફિણનું સેવન કરતી ૧૫૮ વ્યક્તિઓ પાસેથી મુલાકાત અનુસુચિ દ્વારા માહિતી મેળવી રિપોર્ટ તૈયાર કર્યો.

નશીલા દ્રવ્યો અને વ્યસનમુક્તિ કેન્દ્રો અંગેનો

*નિવૃત્ત પ્રૉફેસર, સમાજશાસ્ત્ર, ગુજરાત યુનિ. તેમજ નિયામક, ઇન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ રીસર્ચ એન્ડ ડેવલમેન્ટ, આંબાવાડી, અમદાવાદ-૧૫

મારો તથા ધીરૂભાઈનો અમદાવાદ શહેરનો ૧૯૮૯નો અભ્યાસ હતો જ. ત્યારબાદ સૌરાષ્ટ્રના અફિણના સેવનનો પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવ્યો અને તે રીતે વ્યસન અથવા નશીલા દ્રવ્યોને લગતા અભ્યાસના એક નવા ક્ષેત્રમાં પ્રવેશવાની તક મને મળી. બ્રિટ્ટોની સંસ્થા (નાર્ક) સાથેનો સંબંધ પણ વધુ નજીકનો બન્યો. ત્યાં ચાલતી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અવારનવાર મુંબઈ જવું પડતું. આના ભાગરૂપે બેંકોક (થાઈલેન્ડ)માં ભરાએલી એક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પણ સંશોધક તરીકે ભાગ લેવાની તક મને મળી.

સૌરાષ્ટ્રના અફિણના સેવનને લગતો અભ્યાસ પૂરો થયા પછી મેં બ્રિટ્ટોને વિનંતી કરી કે મને અન્ય કોઈ સંશોધન માટે નાણાંકીય સહાય આપે. તેમણે મને નશીલા દ્રવ્યોને લગતા અન્ય કોઈ વિષય અંગે પ્રોજેક્ટ લેવા જણાવ્યું. મેં ગુજરાતનાં વ્યસનમુક્તિ કેન્દ્રોની રચના (સ્ટ્રક્ચર) અને તેમાં સલાહ માટે આવતા વ્યસનીઓનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું. પ્રસ્તુત અભ્યાસના ભાગરૂપે ગુજરાતના જુદા જુદા શહેરોમાં આવેલા વ્યસનમુક્તિ કેન્દ્રોની મુલાકાત લઈ તેમની પ્રવૃત્તિઓ અંગે જાણવાની તક મને મળી અને તેના આધારે ૧૯૯૬માં મેં તે અંગેનો રિપોર્ટ તૈયાર કર્યો.

નિવૃત્તિ બાદ સંશોધનને લગતી મારી પ્રવૃત્તિઓ ચલાવવા માટે મને સંશોધનને લગતી એક સંસ્થા શરૂ કરવાની જરૂર જણાઈ. અહીં પણ વિદ્યુત જોષીની સલાહ ઘણી ઉપયોગી થઈ. તેમણે મને ફાધર સેડ્રીક પ્રકાશને મળવા જણાવ્યું. ફાધર પ્રકાશ સેન્ટ ઝેવિયર્સ સંસ્થાના ભાગરૂપે રચનાત્મક કાર્યો કરનારી એક સંસ્થા 'સેન્ટ ઝેવિયર્સ સોસ્યલ સર્વિસ સોસાયટી' ચલાવતા હતા. તેમણે મને નવી સંસ્થા શરૂ કરવા માટે જરૂરી સાહિત્ય પૂરું પાડ્યું. તેમની સહાયથી મેં મારી સંશોધનની સંસ્થા જાન્યુઆરી ૧૯૯૬માં શરૂ કરી અને તેને ઇન્સ્ટિટ્યુટ ઓફ સોસ્યલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (આઇ.એસ.આર.ડી.) નામ આપ્યું. સંસ્થામાં મારા કામમાં સહકાર અને સલાહસૂચન આપે તેવી દસ વ્યક્તિઓને મેં ટ્રસ્ટી તરીકે પસંદ કરી. ફાધર પ્રકાશને મેં વિનંતી કરી અને તેઓએ પણ સંસ્થાના ટ્રસ્ટી તરીકે રહેવા તૈયારી બતાવી. તેમના સિવાય હું જેમના નજીકના સંબંધમાં હતો તેવા સમાજશાસ્ત્રના ત્રણ અધ્યાપકો, સોસ્યલવર્કના એક અધ્યાપક, એક વકીલ, એક સાયકિયાટ્રિસ્ટ, એક કોમ્પ્યુટર નિષ્ણાત, એક મેનેજમેન્ટના અધ્યાપક અને એક સામાજિક કાર્યકર્તાને મેં ટ્રસ્ટી તરીકે રહેવા વિનંતી કરી અને તેઓએ તે માટે તેમની સંમતિ આપી. ફાધર પ્રકાશે સંસ્થાની શરૂઆતમાં એક સંશોધન પ્રોજેક્ટ માટે નાણાકીય સહાય કરી. આ પ્રોજેક્ટ અમદાવાદના સ્લમ્સ વિસ્તારમાં નશીલા દ્રવ્યોનું સેવન કરનાર વ્યક્તિઓના કુટુંબ પર થતી અસર અંગેનો હતો અને એક રીતે તે નશીલા દ્રવ્યોના મારા અગાઉના અભ્યાસોના ભાગરૂપે જ હતો. પ્રસ્તુત અભ્યાસમાં જે કુટુંબોમાં કોઈ સભ્ય નશીલા પદાર્થનું સેવન કરતા હોય તેવાં ૫૦ કુટુંબો પસંદ કરી નશીલા પદાર્થોનું સેવન કરનાર ૫૦ સભ્યો અને તેમનાં ૫૦ સગાંઓ એમ કુલ ૧૦૦ ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. તેનો સંશોધન હેવાલ સંસ્થાના સભ્યો ચન્દ્રગુપ્ત સેનન, ધીરૂભાઈ દેસાઈ, ગૌરાંગ જાની અને સારીકા દવેના સહકારથી ઓક્ટોબર, ૧૯૯૭માં પૂરો કર્યો.

ફાધર પ્રકાશની સંસ્થા તરફથી મને બીજો સંશોધનનો પ્રોજેક્ટ ૧૯૯૭માં મળ્યો. આ પ્રોજેક્ટમાં અમદાવાદના નિકોલ, ઓઢવ, રખિયાલ અને નરોડા વિસ્તારના કેટલાક સ્લમ અને મીલની ચાલીઓમાં વસતા ૧૨૦૫ બંધ મીલના કારીગરો, અમદાવાદ બહારથી આવેલા (માયગ્રન્ટ) એવા ૩૦૨૭ કારીગરો અને ૬૧૬ બાળમજૂરો તથા શેરીમાં રખડતાં બાળકો મળીને કુલ ૩૬૮૨ કુટુંબોનો સર્વે કરવાનો હતો. પ્રસ્તુત અભ્યાસમાં મને ચન્દ્રગુપ્ત સેનનનો સહકાર મળ્યો હતો. તેમની મદદથી તેનો હેવાલ પણ સમયસર પૂરો કરી આપ્યો.

બ્રિટ્ટો તરફથી અન્ય કોઈ સંશોધન પ્રોજેક્ટ હતો નહિ. તેવે સમયે સેનન (જેઓ ગૂજરાત વિદ્યાપીઠમાં સામાજિક કાર્ય વિભાગમાં ભણાવતા હતા) તેમણે

વિદ્યાપીઠના એક વિભાગમાંથી કિશોરવયની કન્યાઓની રિપ્રોડક્ટીવ હેલ્થને લગતી સમસ્યાઓનો અભ્યાસ કરવા અંગેનો પ્રોજેક્ટ ૧૯૯૮માં મેળવી આપ્યો. સેનના સહકારથી પ્રસ્તુત પ્રોજેક્ટ અંગેની જરૂરી માહિતી મેળવી અને તે અભ્યાસ પણ પૂર્ણ કર્યો. (સંશોધન અભ્યાસના રિપોર્ટની કોપી ન મળવાથી તેના અંગેની વિગતો આપી શકાય તેમ નથી.)

ત્યારબાદ સમાજવિદ્યાભવનના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ વિમલ શાહ (જેઓ નિવૃત્ત થયા બાદ અમદાવાદની સ્પેસ એપ્લીકેશન સેન્ટર-ઈસરો-સંસ્થામાં કન્સલટન્ટ હતા) તેમણે ઈસરોમાં ચાલતા સંશોધન કાર્યોમાંથી મને મધ્યપ્રદેશના જાંબુઆ વિસ્તારમાં સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કામ કરતા સરકારી કર્મચારીઓ અંગેનો એક પ્રોજેક્ટ ૧૯૯૯માં મેળવી આપ્યો. પ્રસ્તુત પ્રોજેક્ટમાં સ્વાસ્થ્ય કર્મચારીઓને ટેલીવિઝન પ્રોગ્રામ દ્વારા આપવામાં આવતી તાલીમ અંગે તેમણે કેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું તે ચકાસવાનું હતું. આ પ્રોજેક્ટમાં મને સેનનનો સહકાર મળ્યો હતો. તેમની સાથે મધ્યપ્રદેશના ઝાંબુઆ જિલ્લાના સ્વાસ્થ્ય કર્મચારીઓની પાસેથી માહિતી એકત્ર કરી રિપોર્ટ તૈયાર કર્યો હતો.

મધ્યપ્રદેશ સરકાર દ્વારા તેમના જુદા જુદા વિભાગોના કર્મચારીઓના જ્ઞાનમાં વધારો કરવા માટે જે પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો તેમાં જે તે ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા કર્મચારીઓ માટે પ્રવચનો ગોઠવવામાં આવ્યાં હતાં. આ પ્રવચનો ટેલીવિઝન દ્વારા જુદા જુદા બ્લોકમાં રીલે કરવામાં આવતાં હતાં. આ બ્લોકમાં સરકારી કર્મચારીઓ (તાલીમાર્થીઓ) એ બે દિવસ હાજરી આપી પ્રવચનો સાંભળવાનાં હતાં. આ તાલીમાર્થીઓને શરૂઆતમાં એક પ્રશ્નાવલી આપવામાં આવી હતી. જેના દ્વારા તેમને તેમના વિષયનું કેટલું જ્ઞાન છે તે જાણવાનું હતું. પ્રવચનો પૂરાં થયા બાદ ફરી બીજી પ્રશ્નાવલી દ્વારા તેમના અગાઉના જ્ઞાનમાં કેટલો વધારો થયો છે તે જાણવાનું હતું. કુલ ૧૨ બ્લોકમાં ૩૩૦ સરકારી કર્મચારીઓએ પ્રસ્તુત પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.

અમારા બે દિવસના રોકાણ દરમિયાન અમે જુદા જુદા બ્લોકમાં ફરીને તાલીમાર્થીઓને પ્રોગ્રામ દરમિયાન બેસવાની જે સગવડ આપવામાં આળી હતી તેનું નિરીક્ષણ કર્યું. અમારી જાત તપાસ દ્વારા જાણવા મળ્યું કે આવા પ્રકારના પ્રોગ્રામ માટે જે પૂર્વ તૈયારી જોઈએ તે યોગ્ય રીતે થઈ શકી ન હતી અને તાલીમાર્થીઓ પાસેથી મેળવેલી માહિતી ઘણી મર્યાદિત અને ખામી ભરેલી હતી. સરકારી ખાતાઓમાં સંશોધન ક્ષેત્રે કેટલી ઓછી કાળજી રાખવામાં આવે છે તેનો અમને પ્રત્યક્ષ અનુભવ થયો. ઈસરો દ્વારા જાંબુઆના સ્વાસ્થ્ય કર્મચારીઓના અભ્યાસ દરમિયાન બ્રિટ્ટો તરફથી અમદાવાદમાં નશીલા દ્રવ્યોની હેરાફેરી અંગેનો એક રિપોર્ટ તૈયાર કરવા નાણાકીય સહાય મળી. આ સંદર્ભમાં ત્રીજા આંતરરાષ્ટ્રીય પરિસંવાદ (જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી, નવી દિલ્હી ખાતે) ઓક્ટોબર ૧૯૯૯માં એક પેપર રજૂ કર્યું, જેમાં ગુજરાતમાં વર્તમાન સામાજિક-રાજકીય પરિવર્તનના સંદર્ભમાં નશીલા દ્રવ્યોની હેરાફેરીની સમસ્યાને તપાસવામાં આવી હતી.

મારી સંશોધનની સંસ્થાના એક ટ્રસ્ટી અને મારી ભૂતપૂર્વ વિદ્યાર્થીની સારીકા દવેના સંપર્કને લઈને અમદાવાદની 'સીડ' (સોસાયટી ફોર એજ્યુકેશન, એમ્પાવમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ)ના નિયામક જાવેદ અમીર દ્વારા ગુજરાતની લઘુમતિ (મુખ્યત્વે મુસ્લીમ) શિક્ષણની સંસ્થાઓ (અમદાવાદ અને બનાસકાંઠા વિસ્તારમાં આવેલી)ની સમસ્યા તપાસવા માટે નાણાકીય સહાય મળી. આ સંસ્થાના કર્મચારીઓની મદદથી એક સર્વે ૨૦૦૦-૨૦૦૧માં કરવામાં આવ્યો. જેમાં આવી શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા આચાર્યોને આવરી લેવામાં આવ્યા હતા. તેને લગતો રિપોર્ટ અંગ્રેજી (તથા ગુજરાતી ભાષાંતર)માં તૈયાર કરવામાં આવ્યો હતો.

બ્રિટ્ટો સાથેનો મારો સંબંધ ચાલુ જ હતો. તેઓ તેમની સંસ્થા (નાર્ક)માં જે પ્રવૃત્તિઓ/સંશોધનો ચાલતાં તેમાં મને સામેલ કરવાનો પ્રયત્ન તેઓ સતત કરતા. ૨૦૦૧માં તેમણે અમદાવાદમાં નશીલા દ્રવ્યોના સેવનને

લગતો એક ઝડપી સર્વે (રેપીડ એસેસમેન્ટ સર્વે) કરવા માટેની નાણાકીય સહાય આપી હતી. જેનો રિપોર્ટ નાર્કના અન્ય કર્મચારીઓ (મોલી ચાર્લ્સ અને ગેબ્રીઅલ બ્રિટ્ટો)ની મદદથી અમે તૈયાર કર્યો હતો. આજ સમયે બ્રિટ્ટોએ સંસ્થા માટે કોમ્પ્યુટર પણ મોકલી આપ્યું, જેથી સંસ્થાનું કામ સરળ બન્યું.

જાવેદ અમીર (સીડ સંસ્થાના નિયામક) સાથે કામ કરવાની તેમના દ્વારા 'મહિલા પેચવર્ક' નામની મુસ્લીમ સંસ્થા સાથે કામ કરવાની તક મળી. આ સંસ્થામાં જોડાએલી મહિલાઓનો એક સર્વે કરવા માટે મને નાણાકીય સહાય મળી હતી અને તેના આધારે મેં એક રિપોર્ટ ૨૦૦૧માં તૈયાર કરી આપ્યો હતો.

૨૦૦૧નો ધરતીકંપ થયો તેમાં સદ્‌ભાગ્યે મારી ઑફિસને કોઈ ખાસ નુકસાન થયું નહિ, પણ મકાનમાં કોઈ કોઈ જગ્યાએ તિરાડ પડવાથી મકાનને રીપેર કરાવવાની જરૂર હતી તેથી ફરી એકવાર નવા મકાનની શોધ કરવાની જરૂર પડી. દરમિયાન વિદ્યુતભાઈ જોષી સાથે મુલાકાત થતાં તેમણે જણાવ્યું કે તેમની પોતાની સંસ્થા 'ઇસાર' જે જીવરાજપાર્ક વિસ્તારમાં આવેલી હતી ત્યાં તેઓ મને ઑફિસ માટે જગ્યા આપી શકે તેમ છે. તેથી મેં ઑફિસ ત્યાં ખસેડી. 'ઇસાર' સંસ્થાનું ભાડુ પણ અગાઉથી ઑફિસના ભાડા જેટલું જ હતું. વળી, અહીં વિદ્યુતભાઈનાં મીસીસ જયશ્રીબહેનની પણ ઑફિસ હતી. તેથી ટેલીફોન અને ચ્હા-પાણીની સગવડ પણ મળી રહેતી.

૨૦૦૧ના ધરતીકંપ પછી ધરતીકંપની અસરો અને ધરતીકંપના અસરગ્રસ્તો માટે જે સહાય સરકાર તથા ખાનગી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવી તેને લગતા અભ્યાસો કરવાની તક મળી. ૨૦૦૨માં મુંબઈની સ્વૈચ્છિક સંસ્થા 'સ્વયંશિક્ષણ પ્રયોગ' (જે બ્રિટ્ટોનાં મીસીસ પ્રેમા ગોપાલન ચલાવતાં હતાં) દ્વારા કચ્છ અને સૌરાષ્ટ્રનાં ગામડાઓમાં ધરતીકંપના અસરગ્રસ્તોનો સર્વે કરવાનો પ્રોજેક્ટ મળ્યો. બ્રિટ્ટો અને તેમની સંસ્થાના કેટલાક સામાજિક કાર્યકર્તાઓ પણ આ પ્રોજેક્ટમાં સામેલ હતા. પ્રસ્તુત પ્રોજેક્ટ અગાઉના પ્રોજેક્ટો કરતાં એ રીતે જુદો હતો કે તેમાં ધરતીકંપ દ્વારા અસર પામેલાં મકાનોનું સમારકામ કેવી રીતે થઈ રહ્યું હતું તે તપાસવાનો પણ ખ્યાલ હતો અને તેટલે અંશે આ અભ્યાસ એન્જિનીયરીંગના પાસાને લગતો પણ હતો. મેં ફક્ત સામાજિક અસરો અને અસરગ્રસ્તોની સામાજિક-આર્થિક પાર્શ્વભૂમિકાને લગતો જ રિપોર્ટ તૈયાર કર્યો હતો.

૨૦૦૧ના ધરતીકંપની અસર તપાસવા માટે ૨૦૦૨માં બીજો એક પ્રોજેક્ટ 'વિકાસ અધ્યાપન કેન્દ્ર' નામની સ્વૈચ્છિક સંસ્થા (જે સોફિયા ખાન નામનાં સામાજિક કાર્યકર બહેન ચલાવે છે) દ્વારા મળ્યો હતો. પ્રસ્તુત પ્રોજેક્ટમાં કચ્છના માલીયા તાલુકા (જેમાં મુસ્લિમ કુટુંબોની સંખ્યા સારી એવી છે)ને લગતો હતો. રાહતની કામગીરીમાં મુસ્લિમ કુટુંબો પ્રત્યે ભેદભાવ રાખવામાં આવ્યો હતો. તેવી ફરિયાદને આધારે આ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

૨૦૦૩માં ફરીથી આજ વિસ્તારનો અભ્યાસ 'વિકાસ અધ્યયન કેન્દ્ર' તરફથી કરી આપવા માટેનો પ્રસ્તાવ આવ્યો અને તે અભ્યાસનો રિપોર્ટ 'ભેદભાવ હજુ પણ ચાલુ છે' એવા મથાળા હેઠળ રજૂ કરવામાં આવ્યો હતો. અભ્યાસને અંતે જોવા મળ્યું કે ભેદભાવ બે કક્ષાએ થતો હતો (૧) ગામની અંદર પ્રભાવશાળી જ્ઞાતિઓ સરકાર દ્વારા મળતી સહાયનો લાભ મોટા પ્રમાણમાં મેળવતી અને બિનપ્રભાવી જ્ઞાતિઓ તેનાથી વંચિત રહેતી, (૨) ગામોના સંદર્ભમાં જે ગામો મુખ્ય રસ્તાઓથી નજીક હતાં તેઓ વધારે સગવડ અને લાભ પ્રાપ્ત કરતાં. દૂરના વિસ્તારમાં આવેલાં ગામડાંઓ વંચિતતા અનુભવતાં હતાં.

સૌરાષ્ટ્ર-કચ્છમાં ધરતીકંપને લઈને ઘણાં મકાનો ધરાશાયી થયાં હતાં અને ઘણી વ્યક્તિઓને શારીરિક ઈજા થઈ હતી. આ સમસ્યા અંગેની માહિતી મેળવવા 'સ્નેહ સમુદાય' નામની સંસ્થા દ્વારા અભ્યાસ કરવાનું આમંત્રણ ૨૦૦૩માં મળતાં ગ્રામ્ય વિસ્તારોના પાંચ તાલુકા (માંડવી, ભૂજ, મુન્દ્રા, લખપત અને

નખત્રાણા)નાં કુટુંબોનો સર્વે કરી ૪૫૭૮ અપંગ વ્યક્તિઓની માહિતીના આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. અભ્યાસના અંતે જોવા મળ્યું કે શારીરિક રીતે અપંગ વ્યક્તિઓ ધરતીકંપને લઈ અપંગ બની ન હતી. કારણ કે ગ્રામીણ વિસ્તારમાં માટીનાં મકાનો હોવાથી શારીરિક ઈજા પ્રમાણમાં મોટા પાયા પર થઈ ન હતી.

કચ્છ અને સૌરાષ્ટ્રમાં ૨૦૦૧માં જે ધરતીકંપ થયો તેના પછીના વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં મોટા પાયા પર કોમી તોફાનો થયાં, જેનું કારણ ગોધરા સ્ટેશને આવેલી સાબરમતી એક્સપ્રેસ ટ્રેન જેમાં અયોધ્યાથી પાછા ફરતા કાર-સેવકોના ડબ્બાને મુસ્લિમોના ટોળા મારફતે આગ લગાડવામાં આવી હતી. પરિણામે ૫૭ જેટલા કાર-સેવકો મૃત્યુ પામ્યા હતા. મુસ્લિમ-વિરોધી આ કોમી તોફાનોમાં અમદાવાદ સહિત ગુજરાત રાજ્યનાં અનેક શહેરો અને ગામડાઓમાં મોટા પ્રમાણમાં જાનહાની થઈ અને માલમિલકતને નુકસાન થયું.

અસરગ્રસ્ત કુટુંબો (મુખ્યત્વે મુસ્લિમ કોમના)ને નુકસાન થયું. રાહત આપવા રાહત છાવણીઓની રચના કરવામાં આવી. આ કાર્યમાં ગુજરાતની ૩૯ સ્વૈચ્છિક સંસ્થાઓ જોડાઈ, જેઓ સીટીજન્સ ઈનીશીએટીવ્યના નામે ઓળખાતી હતી. તેમાં સેન્ટ ઝેવિયર્સ સોસ્યલ સર્વિસ સોસાયટી પણ હતી. તે વખતે સંસ્થાના નિયામક ફાધર વિક્ટર મોઝીઝ હતા. તેમણે મને અમદાવાદની રાહત છાવણીઓમાં આવેલા આશ્રિતોનો એક સર્વે કરવા નાણાકીય સહાય કરી અને તે દ્વારા કુલ ૪૫ માંથી ૧૭ રાહત છાવણીઓના ૩૬૫ આશ્રિતોનો અભ્યાસ કરવામાં આવ્યો. રાહત છાવણીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં આવેલી હતી. તેવી જગ્યાએથી માહિતી એકત્ર કરવી ઘણું જોખમ ભરેલું હતું. પણ જુદાં જુદાં સ્વૈચ્છિક સંગઠનોના સહકારથી તે કાર્ય પૂરું કરવામાં આવ્યું હતું અને તેના આધારે અંગ્રેજીમાં રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. થોડા જ સમયમાં તેનું ગુજરાતી ભાષાંતર પણ કરવામાં આવ્યું હતું.

અભ્યાસ દ્વારા જાણવા મળ્યું કે કુલ ૩૬૫ અસરગ્રસ્ત કુટુંબોમાં મુસ્લિમ સમુદાયનાં કુટુંબોની સંખ્યા વધારે (૩૩૨) હતી. હિન્દુ કુટુંબો પણ હિંસાનો ભોગ બન્યાં હતાં, પણ તેમની સંખ્યા પ્રમાણમાં ઓછી (૩૩) હતી.

કોમી રમખાણો બાદ તેની અસરો અંગેના અનેક અભ્યાસો અને લખાણો ચાલુ રહ્યાં હતાં. 'કેર ઇન્ડિયા' નામની આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા (અવાજ સંસ્થાના સહયોગથી) શિક્ષિત વર્ગનો પ્રતિભાવ કેવો છે તે જાણવાનો પ્રયત્ન થયો હતો. તેના અનુસંધાનમાં મારી સંસ્થાને 'નાગરિક સમાજની નિસ્બત' અંગે એક અભ્યાસ કરવા નાણાકીય સહાય આપવામાં આવી. પ્રસ્તુત અભ્યાસ દ્વારા ગુજરાતનાં પાંચ શહેરો (અમદાવાદ, ભાવનગર, ગોધરા, પાલનપુર અને નસવાડી)ના કૉલેજો/યુનિવર્સિટીના શિક્ષકો, ડૉક્ટર્સ, એન્જિનીયર્સ, જર્નાલીસ્ટ, વકીલો અને સામાજિક કાર્યકરોને અભ્યાસમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. દરેક વ્યવસાયિક જૂથમાંથી ૧૦૦ ઉત્તરદાતાઓ પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી મેળવવાની હતી. અભ્યાસને અંતે કુલ ૬૧૦ ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવી હતી. તેમાં ૮૫ જર્નાલિસ્ટ ૧૦૧ સામાજિક કાર્યકરો અને બાકીના (શિક્ષકો, ડૉક્ટર્સ, એન્જિનીયર્સ અને વકીલોના જૂથમાંથી દરેકના ૧૦૬ મળીને કુલ ૪૨૪) ઉત્તરદાતા પાસેથી માહિતી મેળવી હતી. આમ, કુલ ૬૧૦ ઉત્તરદાતાઓની માહિતીના આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

કોમી રમખાણો જેવી સંવેદનશીલ સમસ્યા અંગે જાગૃત નાગરિકોની નિસ્બત (સોસ્યલ ઍંગેજમેન્ટ) સામાન્ય રીતે વધારે હોવી જોઈએ/હોઈ શકે. આવી માન્યતાના આધારે પ્રસ્તુત અભ્યાસમાં જેમને પ્રોફેસનલ્સ તરીકે ઓળખવામાં આવે છે અને જેઓ તેમના ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રકારના શિક્ષણને લઈને ઉચ્ચ દરજ્જો અને વધારે આવક ધરાવે છે તેમને પસંદ કરવામાં આવ્યા હતા.

અભ્યાસના અંતે જોવા મળ્યું કે ઉત્તરદાતાઓએ

આધુનિક વિજ્ઞાન આધારિત ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલું છે. તેઓ તેમના પ્રાપ્ત દરજ્જા આધારિત સેક્યુલર જૂથો/સમુદાયો પ્રત્યે વફાદારી ધરાવે છે. પણ તેમના અર્પિત દરજ્જા આધારિત જ્ઞાતિ/કોમ/સંપ્રદાય/ધર્મ આધારિત જૂથો પ્રત્યેની વફાદારી પણ ચાલુ છે.

**અવાજ (અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રુપ) સંસ્થા સાથેનો સહયોગ**

આદિવાસી સમાજમાં કેટલીક સ્ત્રીઓને ડાકણ તરીકે ગણાવીને તેમની કાં તો હત્યા કરવામાં આવે છે અથવા તેમને સમાજમાંથી બહિષ્કૃત કરવામાં આવે છે. આ પ્રથાને સમજવા માટે ઈલાબેન એક સંશોધન કરવા માગતાં હતાં. મારા યુનિવર્સિટીના એક સહઅધ્યાપક જયંતિભાઈ પટેલ દ્વારા મારી ઓળખાણ ઈલાબેન સાથે થઈ અને તેમણે મને ડાકણને લગતા અભ્યાસમાં જોડાવા જણાવ્યું. મેં તેમનું નિમંત્રણ સ્વીકાર્યું અને તે અંગેની રીસર્ચ પ્રપોઝલ તૈયાર કરી સરકારના આદિવાસી વિભાગને મોકલી આપી. શરૂઆતમાં ફરજ પરના અધિકારીનો અભિગમ ઘણો હકરાત્મક હતો. પણ ત્યારબાદ તે પ્રોજેક્ટ માટેની મંજૂરી અમને મળી નહિ. પણ અવાજ સંસ્થા સાથેનો મારો સંબંધ ચાલુ રહ્યો. અવાજની શિબિરોમાં પણ મને ભાગીદાર થવાની તક ઈલાબેન આપતાં.

૨૦૦૨નાં કોમી રમખાણો પછી બૌદ્ધિકોની સામાજિક નિષ્ઠા/નિસ્બત અંગેનો અભ્યાસ અવાજના સહયોગથી અમે પૂરો કર્યો. કોમી રમખાણોને લગતો બીજો અભ્યાસ 'રાહત છાવણીઓના આશ્રિતો'ને લગતો મેં સેન્ટ ઝેવિયર્સ સોસ્યલ સર્વિસ સોસાયટીની નાણાકીય સહાયથી કર્યો. આ પ્રોજેક્ટના નિયામક ફાધર વિક્ટર મોઝીઝ પછી તે સંસ્થામાં ફાધર પોલ ડિસોઝા નિયામક તરીકે આવ્યા. તેમણે પણ મને તેમની સંસ્થાની પ્રવૃત્તિઓને લગતા અભ્યાસો માટે નાણાકીય સહાય આપવાનું ચાલુ રાખ્યું. ૨૦૦૫માં સેન્ટ ઝેવિયર્સ સોસ્યલ સર્વિસ સોસાયટી દ્વારા જ સ્લમ વિસ્તારમાં શિક્ષણ, વ્યવસાય અને નાગરિક સગવડો અંગે રચનાત્મક કાર્ય ચાલતું હતું તેને લગતી જે માહિતી સંસ્થાએ એકત્ર કરી હતી તેનું વિશ્લેષણ કરવા મને જણાવ્યું અને મેં તે પૂર્ણ કર્યું.

૨૦૦૫માં અવાજ સંસ્થા દ્વારા રાપર વિસ્તારની પછાત ગણાતી કોમોમાં સ્ત્રીઓના દરજ્જાને પ્રતિકૂળ રીતે અસર કરે તેવા રિતરિવાજોને લગતો એક વર્ણનાત્મક અહેવાલ તૈયાર કરવા મને જણાવવામાં આવ્યું અને તે સંદર્ભમાં મેં 'બોન્ડઝ ઓવ સબસર્વિયન્સ ઓવ્ વિમેન ઓવ્ વિકર સેક્શન ઓફ રાપર' નામનો રિપોર્ટ તૈયાર કર્યો.

૨૦૦૭માં સ્વાવલંબન ટ્રસ્ટ નામની સંસ્થા (જેમાં સંસ્થાના વસંત કાન્ત જોડાએલા હતા) દ્વારા કુષ્ટરોગના દર્દીઓ જેઓ સંસ્થાના લાભાર્થી હતા તેમનો એક સર્વે કરવા સંસ્થાના નિયામક પ્રવિણ પંડ્યા દ્વારા આમંત્રણ મળ્યું અને તે પ્રોજેક્ટના ભાગરૂપે કુષ્ટરોગીઓ અને તેમનાં કુટુંબીજનોમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું હતું તે તપાસવામાં આવ્યું.

અવાજ સંસ્થા સાથેના સહયોગથી અમદાવાદના મજૂર વિસ્તારના કારીગરોનાં કુટુંબોમાંથી શાળાએથી ઊઠી જનાર છોકરા/છોકરીઓનો અભ્યાસ કરવામાં આવ્યો. આ અભ્યાસ દ્વારા જાણવા મળ્યું કે છોકરાની સરખામણીમાં છોકરીઓને શાળાએથી જલ્દી ઉઠાડી મૂકવામાં આવે છે. કારણ કે તેમની જાતીય સતામણી થવાનો ભય વધારે હોય છે. છોકરાઓને ઉઠાડી મૂકવાનાં કારણમાં એક અગત્યનું કારણ એ છે કે તેમને ઘરના/સગાના ઘરના વ્યવસાયમાં નાની ઉંમરથી તાલીમ માટે મોકવામાં આવે છે.

આપઘાત કરતી વ્યક્તિઓના કિસ્સાઓમાં ઘરેલુ હિંસાને કારણે (ખાસ કરીને દહેજના રિવાજને લઈને) સ્ત્રીઓ વધારે સંખ્યામાં આપઘાત કરે છે એવા છાપામાં આવતા સમાચારોના આધારે અવાજે ગુજરાતમાં થએલા આત્મહત્યાના કિસ્સાઓનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું. પ્રસ્તુત અભ્યાસ કરવાનું બીજું કારણ એ હતું કે ગુજરાતનાં જાણીતાં સામાજિક કાર્યકર પુષ્પાબેન મહેતાએ

૧૯૬૪માં આ જ પ્રકારનો અભ્યાસ કરાવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસ ૧૯૬૦-૬૪ દરમ્યાન થયેલા આત્મહત્યાના કિસ્સાઓ પર આધારિત હતો. તેમના આ અભ્યાસને ૫૦ વર્ષ થવા આવ્યાં હોવાથી ફરીથી આ જ પ્રકારનો અભ્યાસ કરવાનું ઈલાબેને નક્કી કર્યું. ઈલાબેન તથા સંસ્થાનાં અન્ય સભ્ય નલીનીબેન ત્રિવેદી (જેઓ એચ.કે. આર્ટ્સ કૉલેજમાં સમાજશાસ્ત્રનાં અધ્યાપિકા હતાં) સાથે અમે ત્રણેયે ગુજરાત રાજ્યના ચાર જિલ્લાઓ-અમદાવાદ, સુરત, જુનાગઢ અને ભાવનગરના પોલીસ સ્ટેશનોમાં ૨૦૦૪ અને ૨૦૦૫ દરમિયાન આત્મહત્યાના જે કિસ્સાઓ નોંધાયા હતા તેનું પૃથક્કરણ કરવાનું નક્કી કર્યું. આ રીતે કુલ ૩૧૫૦ કિસ્સાઓ અંગે માહિતી મળી.

આ ઉપરાંત આત્મહત્યા કરનારી ૪૧ વ્યક્તિઓના અંગત સંબંધીઓની મુલાકાત લીધી તેમજ ખાનગી તથા સરકાર દ્વારા ચાલતાં સલાહ કેન્દ્રોમાંથી આત્મહત્યા કરતાં બચી ગઈ હોય તેવી ૧૫ સ્ત્રીઓની પણ મુલાકાત લીધી.

આત્મહત્યા કરનાર કાં તો મહ્‌દઅંશે પોતે જવાબદાર હોય છે અથવા વ્યક્તિ/સંસ્થા/રિવાજના દબાણને લીધે આત્મહત્યા કરે છે. પ્રસ્તુત અભ્યાસનાં અનેક તારણોમાંનું એક તારણ એ હતું કે પોતે જવાબદાર હોય તેવા પ્રકારની આત્મહત્યા પુરુષોમાં વધારે હોય છે. જ્યારે અન્ય પરિસ્થિતિના દબાણને લઈને આત્મહત્યા કરનારમાં સ્ત્રીઓની સંખ્યા વધારે હોય છે. જે દબાણ ઉત્પન્ન કરે છે તે પિતૃસત્તાની પદ્ધતિની મજબૂત અને કઠોર પકડ પહેલાં હતી તેવી અત્યારે પણ છે અને તેનો ભોગ સ્ત્રીઓ પહેલાં બનતી હતી તેવી અત્યારે પણ બને છે. અવાજ જેવી નારીવાદી સંસ્થાઓ દ્વારા આત્મહત્યા કરતી સ્ત્રીઓને મદદ આપવા પ્રયત્નો કરીને આત્મહત્યાનું પ્રમાણ ઘટાડવાના પ્રયત્ન કરે છે. આત્મહત્યા અંગેના પ્રસ્તુત અભ્યાસનો રિપોર્ટ 'લાઈફ સ્નફડ આઉટ' નામે પ્રસિદ્ધ કરવામાં આવ્યો. તેનું ગુજરાતી ભાષાંતર 'ઓલવાએલા દિવા' શિર્ષક હેઠળ બહાર પાડવામાં આવ્યું. ભાષાંતરનું કામ મુખ્યત્વે નલીનીબેન ત્રિવેદીએ પૂરું કર્યું.

અવાજ અને સેન્ટ ઝેવિયર્સ સોસ્યલ સર્વિસ સોસાયટી સાથેના સહયોગથી બન્ને સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું ચાલુ હતું, પણ સંશોધન ક્ષેત્રે પ્રમાણમાં મારા પક્ષે શૂન્યાવકાશ હતો તે વખતે વિદ્યુતભાઈ જોષી તરફથી 'અમદાવાદની મિલોમાં લવાદની પદ્ધતિના ઉપયોગ' પર એક અભ્યાસ હાથ ધરવા માટે આમંત્રણ મળ્યું. પ્રસ્તુત અભ્યાસ એક વિશાળ અભ્યાસનો ભાગ હતો. મનુષ્ય સમાજમાં જે સંઘર્ષો ચાલે છે તેને દૂર કરીને શાંતિમય (હારમોનીયસ) વાતાવરણ ઉત્પન્ન કરવા માટે જુદા જુદા પ્રયાસો જુદાજુદા ક્ષેત્રોમાં થયા છે તેના એક ભાગરૂપે/ઉદાહરણરૂપે ગાંધીજી દ્વારા અમદાવાદની કાપડની મીલોના કારીગરો અને મિલમાલિકો વચ્ચેના સંઘર્ષને મિટાવવા ગાંધીજીએ નિર્દેશેલી લવાદની પદ્ધતિનું મૂલ્યાંકન મારે કરવું તેવો પ્રસ્તાવ વિદ્યુતભાઈ જોષીનો હતો. મેં તે પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને કાપડની મીલોમાં ૧૯૨૦માં મજૂર મહાજનની સ્થાપના થઈ ત્યારથી માંડીને ૨૦૧૦ સુધી લવાદની પદ્ધતિ દ્વારા ઔદ્યોગિક ઝગડાઓનો ઉકેલ કઈ રીતે લાવવામાં આવ્યો તેનું પૃથક્કરણ મજૂર મહાજન સંઘ દ્વારા આવા કિસ્સાઓની જે નોંધ રાખવામાં આવી હતી તેના આધારે કર્યું અને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો.

અભ્યાસને અંતે જોવા મળ્યું કે ગાંધીજીએ દર્શાવેલી લવાદની પદ્ધતિ અમદાવાદનાં જુદાં જુદાં વેપારી મહાજનો દ્વારા તેમના આંતરીક પ્રશ્ના/સંઘર્ષોને હલ કરવા ઘણા જૂના સમયથી વપરાતી હતી. વેપારીઓ જેઓ મુખ્યત્વે વણીક/જૈન વણીક જ્ઞાતિના હતા તેઓની ધાર્મિક માન્યતામાં અહિંસાનું મૂલ્ય મહત્ત્વનું હતું જે લવાદની પદ્ધતિને માફક આવે તેવું હતું. કાપડની મીલોના નવા ઉદ્યોગમાં પણ આ જ વણીક/જૈન વણીક મીલ માલિકોની સંખ્યા મોટા પ્રમાણમાં હતી. તેઓ માટે ગાંધીજીની લવાદની પદ્ધતિ સ્વીકારવાનું સરળ હતું. બીજી બાજુ મીલ કારીગરો મોટે ભાગે નિમ્નજ્ઞાતિના હતા. તેઓ પ્રમાણમાં ઓછું ભણેલા કે અભણ હતા. સામાજિક રીતે તેઓ પ્રમાણમાં ઓછા સભાન હતા. રાજકીય સ્તરે

ગાંધીજીની જે ભૂમિકા હતી તેથી તેઓ અંજાએલા હતા અને નિમ્નજ્ઞાતિમાં જે વડીલશાહીનું મૂલ્ય સ્વીકારવાની ટેવ હતી તેથી તેઓ ગાંધીજીની લવાદની પદ્ધતિ સ્વીકારવા તૈયાર હતા. ગાંધીજીએ શરૂ કરેલા મજૂરમહાજન સંઘમાં મીલ કારીગરોને ઉપલી કક્ષાએ કોઈ સ્થાન ન હતું. વળી, મજૂરમહાજન સંઘ દ્વારા અસ્પૃશ્યતાનો વિરોધ કરવામાં આવતો પણ જ્ઞાતિ આધારિત તફાવતો દૂર કરવા પર ભાર મૂકવામાં આવ્યો ન હતો. તેથી કારીગરો પોતાના જ્ઞાતિ/પેટા જ્ઞાતિ અને ધર્મ સંપ્રદાયના વાડામાં જીવન જીવતા. લવાદી પદ્ધતિથી કારીગરોના મીલમાલિકો સાથેના પ્રશ્નોનો ઉકેલ આવતો હતો પણ સામુહિક સોદાગીરીની પદ્ધતિનો વિકાસ થયો નહિ અને કારીગરો મજૂર મહાજનના ઉચ્ચકક્ષાના કર્મચારીઓ પર આધારીત રહ્યા. તે સિવાય મીલોમાં રોજબરોજના જે પ્રશ્નો ઉત્પન્ન થતા તેનો ઉકેલ લાવવા માટે પણ કારીગરોએ પોતાના પ્રતિનિધિઓ પર આધાર રાખવો પડતો હતો. અંતે લવાદની પદ્ધતિ હોવા છતાં મોટાભાગની મીલો બંધ થઈ અને કારીગરોને બેકાર બનવું પડ્યું.

સમગ્ર રીતે જોતાં લવાદની પદ્ધતિનાં હકારાત્મક પાસાં કરતાં નકારાત્મક પાસાં વધારે જોવા મળ્યાં.

ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના એક સમયના અધ્યક્ષ તારાબહેન પટેલના અવસાન પછી તેમના નામે તારાબહેન નારણભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ શરૂ કરવામાં આવ્યું હતું. તેના વહીવટકર્તામાં વિમલભાઈ શાહ (જેઓ તારાબેન પછી વિભાગના અધ્યક્ષ બન્યા હતા અને જેમની સાથે મેં તે જ વિભાગમાં અધ્યાપક તરીકે કામ કર્યું) હતા. તારાબહેનના માર્ગદર્શન હેઠળ મેં અમદાવાદના મીલ ઉદ્યોગમાં કામ કરતા કારીગરોનાં ટ્રેડ યુનિયનોના નેતાઓનો અભ્યાસ મારી પીએચ.ડી.ડિગ્રીના ભાગરૂપે કર્યો હતો. સમાજશાસ્ત્ર વિભાગમાં મેં વર્ષો સુધી ઔદ્યોગિક સમાજશાસ્ત્ર ભણાવ્યું હતું. આ પાર્શ્વભૂમિકામાં વિમલભાઈએ મને ગુજરાતના ઔદ્યોગિક કારીગરો સંબંધી પ્રાપ્ય માહિતીના આધારે એક મોનોગ્રાફ તૈયાર કરવા તારાબહેનના નામે ચાલતા ટ્રસ્ટમાંથી નાણાંકીય સહાય આપી અને તે દ્વારા મેં ૧૯૬૦ થી ૨૦૧૦ના સમયગાળામાં ગુજરાતના ઔદ્યોગિક કારીગરોમાં આવેલ પરિવર્તનને સમજવાનો પ્રયત્ન કર્યો. અભ્યાસના અંતે મને જોવા મળ્યું કે ગુજરાતના ઔદ્યોગિક કારીગરોના મુખ્યત્વે બે વિભાગ પાડી શકાય છે : (૧) મીલ કામદારો (જેમાં મુખ્યત્વે અમદાવાદના મીલ કામદારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.) (૨) મીલ કામદારો સિવાયના કારીગરો (જેમાં મોટા પ્રમાણમાં અસંગઠિત ઉદ્યોગોના કારીગરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો) જેના અંગે લેખિત માહિતી હોય તેવા જ કારીગરોને અભ્યાસમાં સમાવ્યા હોવાથી જેમના અંગે કોઈ લેખિત માહિતી નથી એવા ઘણા ઉદ્યોગોના કારીગરોને અભ્યાસમાં સમાવી શકાયા ન હતા. પ્રસ્તુત અભ્યાસમાં તેમજ લવાદને લગતા અભ્યાસમાં હરીશભાઈ જોષી (જેઓ જીઆઈડીઆરમાં સંશોધક મદદનીશ હતા)ની ઘણી મદદ મળી. તેમણે ઈન્ટરનેટ પર મળતી કારીગરો અંગેની વિવિધ માહિતી મેળવી આપી હતી.

ઔદ્યોગિક કારીગરો અંગે સંશોધન કરનારાના સંદર્ભમાં એ જોવા મળ્યું હતું કે શરૂઆતના અભ્યાસો મુખ્યત્વે શિક્ષણના ક્ષેત્રે કામ કરતા વિદ્વાનો દ્વારા કરવામાં આવ્યા હતા. તેઓ પ્રમાણમાં વધારે તટસ્થ હોવાથી તેમના રિપોર્ટમાં કારીગરોના પ્રશ્નો પ્રત્યેની નિસ્બત ઓછી જોવા મળતી હતી. સમય જતાં અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આવા કારીગરોના અભ્યાસો થવા લાગ્યા. જેમાં સંશોધનકર્તા કારીગરોની સમસ્યાઓ પ્રત્યે હમદર્દી દર્શાવી તેના નિરાકરણ માટે પણ પ્રયત્નો કરતા. પરિણામે આવા અભ્યાસો કારીગરોની સમસ્યાઓને વધારે વ્યાપક અને ઊંડાણપૂર્વક સમજાવતા.

લવાદની પદ્ધતિને લગતો મારો ઉપરોક્ત અભ્યાસ તથા ગુજરાતના ઔદ્યોગિક કારીગરો અંગેનો અભ્યાસ બંને એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા અને મારાં અધ્યાપનનાં વર્ષો દરમિયાન ઔદ્યોગિક સમાજશાસ્ત્ર

મેં ઘણા લાંબા સમય સુધી રસપૂર્વક ભણાવ્યું હતું. તે આ બંને અભ્યાસો માટે વૈચારિક સૈદ્ધાંતિક ભૂમિકા પૂરી પાડતા હતા. તે દૃષ્ટિએ આ બન્ને અભ્યાસોના રિપોર્ટ લખવામાં મારી ભૂતકાળની તાલીમ મને ઘણી કામ લાગી.

હાલમાં મારી પાસે કોઈ પ્રોજેક્ટ હાથ પર નથી, પણ ભૂતકાળમાં જે પ્રોજેક્ટો મળતા રહ્યા તેમ હવે પછીના દિવસોમાં તે પ્રક્રિયા ચાલુ રહેશે એવી મારી આશા છે.

અત્યાર સુધી (નિવૃત્તિનાં ૨૩ વર્ષ દરમિયાન) સંશોધન ક્ષેત્રે જે કામગીરી કરવાની તક મળી તેના આધારે નીચેનાં નિરીક્ષણો નોંધું છું :

૧. સમાજશાસ્ત્રના અધ્યાપનનાં વર્ષો દરમિયાન સંશોધનકાર્ય મારી ભૂમિકાનું ગૌણ પાસુ હતું. તેમ છતાં અધ્યયન અને અધ્યાપન બન્ને પ્રવૃત્તિ દરમિયાન સંશોધનની પ્રક્રિયા સાથેનો મારો સંબંધ સતત ચાલુ જ હતો. સમાજશાસ્ત્રના બી.એ.ના વર્ષથી સૌરાષ્ટ્રના મહુવા ટાઉનની કુટુંબ વ્યવસ્થા અંગેના પ્રોજેક્ટમાં ત્રણ વર્ષ આઈ.પી.દેસાઈ સાથે કામ કરવાની તક મળી તે જેટલી આકસ્મિક હતી તેટલી જ લાંબા ગાળાની અસર પહોંચાડનારી હતી. સમાજશાસ્ત્રના અભ્યાસની શરૂઆતથી આ તક મને મળી તેથી સંશોધન માટેની મહત્ત્વની જાણકારી મને પ્રાપ્ત થઈ.

અનુસ્નાતક કક્ષાએ ભણાવતી વખતે વિદ્યાર્થીઓના માસ્ટર એસે માટે તેમને માર્ગદર્શન આપવાની કામગીરીએ મારા સંશોધન અંગેના રસને જાળવી રાખ્યો હતો. ત્યારબાદ મેં પોતે પીએચ.ડી.નું મારું સંશોધન કાર્ય કર્યું અને વિભાગના અધ્યક્ષ વિમલભાઈ શાહના રસને લઈને નર્મદા બેન્ચમાર્ક સર્વે, ગુજરાત અને રાજસ્થાનની યુનિવર્સિટી સંચાલિત હૉસ્ટેલો તથા અમદાવાદ શહેરમાં નશીલા દ્રવ્યોનું સેવન કરનાર અને વ્યસનમુક્તિ કેન્દ્રો જેવા વિષયો પર સંશોધન કરવાની તક મળી. નિવૃત્તિ પહેલાંનાં બે વર્ષ દરમિયાન બંધ મીલોના કારીગરોનો અભ્યાસ આઈ.સી.એસ.એસ. આર ની ગ્રાન્ટ દ્વારા પૂરો કર્યો હતો. દરમિયાન એમ.ફિલ.ના નવ અને પીએચ.ડી.ના પાંચ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની મહત્ત્વની કામગીરી પણ પૂરી કરી હતી. આમ, સંશોધનના પ્રોજેક્ટો કરવા માટે તથા તેના માર્ગદર્શન આપવા પાછળ પ્રમાણમાં સારો એવો સમય વિતાવ્યો હતો.

નિવૃત્ત પછીના સંશોધન કાર્યમાં શૈક્ષણિક (એકેડેમીક) ક્ષેત્રનાં બંધનો (રીસ્ટ્રીક્શન્સ) રહ્યાં ન હતાં. ઘણાં સંશોધનો સ્વૈચ્છિક સંસ્થાઓની જરૂરિયાતો પૂરી કરવા માટે કરવાનાં હોવાથી સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો તેમજ તેની વિભાવનાઓના માળખામાં તે રજૂ કરવાનાં ન હતાં. ઉપરાંત સમયની મર્યાદા પણ હંમેશા રહેતી તેમ છતાં જ્યાં બને ત્યાં મેં સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી જ સંશોધન હેવાલ લખ્યા હતા. દા.ત. નશીલા દ્રવ્યોના સેવનને લગતાં બે સંશોધનોમાં આ પદાર્થોના સેવનના સંદર્ભમાં મેં દર્શાવ્યું હતું કે મદ્યપાનનું સેવન હિન્દુ સમાજની ઉપલી જ્ઞાતિઓ (બ્રાહ્મણ, વાણીયા)માં હોતું નથી, જ્યારે ક્ષત્રિયો/રજપૂતોમાં તેનો નિષેધ નથી. અહીં મેં શ્રીનિવાસના સંસ્કૃતિકરણ અને ક્ષત્રિયકરણની વિભાવનાઓનો ઉપયોગ કર્યો હતો. લઘુમતિ કોમને લગતા અભ્યાસોમાં મેં ઈસ્લામીકરણની વિભાવનાનો ઉપયોગ કર્યો હતો અને તેમની શાળાના અભ્યાસમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો અને વાલીઓને આંતરીક અને બાહ્ય સીસ્ટમની વિભાવના દ્વારા ચકાસી તેમની સમસ્યાઓના સ્રોતને સમજાવ્યા હતા. નાગરિક સમાજના સભ્યોની નિસ્બત તથા આત્મહત્યાના અભ્યાસોમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો અને વિભાવનાઓને ઉપયોગમાં લેવાની પૂરતી તક મળી હતી. ગુજરાતના ઔદ્યોગિક કારીગરો અને લવાદની પદ્ધતિ અંગેના અભ્યાસોને ઔદ્યોગિક સમાજશાસ્ત્રના સિદ્ધાંતો અને વિભાવનાઓના માળખામાં રજૂ કર્યા છે.

સ્વૈચ્છિક સંસ્થાઓના સંચાલકોમાં ઈલાબહેન પાઠકનો મારે ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. તેઓ પોતે અંગ્રેજી સાહિત્યનાં અધ્યાપિકા હતાં, છતાં સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ આત્મસાત કરીને મારા લખોમાં નારીવાદી દૃષ્ટિકોણ પણ ઉમેરતાં. તેઓ પોતે લખાણમાં ઘણી

ચોક્સાઈ જાળવતાં અને મારા લખાણમાં સમાવિષ્ટ કોષ્ટકો કાળજીપૂર્વક તપાસતાં. સેન્ટ ઝેવિયર્સના ફાધર પોલે સમાજશાસ્ત્રમાં પીએચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરી હતી અને તેઓ પણ તેમની સંસ્થાના રિપોર્ટ સમાજશાસ્ત્રીય દૃષ્ટિથી લખાય તે માટે જરૂરી ચર્ચા કરતા.

આમ, સ્વૈચ્છિક સંસ્થાઓને લગતા સંશોધનોના હેતુઓ સ્પષ્ટ રીતે શૈક્ષણિક (પ્યોરલી એકેડેમીક) ન હતા છતાં સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિન્દુ તેમાં ગર્ભિત હતું.

૨. મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ સાથી અધ્યાપકોમાંના જે થોડાંક સંશોધન પ્રવૃત્તિમાં રસ ધરાવતા હતા તેઓ તેમના શૈક્ષણિક કાર્યભારને લઈને મારી સંશોધનની પ્રવૃત્તિમાં પૂરતો સમય આપી શકતા નહિ. પણ કેટલાકે થોડા સમય માટે પણ સંશોધન પ્રવૃત્તિમાં જોડાઈ પોતાનો સમય આપ્યો છે તેમાં ધીરૂભાઈ દેસાઈ, ચન્દ્રગુપ્ત સેનન, વસંત કાન્ત, સારિકા દવે અને નલીની ત્રિવેદી મુખ્ય છે. હરીષ જોષીએ 'ઔદ્યોગિક કારીગરો' અને 'અમદાવાદની મીલોના માલિકો અને કારીગરોના પ્રશ્નોના ઉકેલમાં લવાદની પદ્ધતિની ભૂમિકા' અંગેના મારા સંશોધનમાં ઘણી મહત્ત્વની સહાય આપી હતી. બંને સંશોધનોને લગતી ઈન્ટરનેટ દ્વારા ઉપલબ્ધ માહિતી તેમણે મેળવી આપી હતી. કીરણ નાણાવટીએ મજૂર મહાજન સંઘના 'મજૂર સંદેશ' પત્રિકાના જુના અંકો અંગેની 'સીડી' મેળવી આપી હતી. સંશોધક તરીકે અનેક વ્યક્તિઓની મદદ મળી છે, પણ લાંબા ગાળાની મદદ આપનાર પરેશ ચૌહાણનો ઉલ્લેખ જરૂરી છે. તે જ રીતે અરૂણાબહેન પરમારે પણ સંસ્થાના મોટાભાગના અભ્યાસોની માહિતીનું કોમ્પ્યુટર દ્વારા પૃથ્થકરણ કરી આપ્યું છે જે ઉલ્લેખનીય છે.

આમ છતાં સંસ્થામાં લાંબા સમય સુધી સક્રિય રીતે રસ લે તેવા સહાયકોની અછત હોવાથી મારે સ્વૈચ્છિક સંસ્થાઓના નાના સંશોધન પ્રોજેક્ટની મર્યાદિત અને ટૂંકા ગાળાની નાણાકીય મદદ પર આધાર રાખવો પડ્યો છે. આને લઈને હું મારી સાથે કામ કરનારને કોઈ માનદ્ વેતન આપી શકતો ન હતો. પરિણામે મારી સંસ્થા 'વનમેન શો' જેવી જ રહી. છતાં ૨૨ વર્ષના લાંબા ગાળા સુધી હું તે ચાલુ રાખી શક્યો તેનો યશ 'નાર્ક', 'અવાજ' અને 'સેન્ટ ઝેવિયર્સ સોસ્યલ સર્વિસ સોસાયટી'ના નિયામકો બ્રિટ્ટો, (મરહુમ) ઈલાબહેન પાઠક અને ભૂતકાળના નિયામકો તેમજ વર્તમાન સમયના ફાધર રાજીવને જાય છે.

૩. સંશોધનને લગતી સંસ્થા હોવાથી કેટલાક પીએચ.ડી.ના વિદ્યાર્થીઓએ પણ સંસ્થાની મદદ દ્વારા પોતાના સંશોધનની માહિતીનું પૃથ્થકરણ કરાવ્યું છે. શોભના પટેલ અને માધવ સોંદરવાએ યુજીસીની સહાયવાળા પોતાના સંશોધન માટે સંસ્થામાંથી માર્ગદર્શન મેળવી રિપોર્ટ તૈયાર કર્યા છે.

આ ઉપરાંત સેન્ટ ઝેવિયર્સ સોસ્યલ સર્વિસ સોસાયટી પોતાનું એક મુખપત્રક 'દૃષ્ટિકોણ' વર્ષમાં ત્રણ વાર બહાર પાડે છે તેના માટે વિષય નક્કી કરાવવા, લેખકો પાસે લેખો લખાવી તે મુખપત્રક છપાવવાની કામગીરી પણ હાલમાં તે સંસ્થાના નિયામક ફાધર રાજીવે મને સોંપી છે. આમ, સંશોધનના કામ ઉપરાંત આ નવા પ્રકારની જવાબદારી દ્વારા મારી સંશોધકની ભૂમિકા વધારે વ્યાપક બની છે.

• • •

## શ્રદ્ધાંજલિ

**અંક છપાવા જઈ રહ્યો છે ત્યારે દુઃખદ સમાચાર મળ્યા કે આપણા સૌના પ્રિય સમાજશાસ્ત્રના અધ્યાપક અને સંશોધક ડૉ. એડવીન મસિહીનું તા.૬-૬-૨૦૧૭ના રોજ નિધન થયું છે. તેઓએ આપેલ મૂલ્યવાન સેવાઓ અને સમાજશાસ્ત્રમાં યોગદાન યાદ કરતાં સમાજકારણ નતમસ્તક શ્રદ્ધાંજલિ અર્પે છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને કુટુંબીજનોને આઘાત સહન કરવાની શક્તિ આપે.**

# નવવસાહતી ભારતીય : સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ અને જાળવણી

– ડૉ. લક્ષ્મણ યુ. વાઢેર*

**પૂર્વભૂમિકા :**

આજના યુગમાં વિશ્વની પરંપરાગત સરહદો ભૂંસાઈ રહી છે. માનવતા અને માનવ એકતાના આદર્શને સ્વીકારવામાં આવે છે. વિવિધ રાષ્ટ્રોની સંસ્કૃતિની સાથે વિશ્વસંસ્કૃતિને પ્રોત્સાહન મળે એવી પ્રવૃત્તિઓ થઈ રહી છે. આ વિશ્વસંસ્કૃતિની એકતાનું સ્વરૂપ અને તેની પ્રગતિની જુદા જુદા દેશના લોકો અને સરકાર દ્વારા નિશ્ચિત થાય છે. સાંસ્કૃતિક નીતિઓ અને આયોજનો કરવામાં આવે છે. કોઈ પણ દેશ, ધર્મ અને સંસ્કૃતિની વિવિધતા ધરાવતા લોકો વિશ્વના કોઈ પણ દેશમાં વસવાટ કરી શકે, જ્ઞાન, સુખ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકે, એવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. પોતાની માતૃભૂમિ પ્રત્યેનો અપાર પ્રેમ છે, એટલો જ પ્રેમ યજમાન દેશ પ્રત્યે રહે એ જરૂરી છે.

કવિવર રવિન્દ્રનાથ ટાગોરે નવવસાહતીઓને બોધપ્રદ માર્ગદર્શન મળે એવી કાવ્ય પંક્તિઓ રચી છે, 'પ્રત્યેક ઘરમાં મારું ઘર છે, હું એવા ઘરને શોધી રહ્યો છું, પ્રત્યેક દેશમાં મારો દેશ છે, હું એવા દેશોને પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરું છું.' કવિવર રવિન્દ્રનાથ ટાગોરનો આ વિચાર સાર્થક થાય એવા પ્રયત્નો ભારતીય નવવસાહતીઓએ કર્યા છે. તેઓ જ્યાં ગયા ત્યાં એ દેશ અને પ્રદેશને પોતાની ભૂમિ સમાન ગણ્યા છે. માતૃભૂમિ સમાન પ્રેમ કર્યો છે. પ્રાચીન સમયમાં તો ભારતીયોએ વિદેશી ભૂમિને ભારતમયી બનાવી હતી.

આજે ભારતીય નવવસાહતીઓએ વિશ્વમાં ઘણી ઊંચી પ્રતિષ્ઠા મેળવી છે. ભારતીય લોકો અને ભારતદેશને ગૌરવ અને સન્માન મળે એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. આ નવવસાહતી ભારતીયોમાં ભારતીય સંસ્કૃતિ અને વારસાનો પ્રકાશ સતત જળહળતો રહે, એવી નીતિઓ અને પ્રવૃત્તિઓ થાય એ જરૂરી છે. તેના ભાગરૂપે ભારત અને જુદાં જુદાં રાજ્યોમાં ભારતીય નવવસાહતીઓને સત્કાર-આવકારના સમારંભો યોજવાનો પ્રારંભ થયો છે. તેના વિશેના સંશોધન અને અભ્યાસને મહત્ત્વ આપવું ઘણું ઉપયોગી થઈ શકે છે.

લોર્ડ ભિખ્ખુ ભારતીય નવવસાહતીઓના મહત્ત્વ અંગે નોંધે છે કે, 'ડાયસ્પોરા (નવવસાહતી સમુદાય) એ જે તે સમુદાયનું વિસ્તરણ છે અને તે સમુદાયની આરસી જેવો પણ છે. ડાયસ્પોરા એ મૂળ દેશ સમુદાયની પાદનોંધ માત્ર નથી, કે તે તેના ઇતિહાસમાં બાકી રહેલો હોય એવો અવશેષ માત્ર નથી, પણ તે તો મૂળ સમુદાયનું જીવંત દર્પણ છે. જેમાં તેનું પ્રતિબિંબ પડે છે. તે રીતે તે આપણી ઓળખ અને અસ્મિતા વિશે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાયરૂપ પણ થાય છે. તે સમુદાયનાં સાંસ્કૃતિક સંસાધનો બાબત મહત્ત્વની આંતરસૂઝ વિકસાવે છે તથા તેની શક્તિ અને મર્યાદાઓ પણ બતાવે છે. ડાયસ્પોરા પોતાના સમુદાયની સાંસ્કૃતિક મૂડી ધારણ કરે છે... 'જે પ્રજા પોતાને વિશે જાણવા સમજવા માટે આતુર હોય અને પોતાને સમજવા માગતી હોય તે પ્રજાને ડાયસ્પોરાના અભ્યાસની ઉપેક્ષા કરવી પાલવે નહીં' તેનું જતન, સંરક્ષણ અને પ્રગતિમાં સહભાગી થવાથી દેશ અને લોકોને ફાયદો થઈ શકે છે.

**ભારતીય સંસ્કૃતિ અને તેનો સાંસ્કૃતિક વારસો :**

ભારતીય સંસ્કૃતિ વિશેના પશ્ચિમી વિદ્વાનો અને લોકોના પ્રતિભાવો, પ્રશંસા અને ઉપેક્ષાયુક્ત રહ્યા છે. આજે પશ્ચિમી વિચારોમાં ભારતીય સંસ્કૃતિ વિશેના વલણોમાં પરિવર્તન થઈ રહ્યું છે. ભારતના લોકોની બૌદ્ધિક પ્રગતિ અને આધ્યાત્મિક પ્રગતિને આદરભાવથી જોવામાં આવે છે. જેમ કે કોઈપણ સંસ્કૃતિ સંપૂર્ણ મનુષ્યત્વને શોભે એવી વિશેષતાઓ ધરાવતી નથી. ક્યાંક જંગલીપણું અને કલંકતત્ત્વોનો સડો પણ હોય છે. પરંતુ વર્તમાનમાં મનુષ્ય એ જંગલીપણું, કઢંગા વિચારો, પ્રથાઓ અને હિંસા સંગ્રહિત માનસિકતા અને વૃત્તિઓને

*અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર.

ત્યાગવાનો પ્રારંભ કર્યો છે. સંસ્કૃતિ વિનાશની પ્રવૃત્તિઓનો અસ્વીકાર કરવામાં આવે છે. મનુષ્યત્વમાં પ્રગતિ સાધવા માટે ભારતીય સંસ્કૃતિ અને તેનો વારસો ઉપયોગી થઈ શકે છે.

ભારતમાં વિશ્વની અનેક પ્રજાઓએ વસાહતો સ્થાપી, ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોમાં ઓતપ્રોત થયા છે. ભારતીય સંસ્કૃતિને આત્મસાત કરી છે. ભારતીય સંસ્કૃતિના પ્રચાર-પ્રસારમાં આ લોકોનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. ભારતીય સંસ્કૃતિ એ કોઈ એક પ્રજા કે ધર્મથી વિકસિત થઈ નથી. અનેક સહિયારા પ્રયાસોથી ભારતીય સંસ્કૃતિ સમૃદ્ધ થઈ છે. એટલે જ વિશ્વમાં અનેક પ્રાચીન સંસ્કૃતિ નામશેષ થઈ છે. પરંતુ ભારતીય સંસ્કૃતિમાં વિશ્વની અનેક જાતિઓ અને ધર્મના લોકોને સ્વીકારવાની શક્તિ છે. બીજું વિવિધ સંસ્કૃતિમાં રહેલાં સમાન તત્ત્વો. જેમ કે પ્રાચીન ભારતીય સાહિત્ય અને પશ્ચિમી સાહિત્યમાં ઘણા સમાન અંશો છે. સંસ્કૃત ભાષાનાં નાટકો અને ગ્રીક ભાષાનાં નાટકો, વાલ્મીકિકૃત રામાયણ અને હોમરકૃત ઈલિયડ, ભગવદ્‌ગીતા અને બાઇબલમાંથી સમાન તત્ત્વો મળે છે. ઈસુખ્રિસ્ત અને ગૌતમબુદ્ધનો કરુણા અને શાંતિનો સંદેશ, સહિષ્ણુતા અને ભાઈચારાને સાચા હૃદયથી સ્વીકારવાની ફરજ પડે છે.

ભારતભૂમિમાં ગૌતમબુદ્ધ અને મહાન સમ્રાટ અશોક જેવી મહાન વિભૂતિએ અહિંસા અને સત્ય માર્ગ દ્વારા શાંતિમાર્ગની માવજત, સંરક્ષણ અને વિશ્વના લોકોમાં તેના ઔદાર્યની ઊંડી છાપ પાડી છે. ભારત અને એશિયાના દેશોમાં પ્રચલિત જૂના સંપ્રદાયો અને ધાર્મિક પ્રથાઓને સ્થાને ભારતીય બૌદ્ધ દર્શન અને ધમ્મનો સ્વીકાર થયો છે. ભારતીય સંસ્કૃતિની આ મહાન સિદ્ધિ છે. વિશ્વના અનેક લોકોને ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોમાં માનવ જીવનની પ્રગતિનો માર્ગ દેખાયો છે, એટલે જ ભારતીય સંસ્કૃતિને આદરભાવે સ્વીકારે છે.

કોઈપણ સંસ્કૃતિના લોકો વિજેતાની માનસિકતા કે સંસ્કૃતિ શ્રેષ્ઠતાના ધ્વજોથી પ્રેરિત રહે છે, ત્યારે પારકી પ્રજા અને ધર્મ તેને સત્કારવાનો ઉત્સાહ બતાવે નહિ. ભારતીય સંસ્કૃતિના સ્વરૂપમાં આક્રમણભાવ નથી, જાતિ, ધર્મ કે રંગ શ્રેષ્ઠતાનો સ્વભાવ નથી, એટલે જ વિશ્વના લોકોમાં સરળતા અને સહજભાવે બીજી પ્રજાઓએ સ્વીકાર કર્યો છે. વિવિધતાઓ અને તેના સંમિશ્રણથી ભારતીય સંસ્કૃતિનું વિશ્વના દેશોમાં અનોખું સ્થાન છે. વિશ્વની અનેક પ્રજાઓ અને ધર્મના લોકોનું ઘર ભારતભૂમિમાં પ્રાપ્ત થયું છે.

કવિવર રવિન્દ્રનાથ ટાગોરના મતે ‘માનવ સભ્યતાના ઇતિહાસ સ્પષ્ટ છે કે, દુનિયાની સભ્યતાઓમાં ભારત વિવિધતાઓમાં એકતા સ્થાપિત કરવાનું આદર્શ ઉદાહરણ પ્રસ્તુત કરે છે.’

ભારતીય રાષ્ટ્રીય સંસ્કૃતિની પંડિત જવાહરલાલ નહેરુએ પ્રશંસા કરતાં કહ્યું છે કે, ‘નૃજાતીય વિવિધતા અને ધાર્મિક વિશ્વાસ પ્રણાલિકાઓમાં અંતર હોવા છતાંય ભારતના લોકો યુગોથી ભારતીય છે, અને તેનો આ રાષ્ટ્રીય વારસો છે.’

પશ્ચિમના અનેક વિદ્વાનોએ ભારતીય સંસ્કૃતિનાં અને વારસાનાં વખાણ કર્યાં છે. મેકસમૂલર કહે છે, ‘જો તત્ત્વજ્ઞાન સુખમય મૃત્યુનું સાધન માનીએ તો મને લાગે છે કે સિદ્ધાવસ્થા મેળવવા સારુ વેદાંત જેટલું બીજું કોઈ પણ તત્ત્વજ્ઞાન સમર્થ નથી. અનેક ધર્મો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મેં કાળાના ધોળા કર્યા, પણ આવું તેજસ્વી અને આત્માને સુખ આપનારું બીજું કોઈ ધર્મતત્ત્વ મને મળ્યું નથી.’ ભારતીય તત્ત્વદર્શનથી ખૂબ પ્રભાવિત થતાં શોપન હોરે નોંધ્યું છે કે, ‘સંસારમાં મારા મનને જો ક્યાંય શાંતિ મળી હોય તો તે ઉપનિષદો દ્વારા જ મળી છે, અને મૃત્યુ સમયે પણ તે શાંતિ મળવાની હશે તો તે ઉપનિષદો દ્વારા જ મળશે.’ ગેટેનો ભારતીય પ્રાચીન સાહિત્ય પ્રત્યેનો અહોભાવ ખૂબ આનંદપૂર્ણ છે. તે કહે છે કે, ‘અનેક સ્વાદિષ્ટ પકવાનોથી ભરેલો થાળ સામે પિરસાયેલો હોય અને જે આનંદનો અનુભવ થાય, એવો આનંદ મેં શાકુન્તલ વાંચીને અનુભવ્યો હતો. સ્વર્ગ તેમજ પૃથ્વી પર મળનારાં જુદાં જુદાં સુખો એક

સાથે ભોગવવાનાં સાંપડે ખરાં ? પણ ખરેખર મેં તે બંને એક સાથે અનુભવ્યાં છે. આશ્ચર્ય પામી તમે જો પૂછશો કે એવું ક્યાં અનુભવ્યું ? તો મારો ઉત્તર છે કે શાકુન્તલ નામનું એક સંસ્કૃત નાટક છે, તે તમે વાંચી, તેમાં તમને એ બધાં સુખોનો એક સાથે અનુભવ થશે. 'હેવેલ નામના કલા વિવેચકે ભારતીય કલા વિશે નોંધ્યું છે કે, 'વિશ્વમાં કલાઓનો વિચાર કરીએ તો કહેવું પડે કે ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય એ ત્રણે કલાઓનો મોહક સુમેળ અજંતામાં જેટલી પરાકોટિએ થયો છે તેટલું અન્યત્ર ભાગ્યે જ જોઈ શકાશે.' જે વિદેશીઓએ ભારતમાં વસવાટ કર્યો છે, તેઓ પર ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ રહ્યો છે. રેવ.એ.એચ.બોમન લખે છે કે, 'ભારતમાં ઘણાં વરસો વીતાવ્યાં પછી ઈંગ્લેન્ડમાં ભારતની સંસ્કૃતિના મોહમાં પડેલા અનેક લોકોને જોયા છે. અમેરિકા, જર્મની અને ઈંગ્લેન્ડમાં ભારતની સંસ્કૃતિની ઊંડી છાપ જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગયો.' ભારતની વણાટકલા વિશ્વ પ્રસિદ્ધ હતી. આરબ વ્યાપારી સુલેમાન (નવમી સદી)ની નોંધ પ્રમાણે, 'ભારતનાં વસ્ત્રો એટલાં બારીક અને મુલાયમ છે કે આખું વસ્ત્ર આંગળી પરની વીંટીમાંથી પસાર થઈ શકે છે.' હન્ટરે પણ ભારતીય વસ્ત્રોની કલા અને સુંદરતાની પ્રશંસા કરી છે. 'કલિંગ દેશના રાજાએ ઔંધના રાજાને ભેટ આપેલું એક રેશમી વસ્ત્ર એટલું બારીક (પારદર્શક) અને મુલાયમ હતું કે, જ્યારે એ વસ્ત્ર રાજકુંવરીએ પહેર્યું ત્યારે તે વસ્ત્ર પહેર્યું હોવા છતાંય શરીરનાં અંગો દેખાતાં હતાં.' આ સમયે ભારતનો રાષ્ટ્રીય હુન્નર વણાટકલા હતો. વિશ્વમાં ભારતીય કાપડની સ્પર્ધા કરી શકે એવી વણાટ પદ્ધતિ નહોતી. મિસરમાં શબને વીંટવા માટે હજારો વર્ષ ટકી શકે એવું કાપડ ભારતમાંથી નિકાસ થતું હતું. અલબેરૂની (૧૧મી સદી)એ ભારતના સ્નાનકુંડોની સ્થાપત્યની કલા અને વ્યવહારુ ઉપયોગિતાની દૃષ્ટિની પ્રશંસા કરી છે, 'અમારા લોકો જ્યારે આ કારીગરી (સ્નાનકુંડોનું સ્થાપત્ય) જુએ છે, ત્યારે તેઓ એટલા બધા આશ્ચર્યચકિત થઈ જાય છે કે, એનું વર્ણન કેમ કરવું તે પણ એમને સમજાતું નથી, તો આ કાર્ય જાતે કરવાની વાત જ ક્યાં રહી ? આ કૂંડોમાં ચારે તરફ ઉપરથી તળીયા સુધી ઉતરવા માટે એટલાં બધાં પગથિયાં હોય છે કે, અસંખ્ય લોકો ન્હાવા માટે ઉપસ્થિત રહે તો પણ ત્યાં ભીડ ન થાય.' ભારતીય પ્રગતિના અનેક દૃષ્ટાંતો છે.

ભારતના મહાન શાસકો, ચિંતકો, સાહિત્યકારો, ધર્મપ્રવર્તકો, સુધારકો, આધુનિક લોકશાહીના નિર્માતાઓ, મહાન કલાકારો, શ્રમશીલોએ ભારતીય સંસ્કૃતિની વિશાળ ઓળખનું ઘડતર કરવામાં મહાન ફાળો આપ્યો છે.

**ભારતના સાંસ્કૃતિક વારસાનો પ્રસાર :**

મેગેસ્થનિસની નોંધ પ્રમાણે, 'ભારતીયોએ પોતાના દેશમાંથી ક્યારેય પ્રવાસ કર્યો નહિ' આ વિધાનમાં કેટલું તથ્ય છે એ શોધનો વિષય છે. પરંતુ મહાન સમ્રાટ અશોકે 'સદ્ભાવના' 'શિષ્ટમંડલો' દ્વારા વિદેશ પ્રવાસનો પ્રારંભ કર્યો હતો. ભારતીય વિચારો અને વસ્તુઓના પ્રચાર-પ્રસારનું કાર્ય કર્યું હતું. ભારતીયોને વિદેશમાં ખૂબ સન્માન મળ્યું હતું. તેનું મુખ્ય કારણ મેગેસ્થનિસની નોંધમાં છે. તે મુજબ, 'ભારતવાસીઓ ઈમાનદાર હતા.' સમ્રાટ અશોકે ભારતના લોકોની ઈમાનદારી અને સદ્ભાવનાના ગુણોનો ઉપયોગ ધર્મ પ્રસારમાં કર્યો. અશોકના ૧૩ મા શિલાલેખ પ્રમાણે અશોકે વિદેશોમાં ભારતીય વિચાર પદ્ધતિ, ધર્મવિજય (અહિંસા), વિશ્વશાંતિ અને બંધુત્વનો સંદેશ ફેલાવ્યો હતો.

ભારતમાં ચીની પ્રવાસીઓ હ્યુએનત્સંગ, ઈત્સિંગ અને ફાહ્યાન આવ્યા હતા. એવી જ રીતે ભારતમાંથી કાશ્યપ, માતંગ, કુમારજીવ અને ગુણવર્મા ચીનમાં ધર્મપ્રસાર અર્થે ગયા હતા. ભારતમાં ધર્મપ્રસારકો અને વ્યાપારીઓએ ભારતીય સંસ્કૃતિના પ્રસારમાં ફાળો આપ્યો હતો. વિદેશી શાસકો ભારતના આ બન્ને વર્ગને નિમંત્રણ આપવાનું ગૌરવ લેતા હતા.

ચીનના રાજા મિન્ગ (ઈ.સ. પહેલી સદી) દ્વારા કાશ્યપ માતંગને નિમંત્રણ આપ્યું હતું. ચીનમાં બૌદ્ધધર્મનો પ્રસાર કરનાર તે પ્રથમ હતા. રાજાએ તેમને એક

બૌદ્ધવિહાર બંધાવી દીધો હતો. કાશ્યપે અનેક બૌદ્ધ ગ્રંથોનું ચીની ભાષામાં ભાષાંતર કર્યું હતું. બીજી સદીમાં આર્યકાલ, સુવિનય, ધર્મકાલ, મહાબલ ધર્મપ્રસાર માટે ચીન ગયા હતા.

કુમારજીવ દ્વારા ભાષાંતર થયેલા ગ્રંથનું વિશ્વમાં સૌ પ્રથમ છાપકામ થયું હતું (ઈ.સ. ૮૬૮) ઈ.સ. ૫૨૬માં દક્ષિણ ભારતમાંથી બોધિધર્મ અને ઈ.સ. ૫૪૬માં ઉજ્જૈનથી પરમાર્થ ચીન ગયા હતા. ઈ.સ. ૬૯૩માં બોધિરુચિ, ઈશ્વર (પૂર્વભારત), પ્રાણગુપ્ત (દક્ષિણ ભારત) નાલંદાથી ચીન ગયા, બોધિરુચિએ ૫૩ ગ્રંથોનો ચીની ભાષામાં અનુવાદ કર્યો. ઈ.સ. ૯૮૨ થી ઈ.સ. ૧૦૧૧માં ધર્મદેવે ચીનમાં ૨૦૦ ગ્રંથોનો અનુવાદ કર્યો.

એફ. ડબલ્યુ. ટોમસના ઉલ્લેખ પ્રમાણે ઈ.સ. ત્રીજી સદીમાં ચીનમાં ૧૮૦ વિહાર, ૩૦૦૦ બૌદ્ધ ઉપદેશકો, ૧૩ ભાષાંતરકારો હતા. ચોથી સદીમાં ૧૭,૦૬૮ વિહાર, ૨૭ ભાષાંતરકારો હતા. છઠ્ઠી સદીમાં ૩૦,૦૦૦ ભારતીયો ચીનમાં હતા. ચીનમાં બૌદ્ધધર્મનો પ્રસાર થયો છે, તેમાં આ બૌદ્ધ ઉપદેશકોની મોટી ભૂમિકા રહી છે. ચીનની જેમ જ જાપાનમાં પણ બૌદ્ધ ઉપદેશકોએ બૌદ્ધધર્મનો પ્રસાર કર્યો. ધર્મની સાથે ભારતીય સામાજિક મૂલ્યો ચીન અને જાપાનના શાસકો અને લોકોના હૃદય સુધી પહોંચાડ્યાં હતાં. શાસકોએ શાસન વ્યવસ્થામાં આ મૂલ્યોનો સ્વીકાર કર્યો.

ચીન અને જાપાન જેવા પૂર્વ એશિયાના દેશોની જેમ અગ્નિ એશિયાના દેશોમાં પણ ભારતીય સાંસ્કૃતિક સંસ્થાનોની સ્થાપના થઈ હતી. ઈ.સ. ત્રીજી સદીમાં બર્મામાં (મ્યાનમાર) એક લાખથી વધારે બૌદ્ધિધર્મના અનુયાયીના વસવાટો હતા. પેગનના રાજા અનિરુદ્ધે થેરવાદી બૌદ્ધધર્મ સ્વીકાર્યો. તેણે મંદિર, વિહાર, પેગાડા બંધાવ્યા, તેના ઉત્તરાધિકારી કયાનજિત્થે 'આનંદ' નામનું બૌદ્ધમંદિર બંધાવ્યું, ભારતીય શિલ્પ-સ્થાપત્ય કલાની શ્રેષ્ઠકૃતિ છે. કંબુજ (કંબોડિયા) ભારતીય સંસ્કૃતિનું કેન્દ્ર હતું. યશોવર્ધન સંસ્કૃતિનો પંડિત હતો. તેણે પતંજલિ મહાભાષ્યની ટીકા લખી. મંદિર, મઠ બંધાવ્યા હતા. સૂર્યવર્માએ (૧૧૧૩-૧૧૪૫ ઈ.સ.)માં અંકોરવાટ નામનું વૈષ્ણવ મંદિર બંધાવ્યું. આ મંદિરમાં શિલ્પના વિષયો રામાયણ અને મહાભારતના છે. જયવર્માએ નવું અંકોરથોમ બંધાવ્યું. આ મંદિરમાં ૬૬,૬૨૫ સેવકો, ૪૩૯ શિક્ષકો અને ૯૭૦ વિદ્યાર્થીઓ રહેતા હતા. આ મંદિરના નિભાવ માટે ૩૪૦૦ ગામો દાનમાં આપ્યાં હતાં. સમગ્ર રાજ્યમાં ૭૯૮ મંદિર અને ૧૦૨ દવાખાનાં બંધાવ્યાં હતાં.

ઈ.સ. બીજી સદીથી ચંપા (અન્નમ) એ ભારતીય સંસ્કૃતિનું સંસ્થાન હતું. ભદ્રવર્માના સમયમાં માઈસોનમાં ભદ્રેશ્વર સ્વામીનું મંદિર બંધાવ્યું. આ મંદિર ચામ લોકોનું રાષ્ટ્રીય દેવસ્થળ ગણાય છે.

ઈ.સ. ચોથી અને પાંચમી સદીમાં મલાયામાં ભારતીય સંસ્થાનોનો ફેલાવો થયો હતો. ઈ.સ. ૫૧૫માં ભગદ્દત (લંકાશુક) તાંમ્રલિંગના રાજાએ બૌદ્ધ અને વૈષ્ણવ ધર્મને પ્રોત્સાહન આપ્યું હતું. કેદાર અને પેરાક નામનાં શહેરો ભારતીય સંસ્કૃતિનાં કેન્દ્રો હતાં.

સુવર્ણ દ્વિપ (હિન્દેશિયા) શ્રી વિજયે ઈ.સ. ચોથી સદીમાં ભારતીય રાજ્યની સ્થાપના કરી હતી. બોર્નિયા, બાલી, જાવા, સુમાત્રા તેમજ કોરિયામાં ભારતીય સંસ્કૃતિનાં સંસ્થાનો હતાં. તિબેટ, નેપાળ, ભૂતાન, શ્રીલંકા વગેરે દેશોમાં ભારતીય સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાઓ, ધર્મ અને મૂલ્યોનો સ્વીકાર થયો છે.

મધ્યએશિયામાં યુઈગર, ખોતાન, દંદાન, નિયા, તુનમાં બૌદ્ધ ધર્મ, કલા અને સાહિત્યના અનેક અવશેષો પ્રાપ્ત થયા છે. મહાભારત અને મૌર્યયુગના સાહિત્યિક અને અભિલેખીય પુરાવાઓમાં રોમ અને ગ્રીસને પણ ભારતીય સંસ્કૃતિનો પરિચય હતો. અબુલ ફઝલના ઉલ્લેખો પ્રમાણે અફઘાનિસ્તાનમાં ૧૨ હજાર બૌદ્ધ ગુફાઓ હતી.

આફ્રિકા અને અમેરિકામાં પણ ભારતીયો વ્યાપાર માટે ગયા હતા. આ ખંડોમાં ભારતીય સંસ્કૃતિની ઓળખ પહોંચાડી હતી. હેસ્ટિંગવર્થની નોંધ પ્રમાણે, 'ભારતીય લોકોની પૂર્વ આફ્રિકામાં માત્ર વ્યાપારી આવ-જા જ

નહોતી પરંતુ પૂર્વ કિનારે તેઓએ વસાહતો પણ સ્થાપી હતી.' પહેલી સદીમાં પેરિપ્લસ ગ્રંથમાં ઉલ્લેખ છે તે પ્રમાણે, 'આ મહાસાગરની પેલે પાર આવેલા ભારતના પશ્ચિમ કિનારેથી વસ્તુઓથી ભરેલાં વહાણો અહીં હંમેશા અવર-જવર કરે છે. તેમાં લોખંડ, કાપડ, ઘઉં, ચોખા, ઘી, ખાંડ જેવી ચીજો કિનારા પર ઉતારવામાં આવે છે.' આ વર્ણન મોમ્બાસા બંદરનું છે.

હિલ્ટન યંગ પ્રમાણે, 'ભારતનો અને પૂર્વ આફ્રિકાનો સંબંધ ઘણો પ્રાચીન છે. ભારતના પ્રાચીન વર્ણનો મુજબ તો ભારતના લોકોને આફ્રિકાના ભૂ-પ્રદેશ તથા ત્યાંના લોકોનો પરિચય અને માહિતી હતી.' આફ્રિકાની સ્વાહિલી પર સંસ્કૃત ભાષાની અસર દેખાય છે. સ્વાહિલી અને સંસ્કૃત શબ્દોમાં ઘણી સમાનતા છે. જેમ કે સંસ્કૃતમાં શુક, સિંહ, કુકકુટ તો સ્વાહિલીમાં કુસુક, સિંબા, કુકુ શબ્દોમાં સામ્યતા છે.

હેવિટ અને મેકેન્ઝીના મતે પ્રાચીનકાળમાં અમેરિકામાં ભારતીય વસાહતો હતી. રાવ બહાદુર ચીમનલાલ નામના લેખક 'હિન્દુ અમેરિકા'માં રેડ ઈન્ડિયનોને ભારતીય કૂળના વંશજો તરીકે ગણે છે. પોતાની આ દલીલના સમર્થનમાં તે રેડ ઈન્ડિયનોની પરંપરાઓ અને ભારતીય પરંપરાઓને એક સમાન જોડે છે. જેમ કે રેડ ઈન્ડિયનોમાં પ્રેતને બાળી નાખવા, સતી પ્રથા, આશ્રમ વ્યવસ્થા, ગળામાં હાર પહેરવો, ભોજનમાં દાળ-રોટલી, શિલ્પોમાં હાથીની આકૃતિ. ટૂંકમાં, ભારતીય લોકો 'કૃણ્વન્તો વિશ્વમાર્ય' વિશ્વના દેશોમાં આવ-જા કરતા હતા. પ્રાચીન અને મધ્યકાળમાં સાંસ્કૃતિક વારસો વિશ્વની દરેક દિશાઓ સુધી ઓછા વધુ પ્રમાણમાં ફેલાયેલો હતો.

વર્તમાન સમયમાં લાખો ભારતીયો વિશ્વના દેશોમાં વસે છે. તેઓએ પોતાની માતૃભૂમિ અને સંસ્કૃતિના જતન, સંરક્ષણ અને સંવર્ધનમાં રુચિ ધરાવે છે. પ્રાચીન ભારતનો સાંસ્કૃતિક આદર્શ 'વિશાળ ભારત'ના ઉદ્દેશના સમર્થનમાં પ્રયત્નશીલ છે.

**ભારતના સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ અને જતન :**

ભારતનો સાંસ્કૃતિક વારસો સંકોચાઈ જાય કે સંતાડી શકાય એવા સ્વરૂપનો નથી. ભારતના સાંસ્કૃતિક વારસામાં વિશ્વના અનેક રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક તત્ત્વોને આત્મસાત કરવાની ક્ષમતા છે.

ભારતમાં મુસ્લિમ ધર્મના અનુયાયી શાસકોને ધર્મ વિજયની નીતિમાં સંકોચાઈ જવું પડ્યું. સલ્તનતકાળ ભારતમાં હિન્દુ અને મુસ્લિમ પ્રજા વચ્ચેનો અજંપાભર્યો કાળ હતો. પરંતુ સૂફીઓ અને સંતોએ હિન્દુ-મુસ્લિમ ભેદભાવને બદલે શાંતિ, પ્રેમ, અહિંસા, સહકાર, બંધુતાનો ઉપદેશ આપ્યો હતો. ઈસ્લામમાં આ યુગમાં અનેક સૂફીઓ શાંતિ અને બંધુતાના કાર્યમાં પ્રવૃત્ત હતા. સઈદ હસન, શેખ બહાઉદ્દીન જકરિયા, ખ્વાજા કુતબુદ્દીન બખ્તિયાર કાકા, શેખ મુઈનુદ્દીન ચિશ્તી, શેખ હમીદુદ્દીન નાગૌરી, શેખ નજમુદ્દીન નખ્શબન્દી, કાજી કુતબુદ્દીન કાશાની, ઈમાદુદ્દીન, મુહમ્મદ મુગરી, શેખ ફરીદુદ્દીન, શખ્સુદીન ખ્વારિજની, શેખ બરહાનુદ્દીન જાહિદ, મલિક શેખ નુરુદ્દીન, શેખ નિજામુદ્દીન ઓલિયા, શેક અલીશાહ પાનીપતી, કાજી હમીમુદ્દીન, મૌલાના ફકરુદ્દીન, ખ્વાજા ગોપમઉ, શેખ કરક, શેખ રુકનુદ્દીન મુલતાની, શેખ અલ્લાઉદ્દીન, અલીશાહ કલંદર પાનીપતી, શેખ શિરાજ જુનૈદી, શેખ સર્ફુદ્દીન યરય મનૈરી, શેખ ફખરુદ્દીન જર્રાદી, શેખ બબુ, બીબી ઓલિયા, શેખ રુકનુદ્દીન મુલતાની મીરઅલમ, શેખ કુતબુદ્દીન મુનવ્વર, શેખ હમીર, શેખ નાસિરુદ્દીન, શેખ શર્ફુદ્દીન, શેખ ચર્મપોશ, શેખ હમીર, શેખ જલાલુદ્દીન બુખારી, શેખ ફખરુદ્દીન જાહિદી, શેખ અબ્દુલકદ દુસ, શેખ જમાલી, શેખ ફખરુદ્દીન સૂફીઓએ ભારતમાં સદ્ભાવનાપૂર્ણ સાંસ્કૃતિક વારસાનું સમર્થન કર્યું હતું. કબીર, રૈદાસ, નાનક, તુલસીદાસ, રામાનુજાચાર્ય, મધ્યાચાર્ય જેવા સંતોએ નિર્ગુણ-સગુણ ચિંતનધારાથી મધ્યયુગના હિન્દુ-મુસ્લિમ સાંસ્કૃતિક વારસામાં સદ્ભાવ તત્ત્વનું જતન કર્યું હતું.

ભારતનો સાંસ્કૃતિક વારસો એ ભારતના દરેક ધર્મ, જાતિ અને પ્રદેશના લોકોનો આત્મા છે. માત્ર

ભારતમાં જ નહીં, પરંતુ વિદેશમાં નવવસાહતી તરીકે રહેતા હોય તો પણ તેઓનો આત્મા તો ભારતના સાંસ્કૃતિક વારસાના આદર્શોથી પ્રેરિત હોય છે.

જ્યાં સુધી ભારતીયોને જીવંત સાંસ્કૃતિક વારસાનું જ્ઞાન નહિ હોય, ત્યાં સુધી તેઓ માત્ર અંધશ્રદ્ધા અને સાંસ્કૃતિક વિકૃતિઓથી પીડિત માનસિકતાઓમાં રચ્યા પચ્યા રહેશે. વળી, માત્ર પશ્ચિમનો કાળબોધ જ સર્વશ્રેષ્ઠ અને તેના થકી જ વિશ્વના લોકો પ્રગતિ કરી શકે છે. એવો દૃઢ આત્મવિશ્વાસ પણ જરૂરી નથી. ભારતના લોકોએ જે સિદ્ધિઓ મેળવી છે તેનું પણ ગૌરવવાન થાય, દેશના લોકોમાં કર્મશીલતાનો ગ્રાફ ઊંચે જાય એવી સાધના ઉપકારક છે. ભારતના લોકો એ દેશ અને વિદેશોમાં વિજ્ઞાન, ઈજનેરી, ચિકિત્સા, કલા, સાહિત્ય, વ્યાપારના સર્જન અને ઉત્પાદનમાં કેવી રીતે સિદ્ધિઓ પ્રાપ્ત કરવી અને તે પણ હિન્દુ કે અહિન્દુના ભેદ વિના પ્રાપ્ત કરવા મૈત્રેયી, ગાર્ગી, ગૌતમ બુદ્ધ, નાગાર્જુન, આર્યભટ્ટ, કાલીદાસ, અશોક, હર્ષવર્ધન, અકબર, રવિન્દ્રનાથ ટાગોર, ગાંધીજી, આંબેડકર વગેરેના નેતૃત્વને ધર્મ, જાતિના વર્તુળમાં રાખી શકાય નહિ. વિશ્વના લોકો અજંપા અને આતંકથી ભયભીત છે. તેમાંથી બચવાના ઉપાયો ભારતના સાંસ્કૃતિક વારસામાંથી મળી શકે તેમ છે. ભારતીય નવવસાહતીઓ તેના સંદેશવાહકોનું કાર્ય ઘણી સારી રીતે કરી શકે એવો વારસો ધરાવે છે.

ભારતમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી, ખ્રિસ્તીધર્મ તેમજ જુદી જુદી જાતિઓ, પ્રદેશો અને ભાષાનો મહાન વિવિધતાઓ ધરાવતો સાંસ્કૃતિક વારસો છે. ભારતના આ વારસાને ધર્મ, જાતિ, પ્રદેશ, ભાષા, પરંપરાઓ અંગે શ્રેષ્ઠતાનો દાવો થાય છે ત્યારે વિકૃત ધર્મવાદ, વિકૃત જાતિવાદ, વિકૃત વર્ગવાદ, વિકૃત પ્રદેશવાદ ઉત્પન્ન થાય છે. ભારતની સહિષ્ણુતાની માનસિકતાને નુકસાન કરે છે. કવિવર રવિન્દ્રનાથ ટાગોરના મતે 'આપણે જોઈ શકીએ છીએ કે ભારતવર્ષનો ધ્યેય હંમેશા વિભેદો (વિવિધતા)માં એકતા સ્થાપવી, જુદા જુદા માર્ગોને જોડવા અને વૈયક્તિક અંગોની એકતાને પોતાની આત્મામાં અભ્યંતરીકરણ કરવાનું છે.'

ભારતમાં સાંસ્કૃતિક વારસાનો જે પ્રસાર થયો છે તે સામુદાયિક સહયોગથી પ્રતિષ્ઠા પામ્યો છે. જેમ કે કલા એ દરેક સમુદાયનો હિસ્સો ગણાતો. ભારતીય કલા પર કોઈ એક સમૂહનો અધિકાર નહોતો. શારીરિક શ્રમની દરેક પ્રવૃત્તિઓમાં કલાને સ્થાન હતું. વિવિધ ઋતુઓ, ઉત્સવો વગેરેમાં કલાનું મહત્ત્વ રહ્યું છે. ભીમ બેટકાનાં આદ્યકાલીન ભીંત ચિત્રો સામુદાયિક સહયોગ અને ઉપયોગવાદી ખ્યાલોનો પુરાવો છે.

ભારતીય નવવસાહતીઓ જે જે દેશમાં વસે છે. તેઓએ દેશની સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય એકતાના જતનમાં સહભાગી રહે છે. પરંતુ તેઓ ભારતીય વારસા પ્રત્યે વધુ જાગૃત છે. ભારતીય સંસ્કારોમાં રુચિ છે. ભારતીય ધર્મ, પરંપરા, ભાષાને અનુસરે છે. એટલું જ નહીં, પરંતુ ભારતમાં વસતાં પરિવારજનો, મિત્રોના સંપર્કમાં રહે છે, પોતાના વતનમાં આવી, વતન પ્રત્યેનું ઋણ અદા કરે છે. ધાર્મિક અને સામાજિક પ્રસંગોએ આવીને તેની ઉજવણીમાં સહભાગી બનીને પોતાના વારસાને વિસ્મૃત થતાં અટકાવે છે.

નવવસાહતીનું કર્તવ્ય એ છે કે એ જે દેશમાં વસે છે, ત્યાં પણ ભારતના સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ અને જતનની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું. કલ્ચરલ ફંડ, કલ્ચરલ ટ્રસ્ટ, કલ્ચરલ સોસાયટી, શાળા, કૉલેજ, યુનિવર્સિટી કલ્ચરલ એસોસિએશન, ઈન્ડિયન મોન્યુમેન્ટ ફોટોગ્રાફી એક્ઝીબિશન, ઈન્ડિયન ફોટોગ્રાફી એક્ઝીબિશન, કલ્ચરલ ક્લબ, ઈન્ડિયન કલ્ચરલ વર્કશોપ, સેમીનાર, કોન્ફરન્સ જેવા કાર્યક્રમોનું આયોજન કરવું. ભારતીય ચિંતકો, કલાકારો, અભિનેતાઓ, વૈજ્ઞાનિકો, રાજનીતિજ્ઞો, સાહિત્યકારો, રમતવીરો, સમાજસેવકો, ઉદ્યોગપતિઓ, ઈજનેરો, ડૉક્ટરો, ધર્મનેતાઓનાં વ્યાખ્યાનો યોજવાં. ભારતીય ફિલ્મો, નાટકો, નૃત્યો, ભોજન, પોષાક, યોગના કાર્યક્રમો કરવા. ભારતીય સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટેની

તાલીમ શિબિરો કરવી. ઘર અને ભારતીય સંસ્કૃતિ કેન્દ્રોની સજાવટ-સુશોભન ભારતીય સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરવા.

સાંસ્કૃતિક વારસાના જતન અને સંરક્ષણમાં જાગૃત રહેવું. જેમ કે ભારતીય સાંસ્કૃતિક વારસાની સમસ્યાઓનું સંતૂલિત મૂલ્યાંકન કરતા રહેવું. સાંસ્કૃતિક વારસાના નામે મનુષ્ય-મનુષ્ય વચ્ચે ભેદ ઉત્પન્ન કરે એવા વિચારો, પ્રવૃત્તિઓ કે કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું નહિ, તેનો અસહકાર કરવો. એટલું જ નહિ એવા સમૂહો કે સંસ્થાઓ સામે વિરોધ પ્રદર્શનો કરવાં. યુવાનોમાં ભારતના સાંસ્કૃતિક વારસામાં પ્રગતિ તત્ત્વોનું સિંચન થાય એવી પ્રવૃત્તિઓ પૂરા ઉત્સાહથી કરવી. સાંસ્કૃતિક વારસાને નામે કટ્ટરપંથીઓને પ્રભાવશાળી થવા જ ન દેવા. એમ વારસાને બજારવાદથી પણ બચાવવો, સાંસ્કૃતિક વારસાને યોગ્ય એવી યુવા સંસ્કૃતિનું ઘડતર કરવું. પ્રચાર માધ્યમોમાં પણ ભારતનાં શુદ્ધ સાંસ્કૃતિક તત્ત્વો અને કાર્યક્ષમ સાંસ્કૃતિક કાર્યક્રમોનો પ્રચાર-પ્રસાર થાય. સાંસ્કૃતિક વારસાના સુખદાયી અને શાંતિપ્રિય પ્રસંગોનો પ્રસાર કરવો. વિદેશોમાં એ દેશની ભાષાનો હૃદયથી આદર કરવો, પરંતુ માતૃભૂમિની ભાષાનું ગૌરવ પણ જાળવી રાખવું. સાંસ્કૃતિક વારસાના ઘડતરમાં ઉપયોગી થઈ શકે એવી દરેક વ્યક્તિને કલા નિર્માણ અને સ્વબુદ્ધિના ઉપયોગની સંપૂર્ણ સ્વતંત્રતા આપવી. આ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે એ માટે આર્થિક સહયોગ કરવો. જે પ્રદેશમાં કર્મભૂમિ છે એ પ્રદેશના સારા અને શુદ્ધ સાંસ્કૃતિક તત્ત્વોનાં જરૂર સ્વીકારવાં. સાંસ્કૃતિક પરંપરાને ઉપયોગી તત્ત્વોને જરૂર સ્વીકારવાં. સાંસ્કૃતિક વારસાની રચનાત્મક અને સર્જનાત્મક ઊર્જાનું સંરક્ષણ કરવું. વૃદ્ધો-પ્રૌઢો-યુવાનો અને બાળકો વચ્ચે સાંસ્કૃતિક સેતુનું નિર્માણ કરવું. સાંસ્કૃતિક વારસા થકી આનંદ, શાંતિ, સુખ, મળે એવાં કાર્યો કરવા. માત્ર મનોરંજન જ નહિં, ભારતના સાંસ્કૃતિક વારસા થકી જ્ઞાન અને વિજ્ઞાનના નવા વિચારો અને સંશોધનોને પ્રોત્સાહિત કરવા.

લંડનમાં નવવસાહતી ભારતીય દ્વારા 'પીપલ' નામની સંસ્થા સ્થાપવામાં આવી છે. આ સંસ્થાનો ઉદ્દેશ્ય, દરેક વ્યક્તિની મુક્તિ અને તેના સશક્તિકરણની પ્રક્રિયાને પ્રેરીતને વેગ આપી, તે દ્વારા એક ન્યાય અને શાંતિમય વિશ્વની રચનામાં તે પ્રદાન કરી શકે એ છે. ગાંધીજી કહે છે એમ, 'તમે વિશ્વમાં જે તફાવત અને સુપરિવર્તન જોવા ઇચ્છો છો તે તમે જાતે જ બનવું જોઈએ.' 'પીપલ' જેવી ઘણી સંસ્થાઓ ભારતીય નવવસાહતીઓએ સ્થાપેલી છે, ગાંધીજીનું સપનું સાકાર થાય એવી પ્રવૃત્તિઓનો પ્રસાર પણ કરે છે. વૈશ્વીકૃત પરિવેશમાં ભારતનો સાંસ્કૃતિક વારસો એક નવા વૈચારિક-સાંસ્કૃતિક ચલન તરીકે સફળતા મેળવે એવા પ્રયત્નો કરે છે.

**સમાપન :**

ભારતીય નવવસાહતીઓ પોતાની આપવીતીમાં કહે છે કે, 'મારો જન્મ અને ઉછેર ઇંગ્લેન્ડમાં થયો છે, હું બ્રિટીશ પાસપોર્ટ ધરાવું છું. મારો દરેક હેતુ અને પસંદગીથી હું અંગ્રેજીને મારી પહેલી ભાષા ગણું છું. અરે ! હું કોઈ અંગ્રેજના જેવો પહેરવેશ ધારણ કરું છું. આમ છતાં મારા આવા બધા જ દેખીતા અંગ્રેજપણા છતાં ઇંગ્લેન્ડમાં મને બહારનો વિદેશી ગણવામાં આવે છે. અરે ! આ એ જ સ્થળ છે જેને હું મારું ઘર ગણું છું.' આ કથન પ્રમાણે તો ભારતીય નવવસાહતીઓ વિદેશોમાં પોતાની કર્મભૂમિમાં દૂધમાં સાકર ભળી જાય એમ ભળી ગયા છે. છતાંય દેશ, જાતિ, ધર્મ, ભાષા, પરંપરાને ધ્યાનમાં રાખી વિદેશોમાં મૂળનિવાસી અને નવવસાહતીઓના ધર્મ, દેવી-દેવતાઓ, સંસ્કૃતિના અપમાનની ઘટનાઓ બને છે. જુદી જુદી ચીજો-વસ્તુઓ જેવી કે સ્ત્રીઓના અંતઃવસ્ત્રો, બૂટ, ટોયલેટમાં ભારતીય દેવી-દેવતાઓનાં ચિત્રોનું પ્રદર્શન કરે છે. આ પ્રકારના અપમાનોથી નવવસાહતીઓમાં આક્રોશ પણ હોય છે. પરંતુ તેનો માર્ગ છે ભારતીય સાંસ્કૃતિક વારસાના

પ્રગતિશીલ તત્ત્વોનો પ્રચાર-પ્રસાર કરવો. માત્ર કથાકારો, ધાર્મિક સપ્તાહો, ધાર્મિક સ્મારકો કે ધાર્મિક સંગઠનો અને નેતાઓના કાર્યક્રમોથી મૂળનિવાસીઓ અને નવવસાહતીઓ વચ્ચેના ભેદને દૂર કરી શકાય નહિ. બન્ને વચ્ચેના પારસ્પરિક વિશ્વાસ અને સહકારના કાર્યક્રમો જરૂરી છે. ભારતીય નવવસાહતીઓમાં પ્રયોજનિક અને સંચાલકીય નેતૃત્વનો વારસો છે. ધંધાકીય શાણપણ છે. આ ક્ષમતાઓથી મૂળનિવાસીઓને આકર્ષી શકાય છે. આરોગ્ય, વિજ્ઞાન, કલા, વ્યાપાર એવા વિવિધક્ષેત્રોનાં મંડળો અને કાર્યક્રમોથી ભારતીય સાંસ્કૃતિક વારસાનાં પ્રગતિશીલ તત્ત્વોનો પરિચય આપી શકાય છે.

કોઈપણ વ્યક્તિ કે રાષ્ટ્રની સ્વતંત્રતા, સ્વાભિમાન કે પ્રગતિ વિશે અપમાનજનક વ્યવહાર કરવો એ વિકૃત માનસિકતા છે. વિશ્વમાં દરેક વ્યક્તિને વ્યક્તિત્વના વિકાસની સંપૂર્ણ તક પ્રાપ્ત કરવાનો અધિકાર છે. કોઈ પણ વ્યક્તિ કે તેના રાષ્ટ્ર પ્રત્યે અપમાન અને તિરસ્કૃતભાવનું પ્રદર્શન કરવું, એ મનુષ્યના ગૌરવ અને સંસ્કારોને નુકસાન કરવા જેવું છે.

માત્ર એક જ વ્યક્તિનું તિરસ્કૃત કૃત્ય, શબ્દો અને પ્રવૃત્તિઓથી સમગ્ર સમુદાય અને રાષ્ટ્રને માટે શરમજનક છે. એ નિંદા કે ટીકાને પાત્ર છે. એ અધોગતિનો માર્ગ છે.

નવવસાહતીઓ ભારત પ્રત્યે વતન પ્રેમ રાખે છે, એટલો જ પ્રેમ જે દેશમાં વસાહતો સ્થાપી છે તેના પ્રત્યે પણ ગૌરવ અને પ્રતિષ્ઠા માટે પ્રયત્નશીલ રહે. બંને વચ્ચે સાંસ્કૃતિક એકરૂપતા અને વિકાસની સમાન તકો શોધવી. બંને વચ્ચેના વ્યર્થ સંઘર્ષને ટાળે, સાંસ્કૃતિક-સંવાદ સેતુ તૈયાર કરે. અર્થહીન અનુકરણ અને સાંસ્કૃતિક વિસંગતિઓ, વિકૃતિઓ પર સામુહિક જનમત જાગૃત કરે, સંસ્કૃત મૂલક વિંતડાવાદ, ઉન્માદ એ તો શુદ્ધ અને પ્રગતિશીલ સાંસ્કૃતિક વારસાની જીવંતતા અને તેની શક્તિનો વિનાશ કરવાની પ્રક્રિયા છે.

ખરેખર તો સાંસ્કૃતિક વારસાના સામર્થ્ય થકી વિશ્વના લોકોની પાયાની માનવીય સમસ્યાઓનો ઉકેલ કેવી રીતે શોધી શકાય, વિશ્વના પર્યાવરણને શાંતિ, પ્રેમ અને અહિંસાના માર્ગથી કેવી રીતે ઉગારી શકાય, એ માવજતની શક્તિ ભારતીય સાંસ્કૃતિક વારસામાં શોધવાની જરૂર છે.

ભારતભૂમિ અને તેનો સાંસ્કૃતિક વારસો ઘણો સમૃદ્ધ છે. એટલે જ-

અમીર ખુશરોએ એક સુંદર પંક્તિમાં ગૌરવજ્ઞાન કર્યું છે કે,

ગર ફિરદૌસ બર રુ એ જમી અસ્ત,<br>
હમીં અસ્ત, હમીં અસ્ત, હમી અસ્તઃ,<br>
(જો પૃથ્વી પર ક્યાંય પણ સ્વર્ગ છે,<br>
તો અહીંયાં છે, અહીંયાં છે, અહીંયાં છે)

**સંદર્ભ ગ્રંથો :**


1. Dewani, Richa; (2013) "Indian Diaspora" Book Enclave, Jaipur.
2. Telesera, Hemlata; Mehta, Vishwas; Kothari Indu; (2006), "Culture Heritage and Educational Initiative," Authors Press, Delhi.
3. Sen, Amartya; (2005) "The Argumentative Indian Writing on Indian Cultural, History and Identity," Penguin Books.
4. કેળકર, દત્તાત્રેય કેશવ; (૧૯૭૫) 'સંસ્કૃતિ સંગમ,' ભાષાંતર નિધિ પ્રકાશન, ભાવનગર.
5. શેઠ, પ્રવિણ; દવે, જગદીશ (૨૦૦૭), 'બ્રિટનમાં ગુજરાતીઓ-ઈન બિટવિનનેસથી હોમલીનેસ' ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.


• • •

# કાર્લ માર્ક્સ્ : ગહન સમાજશાસ્ત્રીય ચિંતક

– ડૉ. મનિષ એમ. જનસારી*

કાર્લ માર્ક્સ અગ્રગણ્ય સામાજિક ચિંતક તરીકે વૈશ્વિક ખ્યાતિ ધરાવે છે અને તેમના સિદ્ધાંતો તેમ જ વિચારસરણીની સૂઝ કેળવ્યા સિવાય સામાજિક વિજ્ઞાનોનું જ્ઞાન અધૂરું સાબિત થાય. રીટ્ઝર નોંધે છે કે, 'કાર્લ માર્ક્સ દર્શનશાસ્ત્રી, ક્રાંતિકારી, લેખક, પત્રકાર, રાજકીય, વૈજ્ઞાનિક, ન્યાયવિદ્ અને સમાજશાસ્ત્રી હતા. એ સત્ય છે કે કાર્લ માર્ક્સ જટિલ વિચારક હતા કે જેના સર્જનોએ વિવિધ ક્ષેત્રના અભ્યાસીઓને આકર્ષ્યા છે.' રેમન્ડ એરોનના મતે, 'કાર્લ માર્ક્સ મૂડીવાદી રાજ્ય શાસનપદ્ધતિના પ્રથમ અને અગ્રણી સમાજશાસ્ત્રી હતા. વિશ્વના અબજો માનવીઓ માર્કસવાદી સિદ્ધાંતો શિખ્યા છે.1 એવું કહી શકાય કે કાર્લ માર્ક્સ ઓગણીસમી સદીના સૌથી વધુ પ્રભાવશાળી સમાજવાદી વિચારક હતા, તેમ છતાં સમગ્ર જીવનકાળ દરમિયાન સમગ્ર વિશ્વે અને બુદ્ધિજીવીઓએ તેઓની અવગણના કરી હતી. શીત યુદ્ધના અંત સુધીમાં વિશ્વનાં કેટલાંક રાષ્ટ્રોમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંત વ્યવહારિક રીતે માર્ક્સવાદી અને નવમાર્ક્સવાદી સિદ્ધાંત સાથે એકરૂપ થઈ ગયા હતા અને અન્ય રાષ્ટ્રોમાં (ખાસ કરીને યુ.એસ.એ.માં) એક મહત્ત્વપૂર્ણ સમાજશાસ્ત્રીય ચિંતક તરીકે કાર્લ માર્ક્સને અવગણવામાં આવેલા. પૂર્વ યુરોપમાં કાર્લ માર્ક્સનો પ્રભાવ અપ્રતિકારક હતો, જ્યારે પશ્ચિમ યુરોપમાં કાર્લ માર્ક્સનો પ્રભાવ વૈવિધ્યપૂર્ણ હતો. મોટાભાગના અમેરિકન સિદ્ધાંતશાસ્ત્રીઓએ એક ચિંતક તરીકે કાર્લ માર્ક્સને રૂખસદ આપી હતી. હેન્રી લેફ્બ્રે પોતાના પુસ્તકમાં રજૂઆત કરી કે કાર્લ માર્ક્સ માત્ર સમાજશાસ્ત્રી નહોતા, પરંતુ તેઓના સમગ્ર સર્જનકાર્યમાં જ સમાજશાસ્ત્ર રહેલું છે. આથી ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૮૦ દરમિયાન અમેરિકન સમાજશાસ્ત્રીય સિદ્ધાંતમાં માર્ક્સવાદી અને નવમાર્ક્સવાદી સિદ્ધાંતનું સુગ્રથન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. પ્રસ્તુત લેખમાં સંઘર્ષવાદી સિદ્ધાંતના પ્રણેતા કાર્લ માર્ક્સના સમાજશાસ્ત્રીય વિશ્લેષણોને પ્રસ્તુત કરવાનો પ્રયાસ કર્યો છે કે જે દ્વારા તેઓના સમાજશાસ્ત્રીય પ્રદાન વિશે સૂઝ કેળવી શકાય.

**કાર્લ માર્ક્સ – કાર્યવાદના પ્રણેતા :**

ઐતિહાસિક ભૌતિકવાદનો સિદ્ધાંત કાર્લ માર્ક્સના સામાજિક અને રાજકીય વિચારણાનો મૂલાધાર છે અને તે ઐતિહાસિક અને આર્થિક ઇતિહાસ પ્રત્યેનો તેઓનો અણનમ દૃષ્ટિકોણ રહ્યો છે. A Contrubution to the Critique of Political Economy, 1859ની પ્રસ્તાવનામાં કાર્લ માર્ક્સે ઐતિહાસિક ભૌતિકવાદનો સાર રજૂ કર્યો છે. સામાજિક ઉત્પાદનમાં માનવીઓ નિશ્ચિત સંબંધોમાં પ્રવેશે છે કે જે તેઓની ઇચ્છાથી અવિચ્છનીય અને સ્વતંત્ર હોય છે, ઉત્પાદનના આ સંબંધો તેઓના ઉત્પાદનના ભૌતિક સામર્થ્યના વિકાસના નિશ્ચિત તબક્કા સાથે સુસંગત હોય છે. આ ઉત્પાદન સંબધોની સમગ્રતા સમાજની આર્થિક સંરચના પ્રસ્થાપિત કરે છે કે જે સમાજની કાનૂની અને રાજકીય અધિરચનાઓનો વાસ્તવિક આધાર છે અને તે સામાજિક સભાનતાના નિશ્ચિત સ્વરૂપોને સુસંગત હોય છે. ભૌતિક જીવનની ઉત્પાદનની પદ્ધતિ જીવનની સામાજિક, રાજકીય અને આધ્યાત્મિક પ્રક્રિયાઓને નિર્ણિત કરે છે. માનવ વિકાસના એક ચોક્કસ તબક્કે સમાજમાં ઉત્પાદનનાં ભૌતિક બળો વિદ્યમાન ઉત્પાદન સંબંધો કે મિલકત સંબંધો સાથે સંઘર્ષમાં આવે છે. ઉત્પાદન બળોના વિકાસના સ્વરૂપોમાંથી આ સંબંધો બંધનકર્તા સ્વરૂપે બદલાય છે. પછીથી સામાજિક ક્રાંતિનો તબક્કો આવે છે. આર્થિક પાયાના પરિવર્તનની સાથે સમગ્ર અધિરચના વધુ કે ઓછી ઝડપે પરિવર્તિત થાય છે. બધાં જ ઉત્પાદન બળો સંપૂર્ણપણે વિકસિત થાય તે પૂર્વે કોઈ જ સામાજિક વ્યવસ્થા અદૃશ્ય થઈ જતી નથી અને પુરાતન સમાજના ગર્ભમાં ભૌતિક પરિસ્થિતિઓ પરિપક્વ થાય તે પૂર્વે

* આસિ. પ્રૉફેસર સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી ભીખાભાઈ આર્ટ્સ કૉલેજ, આણંદ

નવા ઉચ્ચ ઉત્પાદન સંબંધો ક્યારેય દશ્યમાન થતા નથી. સમાજના આર્થિક સંગઠનની પ્રગતિમાં એશિયાટિક, પ્રાચીન, સામંતશાહી અને ઉત્પાદનની આધુનિક બુર્ઝવા પદ્ધતિ જેવા યુગારંભો જોવા મળ્યા છે. ઉત્પાદનના બુઝવા સંબંધો ઉત્પાદનની સામાજિક પ્રક્રિયાનું અંતિમ વિરોધી સ્વરૂપ છે. એ જ સમયે, બુર્ઝવા સમાજના ગર્ભમાં વિકસી રહેલાં ઉત્પાદનના બળો આ વિરોધના નિરાકરણ માટેની ભૌતિક પરિસ્થિતિઓ સર્જે છે. આ સામાજિક સંગઠન માનવ સમાજના પ્રાક્‌ઐતિહાસિક તબક્કાના અંતિમ અધ્યાયનું સ્થાપન કરે છે.1

ઉપરોક્ત અવતરણ કાર્લ માર્ક્સના આર્થિક નિર્ણાયકવાદનું સૂચન કરે છે કે જેની સૌથી વધુ ટીકાઓ થઈ છે. આ ચર્ચાને લક્ષમાં ન લઈએ તો કાર્લ માર્ક્સનું ઉપરોક્ત અવતરણ સંરચનાત્મક-કાર્યવાદી સિદ્ધાંતનું હાર્દ/પૂર્વધારણાઓ પ્રસ્તુત કરે છે. સામાજિક વ્યવસ્થાના વિભિન્ન ભાગો પરસ્પરાવલંબિત અને પરસ્પર સંબંધિત છે, સમાજના એક ભાગને અન્ય ભાગના સંદર્ભમાં જ સમજી શકાય. સામાજિક વ્યવસ્થાના એક ભાગમાં આંતરિક પરિબળોના કારણે આવતું પરિવર્તન બીજા ભાગોમાં અનુકૂલનાત્મક પરિવર્તનો લાવે છે. કાર્યવાદી સિદ્ધાંતની આ મૂળભૂત પૂર્વધારણા કાર્લ માર્ક્સના ઐતિહાસિક ભૌતિકવાદમાં સ્પષ્ટ થાય છે. આથી તેઓ પ્રથમ કાર્યવાદી કહી શકાય. અલબત્ત, પ્રારંભમાં કાર્લ માર્ક્સે પાયાગત સંરચના અને અધિરચના વચ્ચે એકરેખીય સંબંધ સ્પષ્ટ કર્યો હતો. તેમના સિદ્ધાંત અનુસાર પાયાગત સંરચના આવશ્યકપણે જ ઉત્પાદન બળો અને ઉત્પાદન સંબંધોની બનેલી હોય છે, જ્યારે અધિરચનામાં કાનૂની અને રાજકીય સંસ્થાઓ, વિચારવાની રીતો, વિચારસરણીઓ અને દર્શનશાસ્ત્ર સમાવિષ્ટ થાય છે. જેમાં પાયાગત સંરચના નિર્ણાયક છે અને પાયાગત સંરચનાનું સ્વરૂપ નિર્ણિત કરે છે, કારણ કે તેઓના મંતવ્ય અનુસાર માનવીની ભૌતિક આવશ્યકતાઓ બૌદ્ધિક આવશ્યકતાઓની પૂર્વે ઉદ્‌ભવે છે. આથી વિચારોનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. માનવી જે ભૌતિક પરિસ્થિતિમાં જીવન જીવે છે તેના આધાર પર જ વિચારોનું સર્જન થાય છે. આમ, ભૌતિક વિશ્વ કે અર્થવ્યવસ્થા માનવ સમાજની પાયાગત સંરચના છે અને તેના આધાર પર ઉદ્‌ભવતી સંસ્થાઓ અને વિચારસરણી ગૌણ વાસ્તવિકતા છે કે જ્યાં આર્થિક પાયાના પરિવર્તનોની સાથે સમગ્ર અધિરચના વધુ કે ઓછી ઝડપે પરિવર્તિત થાય છે.

મૂડીવાદી સમાજોમાં અર્થવ્યવસ્થા પ્રભાવી સંસ્થા સ્વરૂપે ઊભરી આવતી હોય છે અને સામાજિક માળખા અને સંસ્થાઓને પ્રભાવિત કરતી હોવા છતાં, તેઓનો નિર્ણાયકવાદ અને બંને સંરચનાઓ વચ્ચેનો એકરેખીય સંબંધ સ્વીકારી શકાય નહીં. અલબત્ત, ઉત્તરાર્ધમાં પ્રસ્તુત એકરેખીય સંબંધ વિશે કાર્લ માર્ક્સના દષ્ટિબિંદુમાં આવેલા પરિવર્તન પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એંજલ્લે નોંધ્યું છે કે, 'ઐતિહાસિક ભૌતિકવાદ અનુસાર વાસ્તવિક જીવનમાં ઉત્પાદન અને નવસર્જન ઇતિહાસનાં નિર્ણાયક તત્ત્વો છે. આર્થિક પરિસ્થિતિ આધાર છે, પરંતુ અધિરચનાનાં વિવિધ તત્ત્વો પણ ઐતિહાસિક દ્વંદ્વના ક્રમ પર પ્રભાવ પાડે છે અને ઘણા કિસ્સામાં તેના સ્વરૂપને નિર્ણિત કરવામાં પ્રભાવી સાબિત થાય છે. આ બધાં તત્ત્વો વચ્ચેની આંતરક્રિયામાં અંતે આર્થિક તંત્ર સ્વતંત્ર આવશ્યકતા તરીકે પ્રતિપાદિત થાય છે. રાજકીય, ન્યાયિક, દર્શનશાસ્ત્રીય, ધાર્મિક, સાહિત્ય અને કળા ઇત્યાદિનો વિકાસ આર્થિક વિકાસના આધાર પર થાય છે, પરંતુ આ બધા જ એકબીજા સાથે પ્રતિક્રિયા કરે છે અને આર્થિક સંરચના સાથે પણ પ્રતિક્રિયા કરે છે. આર્થિક પરિસ્થિતિ એકમાત્ર કારણ નથી કે એકમાત્ર સક્રિય તત્ત્વ નથી અને અન્ય બધું જ નિષ્ક્રિય પરિણામ નથી.'5

આ અવતરણ સ્પષ્ટ કરે છે કે પાયાગત સંરચના અને અધિરચના વચ્ચે પારસ્પરિક સંબંધ રહેલો છે અને તેઓ પરસ્પરને પ્રભાવિત કરે છે અને પારસ્પરિક પરિવર્તનો નીપજાવે છે. વધુમાં, કાર્લ માર્ક્સનો કાર્યવાદી અને સમગ્રદર્શી અભિગમ અહીં વધુ સ્પષ્ટ થાય છે. એટલે કે, સમાજશાસ્ત્રમાં પ્રભાવી રચનાતંત્રીય કાર્યવાદી સિદ્ધાંતના મૂળ કાર્લ માર્ક્સના ઐતિહાસિક ભૌતિકવાદમાં જોવા મળે છે.

### કાર્લ માર્ક્સ અને સામાજિક સંબંધો :

સામાજિક સંબંધો સમાજશાસ્ત્રનું કેન્દ્રિય વિષયવસ્તુ છે. સમાજશાસ્ત્ર જ એક એવું સામાજિક વિજ્ઞાન છે કે જે સામાજિક સંબંધોનો અભ્યાસ કરે છે. આ સંદર્ભમાં જોઈએ તો, કાર્લ માર્ક્સ પ્રશિષ્ટ સમાજશાસ્ત્રી ગણી શકાય, કારણ કે તેમનું મૂડીવાદનું વિશ્લેષણ, વર્ગ અને વિમુખતાની સંકલ્પના સામાજિક સંબંધોના વિશ્લેષણ પર કેન્દ્રિત થઈ હતી. આ દૃષ્ટિએ જોઈએ તો કાર્લ માર્ક્સ પ્રથમ સમાજશાસ્ત્રી હતા કે જેઓએ સામાજિક સંબંધોની સૈદ્ધાંતિક વિચારણા કરી હતી.

**(અ) મૂડીવાદ સામાજિક સંબંધોના તંત્રની પ્રસ્થાપના તરીકે :**

રેમન્ડ એરોન જેને Marx's masterpiece – the heart of his heart તરીકે ઓળખાવે છે તે કેપિટલ ગ્રંથના ત્રણ વોલ્યુમમાં કાર્લ માર્ક્સે મૂડીવાદના વિભિન્ન પાસાઓનું સૈદ્ધાંતિક વિશ્લેષણ કર્યું છે. મોરીસન નોંધ છે કે, 'મૂડીવાદને એક પ્રકારના અર્થતંત્ર તરીકે પરિભાષિત કરી શકાય કે જે અઢારમી અને ઓગણીસમી સદીમાં ઔદ્યોગિક વિકાસના સમયગાળા દરમિયાન ઉદ્ભવ્યું હતું. તે ઉપભોગ, સંપત્તિનું સર્જન અને સમાજના વિકાસના હેતુસર ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવા માટે ઉદ્યોગ, વાણિજ્ય, શ્રમ અને મૂડીને કામે લગાડે છે. મૂડીવાદના વિકાસનું મૂળ ઈ.સ. ૧૪૭૫-૧૮૫૦ દરમિયાન ઈંગ્લેન્ડમાં આવેલા અસંખ્ય ચાવીરૂપ, સામાજિક પરિવર્તનોમાં રહેલું છે. આ સમયગાળા દરમિયાન સામંતશાહી જમીન ખાનગી મિલકત તરીકે પરિવર્તિત થતાં મિલકત સંબંધોમાં નક્કર આર્થિક પરિવર્તનો આવ્યાં. ખાનગી મિલકતના સર્જન સાથે કૃષિદાસ અને કૃષિમજૂરો આર્થિક આજીવિકાનાં સાધન એવી જમીનથી અલિપ્ત બન્યા. તેથી પોતાની મૂળભૂત આર્થિક આવશ્યકતાઓને પહોંચી વળવા માટે અસમર્થ બન્યા અને નવાં ઉત્પાદન બળો તરફ ધકેલાયા. તેઓ આજીવિકાની શોધમાં શ્રમ વેચવા માટે નવાં ઉદ્ભવેલાં ઔદ્યોગિક કેન્દ્રો તરફ સ્થળાંતર કરવા લાગ્યા. આથી ગ્રામીણ અર્થતંત્ર પર નગર અર્થતંત્ર પ્રભાવી બન્યું. આ ઐતિહાસિક પરિસ્થિતિના સંદર્ભમાં કાર્લ માર્ક્સ મૂડીવાદને સામંતશાહી અર્થતંત્રમાંથી ઔદ્યોગિક અર્થતંત્ર તરફની ઐતિહાસિક સંક્રાંતિ દરમિયાન સામાજિક સંબંધોના તંત્રની પ્રસ્થાપના તરીકે પરિભાષિત કરે છે.'3

આ અર્થમાં કાર્લ માર્ક્સ માટે મૂડીવાદ નિશ્ચિત પ્રકારના સામાજિક સંબંધોનું તંત્ર છે. એટલે કે, તેઓએ મૂડીવાદ જેવી આર્થિક સંકલ્પનાને સામાજિક સંબંધોના સંદર્ભમાં સમજાવી છે. એટલું જ નહીં, તેઓએ આદમ સ્મિથ અને રિકાર્ડો જેવા રાજકીય અર્થશાસ્ત્રીઓની ટીકા પણ કરી કે જેઓ મૂડીવાદને સંપત્તિના સર્જનમાં જમીન, શ્રમ અને મૂડીનો ઉપયોગ કરતા બજારતંત્ર તરીકે પરિભાષિત કરતા હતા. કેપિટલમાં કાર્લ માર્ક્સે નોંધ્યું છે કે, 'નાણાં, શ્રમ કે ચીજવસ્તુઓમાંથી કોઈ પણ એક મૂડીવાદને પરિભાષિત કરવા માટે પર્યાપ્ત નથી. મૂડીવાદી બનવા માટે સમાજમાં નાણાં અને ચીજવસ્તુઓનું સામાજિક સંબંધોના તંત્રમાં રૂપાંતરણ થવું જ જોઈએ કે જેના માટે ચાર ઐતિહાસિક પરિસ્થિતિઓને પહોંચી વળવું આવશ્યક છે.'3

કાર્લ માર્ક્સે ચીજવસ્તુઓનાં બે મૂલ્યો દર્શાવ્યાં, – (૧) ઉપયોગી મૂલ્ય કે જે સામંતશાહી સમાજમાં પ્રાધાન્ય ધરાવતું હતું અને (૨) વિનિમય મૂલ્ય માત્ર વિકસિત અર્થતંત્રોમાં જ ઉદ્ભવે છે અને માટે તે મૂડીવાદમાં જ જોવા મળે છે. વિનિમય તંત્ર ઐતિહાસિક ઘરના છે અને મૂડીવાદી સમાજના વિકાસ પૂર્વે તે વિકસ્યું નથી. એક વસ્તુના બદલામાં બીજી ચીજવસ્તુનો વિનિમય કે એક ચીજવસ્તુનો અન્યના બદલામાં વ્યાપાર એ વિનિમય મૂલ્ય નથી, પરંતુ એક ચીજવસ્તુનો જથ્થો અન્ય ચીજવસ્તુઓના જથ્થાના મૂલ્યના સંદર્ભમાં વ્યક્ત થતો હોય તો તે વિનિમય મૂલ્ય છે. બે ચીજવસ્તુઓની તુલનામાં સમાન તત્ત્વ એ જોવા મળે છે કે બે ભિન્ન ચીજવસ્તુઓ વિનિમયમાં પોતાનું મૂલ્ય સમતોલ કરે છે. પરિણામે બે ઘટનાઓ બને છે– (એ) બધી જ ચીજવસ્તુઓ વિનિમયમાં પોતાના મૂલ્યના સંદર્ભમાં તુલનાક્ષમ બને છે, (બી) મૂડીવાદમાં વિનિમય મૂલ્ય

અપૂર્વ માત્રામાં વર્ચસ્વી બને છે અને બધા જ સામાજિક સંબંધોને આકાર આપે છે.3 અહીં કાર્લ માર્ક્સે મૂડીવાદ માટે મહત્ત્વપૂર્ણ વિનિમય મૂલ્યના સામાજિક સંબંધો પરના પ્રભાવ પર દૃષ્ટિપાત કર્યો છે. તેઓએ નોંધ્યું છે કે, 'સામંતશાહીમાં મૂડીવાદ તરફની સંક્રાંતિ દરમિયાન સામાજિક સંબંધોના તંત્રમાં આવેલાં પરિવર્તનો સાથે સંબંધિત સામાજિક પ્રક્રિયાના પરિણામે વિનિમય મૂલ્યનો ઉદ્‌ભવ થાય છે. મૂડીવાદી સમાજમાં વિનિમય મૂલ્યનું પ્રભુત્વ વ્યાપક બનતાં તે બધા જ સામાજિક સંબંધોને આકાર આપે છે. જ્યારે સમાજમાં વિનિમય મૂલ્ય પ્રભાવી બને ત્યારે તે ઘટનાઓ બને છે. (અ) વ્યક્તિઓના બધા જ સામાજિક સંબંધો આર્થિક વ્યવહારોનું સ્વરૂપ લે છે, જેમાં તેઓના સામાજિક સંબંધો વિનિમયની ઉપયોગિતા ઘટાડે છે અને (બ) જ્યારે વિનિમય મૂલ્ય મૂલ્યનું એકમાત્ર નિર્ણાયક બને છે અને સામાજિક સંબંધોને આકાર આપે છે ત્યારે મૂલ્ય નિર્ધારણની રીત બદલે છે અને શું મૂલ્યવાન છે તે લક્ષમાં લે છે.'3 આમ, કાર્લ માર્ક્સના મતે, સામાજિક સંબંધોનું પરિવર્તન વિનિમય મૂલ્યનું સર્જન કરે છે કે જે મૂડીવાદના વિકાસ માટે અનિવાર્ય છે અને પછીથી વિનિમય મૂલ્ય સામાજિક સંબંધોને આર્થિક સંબંધો સ્વરૂપે તબદિલ કરે છે કે જે અમુક અંશે ટીકાસ્પદ હોવા છતાં મૂડીવાદી સમાજોમાં સામાજિક સંબંધો પર આર્થિક સંબંધોનું પ્રભુત્વ અવગણી શકાય નહીં.

કાર્લ માર્ક્સનો મૂલ્યનો સિદ્ધાંત પણ સામાજિક માળખાના સંદર્ભમાં આકાર પામ્યો છે. તેમના મતે, 'કોઈપણ ચીજવસ્તુનું મૂલ્ય એક પદાર્થ તરીકે ચીજવસ્તુના તત્ત્વમાં રહેલું નથી. પરંતુ સામાજિક માળખાનું સર્જન છે. ચીજવસ્તુઓના વિનિમય માટેના વિદ્યમાન કાનૂનો કે બજારમાંથી પ્રાપ્ત થતી નાણાકીય કિંમતમાં મૂલ્યનો ઉદ્‌ભવ રહેલો નથી, પરંતુ સામાજિક સંબંધોના તંત્રમાં રહેલો છે. જો કોઈ ચીજવસ્તુનું સ્વતઃ મૂલ્ય ન હોય તો ચીજવસ્તુ પ્રાકૃતિક રીતે મૂલ્ય ધરાવતી નથી, પરંતુ પ્રવર્તમાન સામાજિક માળખામાં વિદ્યમાન સામાજિક સંબંધોમાંથી કોઈ પણ ચીજવસ્તુનું મૂલ્ય ઉદ્‌ભવે છે. તેથી વિનિમય મૂલ્ય માત્ર ઐતિહાસિક રીતે નિર્દિષ્ટ યુગારંભની સાથે જ ઉદ્‌ભવે છે.'3

કાર્લ માર્ક્સે સમાજ અને ચીજવસ્તુઓ વચ્ચેનો સંબંધ વધુ સ્પષ્ટ કરવા માટે ચીજવસ્તુઓ પ્રત્યેના પૂજ્યભાવની સંકલ્પના પ્રસ્તુત કરી હતી. 'આ સંકલ્પનાનો ઉપયોગ એવી પ્રક્રિયા દર્શાવવા માટે કર્યો કે જેના દ્વારા વ્યક્તિઓ વિનિમય તંત્રમાં ચલણમાં રહેલી અસાધારણ મૂલ્ય અને સામર્થ્ય પ્રદાન કરે છે અને તેઓ એવું માને છે કે આવી ચીજવસ્તુઓ એ હદે સામર્થ્ય ધરાવે છે કે ચીજવસ્તુઓ સાથેના વ્યક્તિઓના સંબંધો અંતિમ પૂજ્યભાવ સમાન છે. વિનિમય તંત્રમાં એક વસ્તુ જ્યારે અન્ય વસ્તુઓના સંબંધમાં ચલણી બને ત્યારે ચીજવસ્તુઓ રહસ્યમય સ્વરૂપ પ્રાપ્ત કરે છે. માત્ર એવા સમાજોમાં જ ચીજવસ્તુઓ રહસ્યમય સ્વરૂપ પ્રાપ્ત કરે છે કે જેના સામાજિક સંબંધો ભૂલથી માનવીઓને એવું માનવા માટે ફરજ પાડે છે કે ચીજવસ્તુઓનું મૂલ્ય પ્રકૃતિનો ભાગ છે. વસ્તુનું પોતાનું કોઈ સામર્થ્ય નથી. આ સામર્થ્યનો ગુપ્ત સ્ત્રોત હકીકતમાં વ્યક્તિઓનો તે ચીજવસ્તુ પ્રત્યેનો સક્રિય સંબંધ છે, જે સામાજિક સંબંધોના તંત્ર દ્વારા આકાર પામે છે કે જેમાં વ્યક્તિઓની માન્યતાઓ જડિત હોય છે અને જ્યાં તેઓ ચીજવસ્તુઓ સાથે ધાર્મિક સંબંધો રચે છે. ચીજવસ્તુઓ પ્રત્યેનો પૂજ્યભાવ ઐતિહાસિક રીતે નિર્ણિત થાય છે અને માત્ર એવા સમાજોમાં જ ઉદ્‌ભવે છે કે જેમાં ચીજવસ્તુઓ વિનિમયના માધ્યમમાં પ્રવેશે કે જ્યાં તે હદે સામર્થ્ય પ્રાપ્ત કરે છે કે ચીજવસ્તુઓ વ્યક્તિઓમાં તેના માલિક થવાની અભિલાષા અને તેને બક્ષેલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ઝંખનાનું સર્જન કરે છે.'3 આમ, કાર્લ માર્ક્સે મૂલ્ય નિર્ધારણ, મૂલ્યના પ્રકારો અને ચીજવસ્તુઓ પ્રત્યેના પૂજ્યભાવની ચર્ચા સામાજિક માળખા અને સામાજિક સંબંદોના સંદર્ભમાં કરી છે.

**(બ) સામાજિક વર્ગ - કાર્યાન્વિત સામાજિક સંબંદો તરીકે :**

મૂડીવાદના ઉદ્‌ભવની સાથે સમાજમાં મૂડીપતિઓ અને શ્રમજીવી જેવા બે પરસ્પર વિરોધીભાસી હિતો

ધરાવતા સામાજિક વર્ગો ઉદ્ભવે છે કે જેઓ વચ્ચે સતત સંઘર્ષ ચાલ્યા કરે છે. આથી કાર્લ માર્ક્સના સમગ્ર સર્જનકાર્યમાં વર્ગ અને વર્ગસંઘર્ષનો સિદ્ધાંત મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એંજલ્સ લિખિત The Communist Manifesto પ્રચારગ્રંથ હોવા છતાં, તેનો કેન્દ્રિય વિષય વર્ગસંઘર્ષ હતો. The history of all hitherto Oexisting society is the history of class struggle. આ ગ્રંથ એ કાર્લ માર્ક્સના સૈદ્ધાંતિક દૃષ્ટિબિંદુને સ્પષ્ટ કરવા માટે આ વિધાન પર્યાપ્ત છે.

રેમન્ડ એરોનના મતે, 'કાર્લ માર્ક્સનો પ્રથમ નિર્ણાયક વિચાર છે : માનવ ઇતિહાસને માનવજૂથોના સંઘર્ષ તરીકે આલેખી શકાય. આ માનવજૂથોને સામાજિક વર્ગો તરીકે ઓળખી શકાય, જેની વ્યાખ્યા હજી સુધી સંદિગ્ધ રહી છે.'1 રીટ્ઝરના મતે, 'કાર્લ માર્ક્સે પોતાનાં લખાણોમાં વારંવાર વર્ગ શબ્દપ્રયોગ કર્યો છે, પરંતુ બદનસીબે તેઓએ આ મુદ્દાની પદ્ધતિસરની માવજત કરી નથી. કાર્લ માર્ક્સે સામાજિક વર્ગના અર્થ અંગે આપણને માત્ર સંકેતો જ પૂરા પાડ્યા છે. કાર્લ માર્ક્સના સમગ્ર સર્જનકાર્યના અર્થઘટનના આધારે ઓલમાન નોંધે છે કે કાર્લ માર્ક્સ સામાજિક વર્ગને કાર્યાન્વિત સામાજિક સંબંધો તરીકે પરિભાષિત કરે છે.'4

કાર્લ માર્ક્સના મતે, 'પ્રારંભથી જ સામાજિક સિદ્ધાંતમાં સામાજિક સંબંધોની સંકલ્પનાનો ઉપયોગ સમાજ સાથેના આદાન-પ્રદાનમાં સહભાગી થવાના કારણે વ્યક્તિઓ વચ્ચે ઉદ્ભવતા સામાજિક જોડાણના ગુચ્છનો નિર્દેશ કરે છે, પરંતુ જ્યારે આપણે અર્થતંત્રમાં આજીવિકાના સાધનોનું ઉત્પાદન કરીએ છીએ ત્યારે ઉત્પાદન પ્રક્રિયામાંથી આવા પ્રકારના સામાજિક સંબંધો ઉદ્ભવે છે. માટે સામાજિક સંબંધોની સંકલ્પના સમાજ અને સામાજિક ઇતિહાસનો નિર્દેશ કરતા બે સિદ્ધાંતો પ્રસ્તુત કરે છે : (૧) તે ઉત્પાદનના હેતુસર વ્યક્તિઓનો સામાજિક સંબંધોના તંત્રમાં પ્રવેશ કરવાની ઘટનાનો નિર્દેશ કરે છે, જે હંમેશા સામાજિક-આર્થિક આવશ્યકતાઓનું તત્કાલીન પરિણામ છે. (૨) તે વ્યક્તિઓના સામાજિક સંબંધોના તંત્રમાં પ્રવેશવાની રીતનો નિર્દેશ કરે છે. જેમાં વ્યક્તિઓના હંમેશા સમાજ સાથેના આદાનપ્રદાન હેઠળ પરિસ્થિતિઓની સંરચના કરે છે અને આ સંરચના પ્રભુત્વ-તાબેદારીપૂર્વકના વર્ગસંબંધો સ્વરૂપે પ્રગટ થાય છે. દા.ત., માલિકો અને કામદારો, જમીનમાલિકો અને ગણોતિયા, ઉત્પાદકો અને ઉપભોગકર્તા. ક્યારેક આવા સંબંધોને સંરચિત પ્રતિકાર તરીકે ઓળખવામાં આવે છે. વ્યક્તિઓ ઉત્પાદન સંબંધોમાં ગ્રહણ કરેલાં સ્થાનો દ્વારા સમાજ અને ઇતિહાસમાં સ્થિત થાય છે અને તે સિવાય તેઓની સામાજિક પ્રવૃત્તિઓ આકાર પામતી નથી કે તેને સમજી શકાય નહીં.'3

Wage Labor and Capitalમાં કાર્લ માર્ક્સે નોંધ્યું છે કે, 'શ્રમ, વેતન, ગુલામ, મૂડી અને માલિકથી શ્રમજીવીની ભિન્નતા જેવી સંકલ્પનાઓનો ઉત્તર સામાજિક માળખાનો નિર્દેશ કર્યા સિવાય આપી શકાય નહીં. સામાજિક માળખું, જેમાં વર્ગસંબંધો અસ્તિત્વ ધરાવે છે તેવા સામાજિક સંબંધોના તંત્રનું બનેલું હોય છે. આમ, શ્રમજીવીઓ, માલિકો અને ગુલામો ઇત્યાદિ સામાજિક માળખાનો વિષય બન્યા બાદ સામાજિક સંબંધોમાં પ્રવેશવાનું પરિણામ છે. આથી તેઓના સામાજિક સંબંધો હંમેશા સમાજમાં એકબીજા સાથેના નિશ્ચિત જોડાણોમાંથી ઉદ્ભવતા વિશિષ્ટ આંતરિક સંગઠન અને સંબંધોની નીપજ હોય છે અને તેના સિવાય શ્રમજીવીઓ, માલિકો અને ગુલામોનું અસ્તિત્વ હોઈ શકે નહીં.'3 આમ, કાર્લ માર્ક્સના સમગ્ર વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે સામાજિક વર્ગોનું અસ્તિત્વ સામાજિક માળખામાં જ સંભવિત છે. આથી તેઓએ સામાજિક માળખામાં અસ્તિત્વ ધરાવતા સામાજિક સંબંધોના તંત્ર તરીકે સામાજિક વર્ગને પરિભાષિત કર્યા છે. એટલે કાર્લ માર્ક્સનું સમગ્ર વિશ્લેષણ અર્થતંત્ર પર કેન્દ્રિત હોવા છતાં મૂડીવાદ, વર્ગ, મૂલ્ય જેવી આર્થિક સંકલ્પનાઓનું સામાજિક સંબંધોના સંદર્ભમાં વિશ્લેષણ કર્યું છે.

કાર્લ માર્ક્સના મતે, 'ઉત્પાદન પ્રથમ ઐતિહાસિક ક્રિયા છે અને ભૌતિક જીવનને લગતું ઉત્પાદન વર્તમાનકાલીન અને હજારો વર્ષ પૂર્વેના ભૂતકાલીન ઇતિહાસની મૂળભૂત પરિસ્થિતિ છે. પ્રત્યેક પ્રકારની ઉત્પાદન પદ્ધતિ ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલી વ્યક્તિઓ વચ્ચે વિદ્યમાન સામાજિક સંબંધોનો સંકુલ લાદે છે. માનવીઓ માત્ર વ્યક્તિઓ તરીકે નહીં, પરંતુ સમાજના સભ્ય તરીકે ઉત્પાદન કરે છે. માટે એવો કોઈ સમાજ નથી કે જે નિશ્ચિત પ્રકારના સામાજિક સંબંધોના સંકુલ પર રચાયો ન હોય.'3 અહીં કાર્લ માર્ક્સે ઉત્પાદન પદ્ધતિ અને સામાજિક સંબંધો વચ્ચેનો આંતરસંબંધ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે.

આ સંદર્ભમાં કાર્લ માર્ક્સે કેપિટલમાં નોંધ્યું છે કે, 'વર્ગો આવકજૂથો નથી. જો કે, આર્થિક ચીજવસ્તુઓનું વિતરણ તેનાથી અલગ એવું ક્ષેત્ર નથી કે ઉત્પાદનથી સ્વતંત્ર નથી, પરંતુ વર્ગો ઉત્પાદન પદ્ધતિ દ્વારા નિર્ણિત થાય છે. ઉત્પાદનનું નિશ્ચિત નિયમો દ્વારા જ્યારે વિતરણનું માનવ સંસ્થાઓ દ્વારા નિયમન થાય છે. આમ, કાર્લ માર્ક્સ માટે વર્ગો ઉત્પાદન સંબંધોનું એક પાસું છે. ઉત્પાદન સાધનો પરની ખાનગી મિલકતની માલિકી સાથેના વ્યક્તિઓના સમૂહોના સંબંધ દ્વારા વર્ગો રચાય છે. બધા જ વર્ગ સમાજો બે પ્રતિદ્વંદ્વી વર્ગો વચ્ચેના વિભાજનની પ્રાથમિક રેખાની આસપાસ નિર્માણ પામે છે, જેમાં એક વર્ગ પ્રભુત્વ ધરાવે છે અને અન્ય વર્ગ તેને તાબેદાર હોય છે.'3

આમ, કાર્લ માર્ક્સના વિશ્લેષણ અનુસાર વર્ગ નિશ્ચિત પ્રકારના સામાજિક સંબંધોનું તંત્ર છે અને ઉત્પાદન સંબંધોમાં વિભેદીકૃત શ્રમવિભાજન સંકળાય છે ત્યારે વર્ગો ઉદ્ભવે છે. આમ, વર્ગોનું સ્વરૂપ સમાજની ઉત્પાદન પદ્ધતિ સાથે સંબંધિત છે. અલબત્ત, કાલ્ માર્ક્સે જર્મની અને ફ્રાંસમાં દર્શાવેલા વિભિન્ન વર્ગો/જૂથો હંમેશા સામાજિક વર્ગ રચના નથી. કારણ કે, વર્ગ રચના માટે જે-તે જૂથમાં હંમેશા નિશ્ચિત મનોવૈજ્ઞાનિક સમુદાય અને ઔક્યની નિશ્ચિત ભાવના કે સામૂહિક વર્તન માટેની તીવ્ર ઇચ્છા હોવી જોઈએ. The Eighteenth Brumaire of louis Bonapartમાં કાર્લ માર્ક્સે સ્પષ્ટ કર્યું છે કે, સમાન આર્થિક પ્રવૃત્તિ અને સમાન જીવનશૈલી ધરાવતા હોવા છતાં, શા માટે માનવીઓનું વિશાળ જૂથ અનિવાર્યપણે સામાજિક વર્ગનું પ્રતિનિધિત્વ કરતું નથી. અત્યાર સુધી લાખો કુટુંબો આર્થિક પરિસ્થિતિ હેઠળ જીવન જીવે છે કે જે તેઓની જીવનરીતિને, તેઓના હિતોને અને સંસ્કૃતિને અન્ય વર્ગોથી અલગ કરે છે અને તે તેઓને પછીના (અન્ય વર્ગો) પ્રત્યેના દુશ્મનાવટભર્યા વલણમાં મૂકે છે. આથી તેઓ વર્ગ રચે છે. અત્યાર સુધી ખેડૂતોમાં તે માત્ર આધુનિક જોડાણ પૂરતું અસ્તિત્વ ધરાવતું હતું, જેમાં તેઓના હિતોની વ્યક્તિગતતા અને એકાંત્રીતા તેઓ વચ્ચેના હિતોના ઐક્ય, રાષ્ટ્રીય જોડાણ અને રાજકીય સંગઠનને અટકાવતું હતું. આથી તેઓ વર્ગ રચતા નથી. કાર્લ માર્ક્સનો વિચાર એ છે કે પ્રવૃત્તિઓની સામુદાયિકતા, વિચારવાની રીતો અને જીવનશૈલી આવશ્યક છે, પરંતુ સામાજિક વર્ગની વાસ્તવિકતા માટે અપર્યાપ્ત પરિસ્થિતિ છે. સામાજિક વર્ગ બનવા માટે એક્યની સભાનતા, અન્ય વર્ગોથી અલગ હોવાની ભાવના અને અન્ય સામાજિક વર્ગો પ્રત્યે દુશ્મનાવટની ભાવના હોવી જોઈએ. આ પરિસ્થિતિ સ્વસભાન વર્ગ માટે અનિવાર્ય છે કે જે તેઓના વર્ગહિતોને દ્રઢ કરે છે. એકવાર શ્રમજીવી વર્ગમાં વર્ગસભાનતાનો વિકાસ થઈ જાય ત્યારબાદ ઉચિત પરિસ્થિતિ તેઓને બુર્ઝવા વર્ગ સાથેના સંઘર્ષ તરફ દોરી જાય છે.

સામાજિક વર્ગ વિશેના કાર્લ માર્ક્સના સમગ્ર વિશ્લેષણ પરથી સ્પષ્ટ થાય છે કે વર્ગ માત્ર આર્થિક પરિસ્થિતિ પર નિર્ભર નથી. વર્ગ અને સ્વસભાન વર્ગની રચના માટે કાર્લ માર્ક્સે સમાજ-મનોવૈજ્ઞાનિક પરિબળોને સૌથી વધુ મહત્ત્વપૂર્ણ ગણ્યા છે. તેઓએ વર્ગસંઘર્ષનું વિશ્લેષણ પણ જે-તે વર્ગમાં જોવા મળતી એકતાના સંદર્ભમાં કર્યું છે. શ્રમજીવી વર્ગનાં હિતો સમાન હોવાથી બજારના ક્ષેત્રે સ્પર્ધા ધરાવતા માલિકો/મૂડીપતિઓથી ઉચ્ચતમ માત્રામાં એકતા જોવા મળે છે. વધુમાં, તેઓનું

સંખ્યાબળ વધુ હોવાથી મૂડીપતિઓ સામેના સંઘર્ષ બાદ શ્રમજીવીઓ સત્તા હસ્તગત કરીને સામ્યવાદ અને સમાજવાદની સ્થાપના કરશે. સામ્યવાદ અને સમાજવાદની પ્રસ્થાપના વિશેની કાર્લ માર્ક્સની કલ્પના પણ મૂળભૂત રીતે એવા સામાજિક સંબંધોની પ્રસ્થાપના પર આધારિત હતી કે જ્યાં અસમાનતા અને શોષણમુક્ત માનવ સમાજની રચના થઈ શકે.

**(ક) વિમુખતા-સામાજિક સંબંધોની વ્યવસ્થામાં વિચ્છેદનની પરિસ્થિતિ :**

કાર્લ માર્ક્સે અન્ય પુરોગામી વિદ્વાનોથી ભિન્ન સામાજિક ઘટના તરીકે વિમુખતાની સંકલ્પના પ્રસ્તુત કરી હતી. 'કાર્લ માર્ક્સના મતે મૂડીવાદી સમાજમાં ધર્મ, રાજ્ય અને રાજકીય અર્થવ્યવસ્થા જેવી મુખ્ય સંસ્થાઓ વિમુખતાની લાક્ષણિકતા ધરાવે છે. જો કે, કાર્યસ્થળ પરની વિમુખતા કાર્લ માર્ક્સ્ માટે સર્વોપરી મહત્ત્વ ધરાવે છે.'2

કાર્લ માર્ક્સના મતે, 'માનવી પોતાની શ્રમિક પ્રવૃત્તિ દ્વારા પ્રકૃતિ અને ઇતિહાસમાં પોતાને અર્થબદ્ધ કરે છે અને તે દ્વારા તેઓ પોતાનાથી બાહ્ય એવા ભૌતિક વિશ્વ સાથે સંબંધો રચે છે. શ્રમ સંયોજક કાર્યો બજાવે છે, જે ત્રણ રીતે બાહ્ય વિશ્વ સાથે સામાજિક સંબંધો રચીને માનવીના અસ્તિત્વને જોડે છે. કાર્લ માર્ક્સની માનવ પ્રકૃતિના સિદ્ધાંતની રૂપરેખા પોતાનાથી બાહ્ય એવા વ્યક્તિઓના સામાજિક સંબંધોની રચના પર આધારિત છે.' કાર્લ માર્ક્સના મતે 'શ્રમ જ વ્યક્તિઓ અને તેઓની બાહ્ય વાસ્તવિકતાઓ વચ્ચે સંબંધ રચે છે. મૂડીવાદ એક પ્રકારનું અર્થતંત્ર નથી, પરંતુ વ્યક્તિઓ અને ઉત્પાદન સાધનો વચ્ચે, વ્યક્તિઓ અને તેની શ્રમપ્રવૃત્તિ વચ્ચે, વ્યક્તિઓના પોતાના ઉપરીઓ સાથેના ઉત્પાદન સંબંધો તેમજ વ્યક્તિઓ અને પૂર્વવિદ્યમાન સામાજિક માળખા સાથે રચેલા સંબંધોને નિર્દિષ્ટ કરે છે. હકીકતમાં કાર્લ માર્ક્સનો વિમુખતાનો સિદ્ધાંત સામાજિક સંબંધોના નિશ્ચિત ગુચ્છનો નિર્દેશ જે સૌપ્રથમ સામંતશાહી સમાજમાં રચાય છે અને પછી આધુનિક ઔદ્યોગિક સમાજમાં વિચ્છેદક બને છે.3 આ સંદર્ભમાં કાર્લ માર્ક્સ નિર્દિષ્ટ પ્રત્યેક પ્રકારની વિમુખતા એક પ્રકારનુ વિચ્છેદન છે, જે પોતાનાથી બાહ્ય વિશ્વમાં વ્યક્તિઓએ રચેલા સામાજિક સંબંધોમાં થાય છે.

'કાર્લ માર્ક્સે વિમુખતાનો સિદ્ધાંત માનવીની શ્રમ પ્રવૃત્તિઓના સંદર્ભમાં રચાતા ચાર સ્વરૂપના વ્યાપક સંબંધોને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત કર્યો છે. આ ચાર સંબંધો છે : (૧) શ્રમ દ્વારા ઉત્પન્ન વસ્તુઓ સાથેના સંબંધો, (૨) શ્રમ પ્રવૃત્તિ સાથેના સંબંધો, (૩) માનવજાતિ સાથેના સંબંધો અને (૪) અન્ય માનવીઓ સાથેના સંબંધો.3 આ સંદર્ભમાં તેઓએ ચાર પ્રકારની વિમુખતા દર્શાવી હતી : (૧) ઉત્પાદનથી વિમુખતા, (૨) ઉથ્પાદક પ્રવૃત્તિથી વિમુખતા, (૩) જાતિ પ્રવૃત્તિથી વિમુખતા અને (૪) સાથી માનવીઓથી (સમુદાયથી) વિમુખતા. વિમુખતાના સિદ્ધાંતમાં કાર્લ માર્ક્સે હકીકતમાં આધુનિક ઔદ્યોગિક સમાજમાં ઉદ્ભવતી સામાજિક પરિસ્થિતિનું વિશ્લેષણ કર્યું છે અને વર્તમાન કાલીન વિશ્વમાં તે એટલું જ પ્રસ્તુત છે કે જેના વિશે કાર્લ માર્ક્સે પૂર્વ ભાવિકથનો કર્યા છે. કેવી રીતે મૂડીવાદ માનવીને ઉત્પાદન, ઉત્પાદન પ્રવૃત્તિ, જાતિ પ્રવૃત્તિ અને છેવટે સમગ્ર સમાજથી વિખૂટો કરી દે છે તેનું વિશ્લેષણ પણ કર્યું છે. માનવ સમાજની મધ્યે રહીને પણ માનવી અલગતા અને એકાંત અનુભવે છે અને ધીમે ધીમે માનવીય ગુણો ભૂલીને યંત્ર જેવો બની જાય છે તે કાર્લ માર્ક્સના વિમુખતાના સિદ્ધાંતનો સૂર છે. એટલે કે, વિમુખતાના પરિણામે માનવી પ્રાણી જેવો બની જાય છે. તે પોતાની સર્જનશક્તિ અને માનવીયતા ગુમાવે છે. તે માનવકાર્યોથી વિમુખ બની જાય છે અને માત્ર પ્રાણીજન્ય કાર્યોમાં જ સક્રિયતા અનુભવે છે. આથી જ કાર્લ માર્ક્સે મૂડીવાદના સ્થાને સમાજવાદ અને સામ્યવાદની સ્થાપનાની હિમાયત કરી.

**સમાપન :**

કાર્લ માર્ક્સનું સમગ્ર સર્જનકાર્ય અર્થતંત્રની પ્રાધાન્યતા અને પ્રાથમિકતા પર આધારિત હોવાથી તેઓ

સમાજશાસ્ત્રીની તુલનામાં અર્થશાસ્ત્રી વધુ છે કે જે સત્ય હોવા છતાં, ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે તેમના સમગ્ર સર્જનકાર્યમાં સમાજશાસ્ત્ર રહેલું છે. સંરચનાત્મક-કાર્યવાદની પૂર્વધારણાઓ સૌપ્રથમ તેમના વિશ્લેષણમાં સાકાર થતી હોય તેવું જોઈ શકાય છે. જો કે, તેઓએ અર્થવ્યવસ્થાને પ્રાથમિકતા આપી કે જે તે સમયની પ્રવર્તમાન સામાજિક-આર્થિક પરિસ્થિતિના નિરીક્ષણોનું પરિણામ હોઈ શકે. આમ છતાં, તેઓએ પોતાના મૂડીવાદ, સામાજિક વર્ગ અને વિમુખતાના વિશ્લેષણમાં સામાજિક માળખું અને સામાજિક સંબંધો કેન્દ્રીય છે અને તે આધાર છે. આથી તેઓને વાસ્તવિક અર્થમાં પ્રથમ સમાજશાસ્ત્રી ગણવા જોઈએ.

આપણે એ ભૂલવું ન જોઈએ કે તેઓ પ્રથમ ચિંતન હતા કે જેઓએ શોષણનું સૈદ્ધાંતિક વિશ્લેષણ પ્રસ્તુત કર્યું અને ઘણી બધી સૈદ્ધાંતિક પ્રસ્તુતિમાં પણ તેઓ પ્રથમ ચિંતક હતા અને અજોડ પણ હતા. તેઓની સામ્યવાદ અને સમાજવાદની કલ્પનાએ ભલે વાસ્તવમાં મૂર્ત સ્વરૂપ ધારણ ન કર્યું, પરંતુ એક સમયે લગભગ અડધું વિશ્વ તેઓની વિચારસરણીનો સ્વીકાર કરતું હતું, એ હેઠળ જીવન જીવતું હતું. અલબત્ત, મૂડીવાદનો વિકાસ તેઓની સૈદ્ધાંતિક પ્રસ્તુતિના અયોગ્ય અર્થઘટનો તરફ દોરી ગયો હોય તેવું પણ અનુભવી શકાય છે. આથી જ કાર્લ માર્ક્સને અઢારમી-ઓગણીસમી સદીના યુરોપની સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં તપાસવાની તાતી જરૂરિયાત છે અને તો જ તેઓને યથાર્થપણે મૂલવી શકાય.

**સંદર્ભ સૂચિ :**


1. Aron Raymond : Main Current in Sociological Thought Part-1, Translated by Richard Howard & Helen Weaver, Weidanfeld and Nicolson, London, 1965.
2. Caser Lewis : Masters of Sociological Thought, Ideas in Historical and Social Context, II edition, Rawat Publication, Jaipur, 1996.
3. Morrison Ken : Marx, Durkheim, Weber Formations of Modern Social Thought, II edition, Sage South Asia Edition, New Delhi, 2008.
4. Ritzer George : Sociological Theory, Mcgraw Hill. Education, Indian Edition, New Delhi, 1998.
5. Harman Chris : Base and Superstructure, Published in International Socialism, Vol. 32, P.P. 3-44.


• • •

- ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ.
- જેને વાંચનનો શોખ હોય છે તે બધી જગ્યાએ સુખી પણ હોય છે.
- વધુ પડતું કામ નહીં, અનિયમિતતા માણસને મારી નાંખે છે.
- ભૂલ કરવી એ મનુષ્યનો સ્વભાવ છે. કરેલી ભૂલનો સ્વીકાર કરી લેવો કે ફરી એવી ભૂલ ન કરવાનો પ્રયત્ન કરવો એ વીર અને શૂર હોવાનું પ્રતિક છે.
- જે માતૃભાષાનું અપમાન કરે છે તે દેશભક્ત કહેવાને લાયક નથી.
- દરરોજ થોડું થોડું વાંચવાની ટેવ પાડો. વધારે નહીં તો રોજ એક કલાક વાંચો અને વરસમાં તમે કેટલું વાંચ્યું તેનો અંદાજ તમને આશ્ચર્ય આપી જશે.

- ગાંધીજી

# પશુપાલન અને સ્ત્રીઓનો દરજ્જો – એક અભ્યાસ**

– ડૉ. હસમુખ પંચાલ*

## Live-Stock Farming and Women Status-A study

### (રાંધેજા ગામની ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓના સંદર્ભે)

**ટૂંકસાર :**

ભારત સમગ્ર વિશ્વમાં દૂધનું સૌથી મોટું ઉત્પાદક છે. વર્ષ ૨૦૧૩-૧૪માં દૂધનું ઉત્પાદન ૧૪ કરોડ મેટ્રિક ટન અને વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૪ કરોડ મેટ્રિક ટનના આંકડાને પાર કરી ગયા. ભારતના કુલ કૃષિ ઉત્પાદનમાં પશુપાલન દ્વારા થતી કમાણી ૨૫ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. જે રીતે દૂધ અને તેના ઉત્પાદનોની માગ ભારતમાં અને સમગ્ર વિશ્વમાં વધી રહી છે તેને જોતાં આ જંગી આંકડા ક્યારેય ઘટવાના નથી, વધતા જ રહેવાના છે. એ તમામ વાતો ઉપરથી મુખ્ય વાત એ છે કે ભારતના અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા દૂધનું ઉત્પાદન એક પશુપાલક કે ખેડૂતના જીવનમાં રોજની રોકડ આવકની ભૂમિકા ભજવે છે. આ રોકડની આવક એટલા માટે મહત્ત્વની છે કે જમીનમાં ઊગતા પાકની આવક બે-ચાર મહિને હાથમાં આવે છે. જ્યારે દૂધની આવક પશુપાલક કે ખેડૂતને રોજે-રોજ મળે છે. જેની અસર તેના કુટુંબમાં થાય છે. સ્ત્રીના દરજ્જાને થાય છે. ૨૦૧૪-૧૫માં ભારતના દૂધ ઉત્પાદનમાં ગુજરાત રાજ્યનો ૮ ટકા હિસ્સો છે. પ્રસ્તુત અભ્યાસ ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામમાં પશુપાલનથી ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓના દરજ્જાનો છે. સર્વે પદ્ધતિ અને મુલાકાત અનુસૂચિ દ્વારા ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓની વ્યક્તિગત રૂબરૂ મુલાકાત લઈ તેમના દરજ્જાની સાંપ્રત સ્થિતિ અને આર્થિકસ્થિતિનો અભ્યાસ છે. સમાજમાં સ્ત્રીઓના ઊતરતા દરજ્જાની સાથે-સાથે સ્ત્રીનું વ્યક્તિત્વ, તેની સ્વાયત્તતા અને સત્તા સાથે સંલગ્ન પ્રશ્નો અને પરિણામો આપણને વર્તમાન સમયમાં પણ દ્રશ્યમાન થતા જોવા મળે છે.

**કી વર્ડ - પશુપાલન, ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓ, સ્ત્રીનો દરજ્જો.**

**પ્રસ્તાવના :**

ભારતમાં આજે વિશ્વની કુલ પશુસંખ્યાના ૨૦ ટકાથી વધુ પશુધન છે. ભારત સમગ્ર વિશ્વમાં દૂધનું સૌથી મોટું ઉત્પાદક છે. વર્ષ ૨૦૧૩-૧૪માં દૂધનું ઉત્પાદન ૧૪૦ મીલીયન ટન અને વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૪૦ મિલિયન ટનના આંકડાને પાર કરી ગયા. ભારતના કુલ કૃષિ ઉત્પાદનમાં પશુપાલન દ્વારા થતી કમાણી ૨૫ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. જે રીતે દૂધ અને તેના ઉત્પાદનોની માંગ ભારતમાં અને સમગ્ર વિશ્વમાં વધી રહી છે તેને જોતાં આ જંગી આંકડા ક્યારેય ઘટવાના નથી, વધતા જ રહેવાના છે. કેટલાંય સંશોધનોનાં પરિણામોથી એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે કૃષિ વ્યવસાયની તુલનામાં પશુપાલન વ્યવસાય વધુ રોજગારી આપનાર, સ્વાસ્થ્યવર્ધક તેમજ ખૂબ જ લાભ આપતો સ્રોત છે. એ તમામ વાતો પરથી મુખ્ય વાત એ છે કે ભારતના અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા દૂધનું ઉત્પાદન એક પશુપાલક કે ખેડૂતના જીવનમાં રોજની રોકડ આવકની ભૂમિકા ભજવે છે. આ રોકડની આવક એટલા માટે મહત્ત્વની છે કે જમીનમાં ઊગતા પાકની આવક બે-ચાર મહિને હાથમાં આવે છે, જ્યારે દૂધની આવક પશુપાલક કે ખેડૂતને રોજે-રોજ મળે છે. જેની અસર તેના કુટુંબમાં થાય છે. સ્ત્રીના દરજ્જાને થાય છે. માનવી દ્વારા જ ઘડાયેલી પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં સ્ત્રીના દરજ્જાને પુરુષના દરજ્જા કરતાં ઊતરતું સ્થાન આપવામાં આવ્યું છે. સમાજમાં સ્ત્રીના ઊતરતા દરજ્જાની સાથે-સાથે તેનું વ્યક્તિત્વ, તેની સ્વાયત્તા અને સત્તા

* મદદનીશ અધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, મ. દે. સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર

** પશુપાલન અંગેના યુજીસી સ્પોન્સર, નેશનલ સેમીનાર, પી.જી.ડિપાર્ટમેન્ટ ઓફ અર્થશાસ્ત્ર, વલ્લભવિદ્યાનગર, તા.૨૧,૨૨-૧-૨૦૧૬માં રજૂ કરેલ શોધપત્ર

સાથે સંલગ્ન પ્રશ્નો અને પરિણામો આપણને વર્તમાન સમયમાં પણ દ્રશ્યમાન થતા જોવા મળે છે. ભારતીય પરંપરા અનુસાર પુરુષ હંમેશા અર્થવ્યવસ્થા સંભાળે અને સ્ત્રીઓ હંમેશા ગૃહવ્યવસ્થા સંભાળે છે. નાણાના યોગ્ય ઉપયોગ દ્વારા ઉત્તમ ગૃહવ્યવસ્થાનું નિર્માણ થાય છે. જેમાં નાણાંની આવક, સ્ત્રીનાં કાર્યોથી આવે ત્યારે શું સ્ત્રીને ઘરમાં સમાનતાનો દરજ્જો મળે છે ? ગ્રામીણ ક્ષેત્રોમાં પશુપાલન દ્વારા દૂધ ઉત્પાદન કરી આવક પ્રાપ્ત થાય છે. આ કાર્યમાં સૌથી વધુ મહેનત સ્ત્રીઓ કરે છે. સ્ત્રીઓ દૂધઉત્પાદન કાર્યથી ગૃહવ્યવસ્થા સંભાળે છે ત્યારે સ્ત્રીને સમાનતાનો દરજ્જો મળ્યો છે કે નહિ તે સમજવાનો ખ્યાલ છે. પ્રસ્તુત અભ્યાસ ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામમાં પશુપાલન કરતી ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓના દરજ્જાની વર્તમાન સ્થિતિનો છે.

**સંશોધન હેતુ :**

(૧) પશુપાલનથી ઠાકોર જ્ઞાતિના કુટુંબમાં આર્થિક સદ્ધરતા આવે છે.

(૨) ઠાકોર જ્ઞાતિના સ્ત્રી-પુરુષ વચ્ચેના સંબંધો અને સ્ત્રીના દરજ્જાનો ખ્યાલ મેળવવો.

**સંશોધન પદ્ધતિ અને નમૂના પસંદગી :**

પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિ અને મુલાકાત પદ્ધતિ દ્વારા સંશોધન વિષયને સમજવાનો, તપાસવાનો પ્રયત્ન કર્યો છે. અભ્યાસના હેતુ અનુસાર પશુપાલનથી થતા દૂધ ઉત્પાદનમાં જોડાયેલ ઠાકોર જ્ઞાતિની આર્થિક સ્થિતિ અને સ્ત્રીઓના દરજ્જાનો અભ્યાસ કરવાનો હોઈ, ધી રાંધેજા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી, રાંધેજામાં દૂધ ભરાવતા ઠાકોર જ્ઞાતિના સભ્યો ૧૪૮ છે. તેમાંથી અનુકુળ નમૂના તરીકે ૪૭ કુટુંબોને પસંદ કર્યા છે. મુલાકાત અનુસૂચી દ્વારા ઠાકોર જ્ઞાતિના કુટુંબમાંથી સ્ત્રીઓની ઉત્તરદાતા તરીકે વ્યક્તિગત મુલાકાત દ્વારા પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫ માટે, ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓ અને રાંધેજા ગામ પૂરતો મર્યાદિત અભ્યાસ છે.

**રાંધેજા ગામનો પરિચય :**

ગુજરાત રાજ્યના ગાંધીનગર તાલુકાનું રાંધેજા ગામ કે જે ગાંધીનગરથી માત્ર ૧૦ કિ.મી.ના અંતરે પશ્ચિમ દિશામાં આવેલ છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ રાંધેજાની કુલ વસ્તી ૧૨,૨૦૫ છે. જેમાં ૬૩૨૭ પુરુષો અને ૫૮૭૮ સ્ત્રીઓ છે. તેનો સાક્ષરતા દર ૮૩.૬૨ છે. ૯૦.૮૩ ટકા પુરુષો અને ૭૫.૮૮ ટકા સ્ત્રીઓ સાક્ષર છે. કુલ ઘરની સંખ્યા ૨૫૫૫ છે. જેમાં પટેલ, ઠાકોર, હરીજન, રાવળ, બ્રાહ્મણ, દંતાણી, દરબાર, રબારી, કારીગર વગેરે જ્ઞાતિઓ વસવાટ કરે છે. જેમાં ઠાકોર જ્ઞાતિના ઘરોની સંખ્યા ૪૦૦ જેટલી છે. દૂધ મંડળીમાં કુલ ૬૦૦ સભ્યો દૂધ ભરાવે છે; જેમાં ૨૨૬ પટેલ, ૧૪૮ ઠાકોર, ૮૨ દરબાર, ૬૧ રબારી, ૩૧ રાવળ, ૦૯ બ્રાહ્મણ, ૧૩ હરીજન, ૧૮ વાઘરી અને ૧૨ અન્ય જ્ઞાતિના સભ્યો છે. દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં દૂધના ૨૦ કિલો ફેટના ભાવ ૧૧૫ રૂ. છે.

**ઠાકોર જ્ઞાતિ :**

ભારતના ગામડામાં પ્રદેશે-પ્રદેશે જ્ઞાતિઓના દરજ્જામાં અને આંતરસંબંધોમાં તફાવત રહેલો છે. જાણીતા સમાજશાસ્ત્રી એમ. એન. શ્રીનિવાસ જ્ઞાતિની વ્યાખ્યા આપે છે - 'જ્ઞાતિ એક વંશપરંપરાગત અંતર્લગ્ન પ્રથા ધરાવતું સામાન્ય રીતે એક જ સ્થળે વસવાટ કરતું જૂથ છે. જેનો પરંપરાગત ધંધો હોય છે તથા સ્થાનિક કોટીક્રમમાં તેનું નિશ્ચિત સ્થાન હોય છે. જુદી-જુદી જ્ઞાતિઓ વચ્ચેના સંબંધોનું નિયમન, શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલો વડે થાય છે અને સામાન્ય રીતે એક સાથે બેસીને ભોજન કરવાનો વ્યવહાર પોતાની અંદર જ થાય છે.'

વ્યક્તિ, જ્ઞાતિ, સમાજ અને રાજ્યની દૃષ્ટિએ જ્ઞાતિસંસ્થા વિભિન્ન કાર્યો કરે છે. જ્ઞાતિ વ્યક્તિને તેના જન્મથી જ નિશ્ચિત અને ચોક્કસ સામાજિક ઓળખ આપવાનું અને નિશ્ચિત જ્ઞાતિ દરજ્જો પૂરો પાડવાનું કાર્ય કરે છે. વ્યક્તિએ સમાજજીવનમાં વિભિન્ન ક્ષેત્રોમાં શું કરવું કે શું ન કરવું તે અંગેનાં સામાજિક ધોરણો કે નિયમો પૂરા પાડે છે, જે વ્યક્તિને વર્તન અંગે માર્ગદર્શન આપે છે. જ્ઞાતિનું ક્ષેત્ર ગ્રામ સમુદાયની સીમા પુરતું મર્યાદિત નથી, પરતું તે ગ્રામ્ય સમુદાયની હદ ઓળંગીને પણ વ્યક્તિ અને સમાજજીવન ઉપર પોતાનો પ્રભાવ પાડે છે. જ્ઞાતિ એ અર્પિત દરજ્જો છે. સ્વતંત્ર્ય ભારતના

બંધારણની ધારા ૧૫(૨)એ બધા જ નાગરિકોને સમાનતાની ઘોષણા કરી. છતાં ભારતમાં જ્ઞાતિ-પ્રથા ટકી રહી છે. ઠાકોર જ્ઞાતિ પણ આવાં લક્ષણો ધરાવે છે. તેનો ઓ.બી.સી. કેટેગરીમાં સમાવેશ થાય છે. હિંદુ ઠાકરડા-કોળી તરીકે ઓળખાય છે. રાંધેજા ગામના ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓનો પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશ કર્યો છે.

**Live-Stock** એટલે Source of Milk, ગ્રામીણ અર્થવ્યવસ્થાના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા અદા કરતું પશુધન. ભારતમાં ઘણાં ખેડૂત કુટુંબોમાં પશુપાલન એ આજીવિકા livelihood, નિર્વાહ-સાધનનો આધાર છે.

'નેશનલ કમિશન ઓફ સેલ્ફ એમ્પલોઈડ વિમેન એન્ડ વિમેન ઈન ઈન્ફોર્મલ સેક્ટર'ના અહેવાલમાં જણાવ્યું છે કે, **'સહકારી મંડળી'** એ એક મહત્ત્વનું માધ્યમ-સાધન છે કે જેની મારફતે મહિલા કરજ-ધિરાણ, ઉત્પાદનની ચીજવસ્તુઓ, વેચાણકાર્ય માટેની સગવડો તેમજ સહાય માટેના બીજા સ્વરૂપોમાં પ્રવેશ કરી શકે તેમ છે.

**સ્ત્રીનો સામાજિક દરજ્જો – status એટલે શું ? :**

સમાજમાં વ્યક્તિનો કોઈને કોઈ દરજ્જો હોય છે. સમાજશાસ્ત્રની વ્યાખ્યા પ્રમાણે વ્યક્તિનો દરજ્જો એટલે સમાજમાં વ્યક્તિને મળતા હક્કો અને અધિકારો. આમ, દરજ્જો વ્યક્તિના હક્કો અને અધિકારો સૂચવે છે. સમાજમાં કેટલીક વ્યક્તિઓ અને સમૂહોને વધુ અથવા ઓછા હક્કો અને અધિકારો મળે છે. જેઓ વધુ હક્કો-અધિકારો ભોગવે છે તેઓ ઊંચા દરજ્જાવાળા ગણાય છે અને જેઓ ઓછા હક્કો-અધિકારો ભોગવે છે તેઓ નીચા દરજ્જાના ગણાય છે. આમ, ઊંચો કે નીચો એ રીતે દરજ્જાનું મૂલ્યાંકન થાય છે.

પુરુષનો દરજ્જો એ સ્ત્રીના દરજ્જાના મૂલ્યાંકન માટેનો માપદંડ બને છે. સંવિધાન અને કાનૂનમાં સ્ત્રી અને પુરુષના દરજ્જા સમકક્ષ છે. ત્યારે એનો અર્થ એવો થાય છે કે સ્ત્રી અને પુરુષના હક્કો-અધિકારો સમાન છે. તેમાં કોઈ અસમાનતા નથી; પરંતુ સમાનતા કે અસમાનતાનો વિચાર તકોના સંદર્ભમાં કરવો જોઈએ. સમાનતા સહેલાઈથી ઓળખી શકાય એવી વસ્તુ નથી. સમાજમાં વ્યક્તિને મળતી તકોમાં અસમાનતા હોય તો સમાનતા સ્થાપી શકાય નહિ. સમાન તકો એ સમાનતા સ્થાપવાનો ધોરી માર્ગ છે. વળી, સમાનતાને સ્વાયત્તાથી અલગ પાડી શકાય નહિ. આથી દરજ્જાના ખ્યાલમાં વ્યક્તિને મળતા હક્કો-અધિકારો, તકો અને સ્વાયત્તા એ ત્રણે અભિપ્રેત છે.

અહીં દરજ્જાના સંદર્ભમાં એ બાબત પણ મહત્ત્વની છે કે દરજ્જો આત્મલક્ષી અને વસ્તુલક્ષી એ બંને પાસાં ધરાવે છે.

**૧) આત્મલક્ષી પાસુ :** સમાજના જુદા જુદા ક્ષેત્રોમાં સ્ત્રીઓને માન, પ્રતિષ્ઠા કે ગૌરવ મળતાં હોય અથવા ન મળતાં હોય એનાથી સ્ત્રી જે લાગણી અનુભવે છે, પુરુષ અને સ્ત્રી વચ્ચેના ભેદભાવથી જે લાગણી અનુભવે છે, સ્ત્રી પોતાની જાતને પુરુષથી નીચી ગણે છે કે સમકક્ષ તે અંગેની એની માનસિક સમાનતાની લાગણી, સમાજમાં સ્ત્રીઓ વિશે જે ખ્યાલો પ્રવર્તે છે એના વિશે સ્ત્રીની લાગણી વગેરે બાબતો સ્ત્રીના દરજ્જાનાં આત્મલક્ષી પાસાં છે. એટલેકે પોતાના દરજ્જા વિશેનું સ્ત્રીનું મૂલ્યાંકન એ સ્ત્રીના દરજ્જાનું અગત્યનું પાસું છે, કારણકે આવું સ્વમૂલ્યાંકન સ્ત્રીનું વર્તન, વ્યક્તિત્વ અને જીવનશૈલી ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે.

**૨) વસ્તુલક્ષી પાસુ :** સ્ત્રીના દરજ્જાના વસ્તુલક્ષી પાસામાં સ્ત્રીની આવક શિક્ષણ, મિલકત, તકો, તાલીમ, આરોગ્ય, વ્યવસાય, શારીરિક-માનસિક વિકાસની સહાયક તથા અવરોધક પરિસ્થિતિઓ વગેરેનો સમાવેશ થાય છે. આજના સમયમાં સ્ત્રીના દરજ્જાનું મૂલ્યાંકન આવા વસ્તુલક્ષી પાસાને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

**સ્ત્રીઓની આર્થિક ભાગીદારી, હક્કો, તકો અને દરજ્જો :**

સમાજમાં કોઈપણ જૂથ કે વિભાગના લોકોનો દરજ્જો તેની આર્થિક સ્થિતિ સાથે ગાઢ રીતે સંકળાયેલો હોય છે. વ્યક્તિનો આર્થિક દરજ્જો તે કઈ ભૂમિકા કરે છે, તેને કેટલા અને કેવા પ્રકારના હક્કો પ્રાપ્ત છે અને તેને આર્થિક પ્રવૃત્તિની ભાગીદારી માટે કેવા પ્રકારની તકો ઉપલબ્ધ છે વગેરે પર આધાર રાખે છે. વ્યક્તિનો આર્થિક દરજ્જો તેના સામાજિક દરજ્જાને નક્કી કરવાનું પરિબળ બને છે અથવા તો સામાજિક દરજ્જો વ્યક્તિની આર્થિક પ્રવૃત્તિઓ નક્કી કરવામાં કારણભૂત બને છે.

વળી, જે સમાજમાં વ્યક્તિનો સરેરાશ આર્થિક દરજ્જો ઊંચો હોય એ સમાજ વિકસિત ગણાય છે. સમાજનો વિકાસ માપવા માટે આથી હવે સ્ત્રીના આર્થિક દરજ્જાને સૂચક ગણવામાં આવે છે. જો કે એનો એવો અર્થ નથી કે બધા જ પ્રકારના વિકાસ હંમેશા સ્ત્રીના ઊંચા આર્થિક દરજ્જામાં પરિણમે છે. સામાન્ય રીતે સમાજના કોઈ પણ ચોક્કસ તબક્કા દરમિયાન પ્રવર્તતી સામાજિક વિચારસરણી દરજ્જાનાં મૂળ તત્ત્વો નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આર્થિક વિકાસ થતાં પ્રવર્તમાન વિચારસરણીમાં પરિવર્તન આવે છે. તે વિભાવનાઓ અને સિદ્ધાંતો બદલવામાં મદદ કરે છે. ઉ.દા. તરીકે આપણે જાણીએ છીએ કે આર્થિક વિકાસમાં એક ચોક્કસ તબક્કા દરમિયાન કામ કરવાની શક્તિથી વ્યક્તિનો દરજ્જો ઊંચો ગણાતો હતો. પરંતુ જ્યારે સમાજ અસમાનતાવાદી તરફ ઢળવા માંડ્યો ત્યારે કામ કરવું નીચું ગણાવા લાગ્યું અને નવરાશ ઊંચા દરજ્જાનું ચિહ્ન ગણાવા લાગ્યું. આમ, સમાજના જે તે તબક્કામાં પ્રવર્તતાં મૂલ્યો અને આર્થિક પ્રવૃત્તિઓ લોકોના દરજ્જાનું પ્રતિબિંબ પાડતાં હોય છે.

**પશુપાલન અને સ્ત્રીઓના દરજ્જા અંગેનાં તારણો :**

રાંધેજા ગામના ઠાકોર જ્ઞાતિમાં પશુપાલન તરીકે મોટેભાગે ભેંસનું પશુપાલન થાય છે. આ કાર્યમાં સ્ત્રીઓ જોડાયેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં ઠાકોર જ્ઞાતિની ૪૭ સ્ત્રી ઉ.દા. તરીકે પસંદ કરેલ છે. ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓ દૂધ-ઉત્પાદકનું આર્થિક કામ કરી આવક મેળવે છે. આર્થિક કમાણી કરતી ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓના દરજ્જાની વર્તમાન સ્થિતિ અંગે મુલાકાત અનુસૂચિ દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે તારણો અહીં રજૂ કરવામાં આવેલ છે.

(૧) બધા જ સ્ત્રી ઉત્તરદાતાની ઉંમર ૨૫ વર્ષથી વધુ છે. ૨૬ ટકા ઉ.દા. ૪૧ થી ૪૫ વર્ષની ઉંમર ધરાવે છે. તેથી તેમણે આપેલ ઉત્તર સભાનતા અને જવાબદારી પૂર્વકના ગણી શકાય. બીજું કે ૮૫ ટકા સ્ત્રીઓ પરણિત છે અને ૧૫ ટકા સ્ત્રીઓ વિધવા છે. પશુપાલન કાર્યથી આર્થિક કમાણી કરી વૈધવ્ય જીવન ગૌરવભેર જીવે છે.

(૨) ૭૦.૨૨ ટકા ઉ.દા. નિરક્ષર છે. ૨૭.૬૫ ટકા પ્રા.શાળાનું શિક્ષણ મેળવેલ છે. ઠાકોર જ્ઞાતિમાં છોકરીઓને ભણાવવાનું પ્રમાણ ખૂબ ઓછું છે. માટે નિરક્ષરતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

(૩) ૫૬ ટકા ઉ.દા. સંયુક્ત કુટુંબમાં અને ૪૪ ટકા ઉ.દા. વિભક્ત કુટુંબમાં વસે છે. ઠાકોર જ્ઞાતિમાં લગ્ન પછી તરત જુદા રહેવાની પ્રથા બની ગઈ હોય તેમ લાગે છે.

(૪) ૪૯ ટકા ઉ.દા. ૨૧ વર્ષ કરતાં વધુ સમયથી પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલ છે અને ૧૫ ટકા ઉ.દા. ૫ વર્ષ કરતાં ઓછા સમયથી જોડાયેલ છે.

(૫) ૭૧ ટકા ઉ.દા. પોતાની માલિકીની જમીન ધરાવતા નથી. ૧૫ ટકા ઉ.દા. ૧ વીઘો, ૫ ટકા ઉ.દા. ૨ વીઘા, ૨ ટકા ઉ.દા. ૩ વીઘા અને ૭ ટકા ઉ.દા. ૫ વીઘા જમીન ધરાવે છે. પોતાની માલિકીની જમીન ધરાવતા નથી તેમ છતાં પશુપાલનનું કાર્ય કરવું, તે ખૂબ મુશ્કેલ કાર્ય છે. કારણ કે બધો ઘાસચારો નાણાખર્ચ કરીને લાવવામાં આવે તો ભેંસનું પશુપાલન કરવું પરવડે તેમ નથી. પરિણામે બીજા જમીન માલિકોની જમીન જુદી-જુદી શરતોને આધીન ખેતી કરવા માટે રાખે છે અથવા અન્ય પદ્ધતિઓથી ઘાસચારો લઈ આવે છે.

(૬) ૩૨ ટકા ઉ.દા. ૩ લીટર જેટલું દૂધ ભરાવે છે. ૩૬ ટકા ઉ.દા. ૬ લીટર જેટલું, ૨૪ ટકા ઉ.દા. ૯ લીટર જેટલું અને ૯ ટકા ઉ.દા. ૯ લીટરથી વધુ દૂધ ભરાવે છે. ૧ ભેંસ રાખનારની સંખ્યા ૫૧ ટકા છે. ૨ ભેંસ ૩૨ ટકા, ૩ ભેંસ ૬ ટકા, ૪ ભેંસ ૪ ટકા અને ૫ થી વધુ ભેંસ રાખનાર ૭ ટકા ઉ.દા. છે. એટલે ૧ ભેંસ રાખીને આર્થિક આવક પ્રાપ્ત કરનારની સંખ્યા વધુ છે. સ્ત્રીઓ આત્મનિર્ભર બની છે.

(૭) માત્ર સ્ત્રી તરીકે પોતે જ પશુની દેખરેખ કરનાર ૬૬ ટકા ઉ.દા. છે અને સ્ત્રી અને પુ. બંને પશુની દેખરેખ કરનાર ૩૪ ટકા ઉ.દા. છે. પશુપાલનથી આર્થિક આવક પ્રાપ્ત કરવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા સ્ત્રી નિભાવે છે. માત્ર સ્ત્રી જ પશુપાલન કામમાં સક્રિય છે, મહેનતુ છે, કામ કરે છે.

(૮) ૫૨ ટકા ઉ.દા. દૂધની આવકનો ઉપયોગ ઘરવપરાશમાં કરે છે. ૨૦ ટકા ઉ.દા. પોતાની પત્નીને આવક આપે છે. ૧૦ ટકા ઉ.દા. પોતાના પતિને આવક આપે છે. ૧૦ ટકા ઉ.દા. પોતાનાં બાળકો પાછળ ખર્ચ કરે છે. જ્યારે ૮ ટકા ઉ.દા. પશુપાલનમાં ખર્ચે છે. આમ, દુધની આવકનો ૯૦ ટકા હિસ્સો સ્ત્રીઓ વાપરે છે. ૯૨ ટકા ઉ.દા. પશુ ખરીદી અંગે લોન લીધેલ નથી. તેથી સમગ્ર આવકની અને પશુની માલિકી સ્ત્રી ધરાવે છે. જે પશુપાલનની વિશેષતા દેખાય છે.

(૯) ૮૫ ટકા ઉ.દા. જણાવે છે કે નવા પશુની ખરીદી સમયે સ્ત્રીઓની સંમતિ લેવાય છે. જે સ્ત્રીનો દરજ્જો ઊંચો દર્શાવે છે.

(૧૦) ૬૨ ટકા ઉ.દા. બેંકમાં એકાઉન્ટ ધરાવતા નથી. ૩.૮ ટકા ઉ.દા. બેંક એકાઉન્ટ ધરાવે છે. ૯૪ ટકા ઉ.દા. ATMનો ઉપયોગ કરતા નથી. માત્ર ૬ ટકા જ ઉપયોગ કરે છે. વર્તમાન સમય પ્લાસ્ટિક મનીનો છે, છતાં હજુ ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓમાં પોતાને નામે બેંક એકાઉન્ટ નથી. એમ કહી શકાય કે એટલી વધુ આવક નથી કે બેન્કમાં જમા કરાવવી પડે. તેમજ નાણાંની રોજબરોજ જરૂરિયાત રહેતી હોવાથી પણ આમ બને છે. બીજું કે દૂધમંડળીમાં ૧૦-૧૦ દિવસે પગાર મળે છે. દૂધની આવક ૧૦ દિવસે મળતી હોવાથી આ દૂધમંડળી જ એક બેંક કે ATM બની રહે છે. અભણ હોવા છતાં દૂધનો હિસાબ, આવક-ખર્ચને ખૂબ સમજે છે. પશુ પોસાતાં નથી છતાં પશુપાલન કરે છે.

(૧૧) ૯૦ ટકા ઉ.દા. પોતાના નામે કોઈ મિલકત ધરાવતા નથી. બીજું કે ૯૦ ટકા ઉ.દા. પોતાને નામે કોઈ દેવું ધરાવતા નથી. દૂધની રોજે-રોજની આવકમાંથી આજીવિકા ચાલે છે. વર્તમાન સમયમાં સ્ત્રી દેવું કરવા ઇચ્છતી નથી.

(૧૨) ૯૪ ટકા ઉ.દા. જણાવે છે કે ઘરમાં અવસર-પ્રસંગે સ્ત્રીઓને ખરીદી કરવા સાથે લઈ જાય છે. ૮૦ ટકા ઉ.દા. જણાવે છે કે ઘરમાં સ્ત્રી તરીકે નિર્ણય લેવાનો થાય ત્યારે તે નિર્ણાયક બને છે. ૮૮ ટકા ઉ.દા. જણાવે છે કે ઘરમાં ઝઘડા વગેરેમાં સમાધાન અર્થે સ્ત્રીનું કહેવું સ્વીકારવામાં આવે છે. ૬૦ ટકા ઉ.દા. ઘરમાં લાજ કાઢવા માટે દબાણ થતું નથી તેમ જણાવે છે. એટલે કે નિર્ણાયક ભૂમિકા માટે ઠાકોર જ્ઞાતિમાં સ્ત્રીઓને ધીરે ધીરે સમાનતાનો દરજ્જો મળ્યો છે. જેનું મુખ્ય કારણ આર્થિક કમાણી સ્ત્રી કરે છે તેમ જણાય છે.

(૧૩) બાળકોને ગાંધીનગર સ્કૂલમાં ભણાવવાનું ૮૦ ટકા ઉ.દા. નક્કી કરે છે. પણ દીકરીને ભણાવવા માટે ૫૫ ટકા ઉ.દા. દબાણ કરતા નથી. બીજું કે લગ્ન સમયે દીકરીને સ્વપસંદગી અંગે પૂછવામાં આવે છે તેવું ૮૫ ટકા ઉ.દા. જણાવે છે. ૮૧ ટકા ઉ.દા. દહેજ આપવાનું સ્વીકારે છે. માત્ર ૧૯ ટકા ઉ.દા. જ દહેજના વિરોધી છે. એટલે કે બાળકોમાં છોકરા-છોકરીનો ભેદભાવ નથી જણાતો, પણ સ્ત્રી-શિક્ષણ ઓછું છે, છતાં અનુભવે સ્ત્રી હોંશિયાર છે. ઘરમાં તેનું વર્ચસ્વ જણાય છે.

(૧૪) રાંધેજા દૂધ મંડળીમાં સ્ત્રીઓની વ્યવસ્થા કમિટીમાં ભાગીદારી હોવી જોઈએ તેવું ૬૨ ટકા ઉ.દા. માને છે. પણ જ્યારે મધુર ડેરીમાં પશુ અંગે માર્ગદર્શન સેમિનારમાં ૫૬ ટકા ઉ.દા. જવા માટે તૈયાર નથી. તે દર્શાવે છે કે પોતે પશુપાલનમાં હોંશિયાર છે. વર્ષોનો અનુભવ છે. પોતે યોગ્યતા ધરાવતી હોવાથી માર્ગદર્શનની જરૂર જણાતી નથી અને નવરાશ પણ નથી. પરંતુ વ્યવસ્થા કમિટીમાં પોતાની ભાગીદારી હોવી જોઈએ તેવું માને છે. જે દર્શાવે છે કે જે દૂધ ઉત્પાદન કાર્ય પોતે કરે છે તેના વહીવટમાં પણ પોતે રસ, હક્ક ધરાવે છે. વાસ્તવમાં રાંધેજા દૂધ મંડળીની કમિટીમાં કારોબારી સભ્ય તરીકે એક પણ સ્ત્રીસભ્ય નથી.

(૧૫) સ્ત્રી તરીકે ગૃહિણી અને પશુપાલકની બેવડી ભૂમિકા ભજવવામાં ૭૦ ટકા ઉ.દા. જણાવે છે કે મુશ્કેલી પડે છે. છતાં તેઓ કામ કરે છે. તેની પાછળ કુટુંબ ભાવના છે. ઘરની આર્થિક સ્થિતિનો મુખ્ય આધાર પશુપાલન છે, તેમ તેઓ સ્વીકારે છે. બીજું કે ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓ માત્ર પુરુષ પર અવલંબિત રહેવા માંગતી નથી. પતિ છૂટક મજૂરીએ જાય અને દરરોજ મજૂરી ન મળે ત્યારે ઘર, સ્ત્રીની આવક પર ચાલે છે. પરિણામે ઘરમાં સ્ત્રીનો દરજ્જો ઊંચો છે.

(૧૬) મતદાન સમયે મત આપવા માટે ૬૦ ટકા ઉ.દા. સ્વયં નક્કી કરે છે. ૩૨ ટકા ઉ.દા. પોતાના

પતિ નક્કી કરે છે અને ૮ ટકા ઉ.દા. ઘરના વડીલ નક્કી કરે છે. બીજું કે ગ્રામપંચાયત ચૂંટણીમાં સરપંચ કે સભ્ય તરીકે ઉમેદવારી કરવામાં ૫૮ ટકા ઉ.દા.ને ભાગ લેવા દેવામાં આવતો નથી. જ્યારે ૪૨ ટકા ઉ.દા.ને ભાગ લેવા દેવાય છે. જે દર્શાવે છે કે ઠાકોર જ્ઞાતિમાં મતદાન કે ચૂંટણી સમયે સ્ત્રીઓની સક્રિયતા વધી છે.

(૧૭) ધાર્મિક વિધિ-વિધાનમાં ૧૦૦ ટકા ઉ.દા. પતિ સાથે બેસે છે. ૬૦ ટકા ઉ.દા. જણાવે છે કે પુરુષો સાથે ગરબે ઘૂમવા દેતા નથી. નવરાત્રિમાં મોડી રાત્રી સુધી ગરબે રમવા માટે પતિની મંજુરી લેવી પડે છે. મેળામાં કે ફરવા માટે ૬૬ ટકા ઉ.દા. પતિ-પત્ની સાથે જાય છે અને પશુ માંદગી સમયે ૫૮ ટકા ઉ.દા. દોરા-ધાગા બાંધે છે. ૪૨ પશુ ડૉક્ટર બોલાવે છે. જે દર્શાવે છે કે આજે અંધશ્રદ્ધામાં ઘટાડો થયો છે તથા રાત્રિના સમયે બહાર રહેવા પુરુષની મંજુરી મેળવે છે. જે વર્તમાન સમયમાં સ્ત્રીઓ મર્યાદામાં રહેવાનું સ્વીકારે છે. લાજ કાઢવાની કે પર્દાપ્રથા નથી, પરંતુ સ્ત્રીઓ માન-મર્યાદા જાળવે છે. જે તેના દરજ્જાને ઊંચો દર્શાવે છે.

**સમાપન :**

રાંધેજા ગામની ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓની પશુપાલન, આર્થિક વળતરવાળું કામ અને સ્ત્રીના દરજ્જાના વર્તમાન અભ્યાસમાં એક બાબત નિશ્ચિત છે કે આ આર્થિક કાર્યથી સ્ત્રીનો દરજ્જો ઊંચો આવ્યો છે, કારણ કે ઠાકોર જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે અને વ્યસનનું પ્રમાણ વધુ છે; પરિણામે ઘર કુટુંબની સ્થિતિ સંભાળવાનું કાર્ય સ્ત્રીને માથે આવે છે. વિધવા સ્ત્રીઓ પણ પશુપાલન કરી આર્થિક સદ્ધર બને છે. પશુપાલનથી સ્ત્રી આત્મનિર્ભર બની છે અને તેથી તેનો દરજ્જો પણ પુરુષ સમોવડો થતો જાય છે. પરંતુ...

૧) સ્ત્રીઓએ કરેલા પશુપાલનના કામકાજની, કમાણીના કામ કે રોજગાર તરીકે વ્યવસ્થિત નોંધ લેવાતી નથી. આ કાર્યની વાત તો એ છે કે સ્ત્રીઓએ કરેલા આ કાર્યોનો મોટો ભાગ આર્થિક વળતરવાળા કામ તરીકે ગણાતો જ નથી. કારણ કે તે બજારમાં વેચાતો-ખરીદાતો નથી. સ્ત્રીઓની મોટાભાગની આર્થિક પ્રવૃત્તિઓની આમ અવગણના થાય છે. જાણીતા અર્થશાસ્ત્રી ઈન્દિરા હિરવે (૧૯૮૭) તેને સ્ત્રીઓને થતો આર્થિક અન્યાય કહે છે, કારણ કે સ્ત્રીઓનો આર્થિક પ્રવૃત્તિઓનો પ્રકાર, વ્યાપ, સ્વરૂપ અને ઘનિષ્ઠતા ક્યારે પણ ગણતરીમાં લેવાતાં નથી.

૨) સ્ત્રીના કામના મૂલ્ય આંકવામાં માપદંડ અને પુરુષના કામના મૂલ્ય આંકવાના માપદંડ અલગ-અલગ છે. માંગ અને પુરવઠાનો સાદો નિયમ સ્ત્રીના કામને નથી લગાડી શકાતો. એક અલાયદી શ્રેણીમાં જ સ્ત્રી કામદારોને મૂકવામાં આવી છે. સ્ત્રીઓના કામનો પ્રકાર તેનો સમાજમાં કયો દરજ્જો છે તેના પર આધાર રાખે છે. મુખ્યત્વે ગૃહિણી અને માતાના દરજ્જાને પાયામાં રાખીને સ્ત્રીની આર્થિક પ્રવૃત્તિઓ નક્કી કરાય છે. ગૃહિણી અને માતાની જવાબદારીઓ સાથે સામાજિક સીડીમાં સ્ત્રી કયા સ્થાને અને કયા આર્થિક સ્તરે છે તે તેનો દરજ્જો નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સ્ત્રીઓનો આર્થિક દરજ્જો સ્ત્રીઓના સમગ્ર દરજ્જાની પારાશીશી છે.

**વાઙ્મય સૂચિ :**

૧. જોષી વિદ્યુત (૧૯૯૭), પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, અમદાવાદ : યુનિ. ગ્રંથ. બોર્ડ, ગુજરાત રાજ્ય.
૨. દેસાઈ હસમુખ (૨૦૦૮) સહકારી ડેરી ઉદ્યોગનો અર્થશાસ્ત્રીય અભ્યાસ, અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠ.
૩. મકવાણા રમેશ (૨૦૦૯) ૨૧ મી સદીમાં મહિલાઓનું સ્થાન અને ભૂમિકા, અમદાવાદ : પાર્શ્વ પબ્લિ.
૪. શાહ એ. જી. અને દવે જે. કે. (૧૯૯૯) સ્ત્રીઓ અને સમાજ, અમદાવાદ : અનડા પ્રકાશન.
૫. શાહ કલ્પના (૨૦૧૨) સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા, અમદાવાદ : યુનિ. ગ્રંથ. બોર્ડ, ગુ. રાજ્ય.
૬. શાહ સરલાબેન વિ. (અનુ.) (૧૯૬૪) ગ્રામતપાસ પદ્ધતિ, અમદાવાદ : ગૂજરાત વિદ્યાપીઠ.
૭. યોજના સામયિક ઓક્ટોબર-૨૦૦૮, જૂન-૨૦૧૨.

• • •

# માનવ અધિકારો અને ભારતીય સ્ત્રીઓ

– પરેશકુમાર વી. ચૌહાણ*

દુનિયામાં માનવ અધિકારોનું વૈશ્વિક ઘોષણાપત્ર વીસમી સદીના મધ્ય ભાગમાં ૧૦મી ડિસેમ્બર, ૧૯૪૮માં ઘોષિત થયું. ભારતે સ્વાતંત્ર્ય મેળવ્યા પછી એ ઘોષણાપત્ર તૈયાર થયું હોવાથી ભારતની તેમાં સામેલગીરી હતી. ત્યારે ભારતીય જૂથના અગ્રણી શ્રી હંસાબહેન મહેતા તે ઘોષણાપત્રના પહેલા અનુચ્છેદમાં 'સર્વ પુરુષો...'ને બદલીને 'સર્વ માનવીઓ....' મૂકવાનો ફેરફાર કરાવી શક્યાં હતાં. પણ તેથી વધુ તે ઘોષણાપત્રમાં સ્ત્રીના વિશેષ અધિકારો વિશે અન્ય કશું મુકાયું ન હતું.

ત્યાર પછી પચાસ વર્ષ વીત્યે જ્યારે માનવ અધિકારોના ઘોષણાપત્રને પુનઃ તપાસવાનો આયામ થયો ત્યારે વિશ્વની સ્ત્રીઓએ પોતાના સવિશેષ માનવ અધિકારો તેમાં અજમાવવાની માગણી કરી અને ૧૯૯૩માં તે માટે વિયેનામાં મળેલી પરિષદે તે માગણીઓ સ્વીકારી. વિયેના ઘોષણાપત્રમાં બીજા વિભાગમાં પેટા વિભાગ-બ ના ત્રીજા મુદ્દામાં ૩૬ થી ૪૦ સુધીની કલમો સ્ત્રીઓ વિષે ઉમેરાઈ. આ માગણીઓ થતી હતી ત્યારે 'સ્ત્રીઓના અધિકાર માનવ અધિકાર'નું સૂત્ર વારંવાર પોકારાતું હતું જે હજી પોકારવાની તેટલી જ જરૂર છે.

આ પહેલાં ૧૯૭૫માં 'આંતરરાષ્ટ્રીય નારી વર્ષ' જાહેર કર્યા પછી સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.) દ્વારા તે દશકા સુધી લંબાવાયું. ૧૯૭૫ થી વિશ્વભરમાં સ્ત્રીઓના અધિકારો વિશે અને તેની પર પડતી તરાપ વિશે વિસ્તૃત વિચારણા થઈ. તેના પરિણામે ૧૯૭૬માં સ્ત્રીઓ પ્રત્યેના 'સર્વ પ્રકારના ભેદભાવ નિર્મૂળ કરવાની સમિતિ' અસ્તિત્વમાં આવી અને ૧૯૭૯માં તેના દ્વારા 'સ્ત્રીઓ પ્રત્યેના સર્વ પ્રકારના ભેદભાવ નિર્મૂલન સમજૂતી'ની રચના થઈ. આ સમજૂતી તેના અંગ્રેજી નામના શબ્દોના આદ્યાક્ષરો પરથી 'સીડો' (Convention on the Eliminaiton of all forms of Discrimination against Women (EDAW) ૧૯૮૧ના નામથી ઓળખાય છે. ૧૯૮૯ સુધીમાં ૧૦૦ દેશોએ તે સમજૂતી તેમને બંધનકર્તા રહેશે તેવું સ્વીકાર્યું.

૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્રો દ્વારા 'સ્ત્રીઓ વિરુદ્ધ આચરાતી હિંસા નિર્મૂલન ઘોષણાપત્ર' ઘોષિત થયું. આ સર્વ આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં સભ્ય રાષ્ટ્રોને અનેક ભલામણો કરવામાં આવી છે. અનેક પલગાઓ અને કાર્યક્રમો સૂચવાયા છે. આપણા દેશે આ દરેક દસ્તાવેજ સ્વીકાર્યો છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતે કબૂલાત કરી છે કે આ દસ્તાવેજોમાં સૂચવાયેલું સઘળું ભારત અમલમાં મૂકશે.

૨૦૦૦ના ઓક્ટોબર મહિનામાં વીલ્યૂ દ્વારા રજૂ થયેલો ઠરાવ સંયુક્ત રાષ્ટ્રની સીક્યુરીટી કાઉન્સિલે પસાર કર્યો હતો. આ ઠરાવ નંબર ૧૩૨૫ (૨૦૦૦) તરીકે જાણીતો થયો છે. તેમાં સંઘર્ષ કે સશસ્ત્ર સંઘર્ષ પછીની પરિસ્થિતિમાં સ્ત્રીઓ અને કિશોરીઓના અધિકારોની રક્ષા કરવાના કેન્દ્રીય મુદ્દાની આસપાસ અનેક વિગતો સમાવાઈ છે. આ ઠરાવ પણ સર્વ રાષ્ટ્રોને લાગુ પડે છે. (વીલ્ફ : ૨૦૧૦)

આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ અધિકારો તેમજ સ્ત્રીઓના સવિશેષ અધિકારો વિશે ઘણું ચિંતન થયું છે અને તેના પરિપાક રૂપે ઉપર જણાવ્યા તેવા અનેક દસ્તાવેજો રજૂ થયા છે. સભ્ય રાષ્ટ્રોને તેમાંની વિગતો સાથે સંમત થઈને તે પ્રમાણે આચરણ કરવાનું આવાહન છે. ભારતીય બંધારણ દ્વારા પણ સ્ત્રીઓને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને આત્મગૌરવની બાંહેધરી આપવામાં આવી છે. છતાં ભારતમાં લાખો સ્ત્રીઓ જાતીય હિંસા અને અન્ય પ્રકારની હિંસાની રોજબરોજ ભોગ બને છે. આવા સંયુક્ત રાષ્ટ્રોના આવાહન અને બંધારણીય બાંહેધરીઓ આપવા છતાં

* પીએચ.ડી. વિદ્યાર્થી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિ. અને પૂર્વ વ્યાખ્યાતા તાલીમ રીસર્ચ ફાઉન્ડેશન, બોપલ, અમદાવાદ.

પણ મહિલાઓના અધિકારોનું રક્ષણ અને સલામતી અસરકારક પુરવાર થઈ નથી.

સ્ત્રી સુરક્ષા અને મિલકતના હકો વગેરેની દૃષ્ટિએ અગ્રિમ દસ દેશોમાં આઈસલેન્ડ, નોર્વે, ઓસ્ટ્રેલિયા, કેનેડા, આર્યલેન્ડ, સ્વીડન, સ્વીટ્ઝરલેન્ડ, જાપાન, નેધરલેન્ડ અને ફ્રાંસનો સમાવેશ થાય છે. આ ટોપટેન દેશોમાં ભારત કેટલી સદીઓ પછી આવશે તે એક પ્રશ્ન છે. કારણ કે અહીં સમાનતાની બસ વાતો થાય છે, પરંતુ વાસ્તવિકતા તો જૂનું પુરુષ પ્રધાન માળખું છે, તેમાં માનવ અધિકારો, કાયદાઓ આવવાથી પણ કોઈ ખાસ ફેર પડ્યો દેખાતો નથી.

જો કે ભારતનાં જુદાં જુદાં રાજ્યો-ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, કેરલા વગેરેમાં સ્ત્રીઓના સ્થાનમાં તફાવત છે. એવી જ રીતે જુદા-જુદા ધર્મો, હિન્દુઓની જુદી-જુદી જ્ઞાતિઓ, જુદા-જુદા વર્ગની સ્ત્રીઓના સ્થાનમાં પણ તફાવત છે. મોટેભાગે સમાનતા એ ઉપલી જ્ઞાતિઓમાં દેખાતી હોય છે, પરંતુ તેનો અમલ નીચલી જ્ઞાતિઓમાં વધારે થતો જોવા મળે છે. ભારતમાં હિન્દુઓમાં મોટેભાગે આવી સમાનતા નથી. તેમાં સ્ત્રીનો દરજ્જો નીચલો છે. અહીં આવી સ્ત્રીઓ વિશે વિચાર કરવામાં આવ્યો છે. જે કેટલેક અંશે બીજા સમાજોમાં પણ જોઈ શકાય છે.

વર્તમાન ભારતીય સમાજમાં એવા ઘણા રીતિ-રિવાજો, ટેવો, સંસ્થાઓ — જ્ઞાતિ, કુટુંબ, લગ્નમાં સંસ્વીકૃત ભેદભાવો જોવા મળે છે, જેના વડે બહુ જ ચાલાકીથી મહિલાઓ ઉપર અનેક લાંછન લગાવી દેવામાં આવે છે. ભારતીય સમાજમાં સ્ત્રીનું જીવન રિવાજો, પૂર્વગ્રહો, ટેવો, ધોરણો, મૂલ્યો અને અલિખિત આચાર સંહિતા દ્વારા સંચાલિત થાય છે.

પરંપરાગત ભારતીય સમાજમાં વિધવાઓની સ્થિતિ અપરિણીત માતાની સ્થિતિ, છૂટાછેડા લીધેલ સ્ત્રીઓની સ્થિતિ, વેશ્યાઓ અને મહિલાઓની સ્થિતિ વધુ ધૃણાસ્પદ છે. કારણ કે એમને બળપૂર્વક બળાત્કારનો ભોગ બનવું પડે છે. આવાં અનેક ઉદાહરણો છે જે મહિલાઓ પર થયેલા અત્યાચાર અને પુરુષની બેવડી માનસિકતાનો ખ્યાલ આવે છે.

એવી જ રીતે પડદા પ્રથા, અસ્પૃશ્યતાની પ્રથા અને માસિક ધર્મ સંબંધી પુરુષ સમાજ દ્વારા મૂકવામાં આવેલા અનેક પ્રતિબંધો છે, જે મહિલાઓનું સમાજમાં નીચલા દરજ્જાનું સૂચન કરે છે. આવા પ્રતિબંધો દ્વારા સમાજમાં મહિલાઓના માનસમાં એક પ્રકારની હીન ભાવના ભરી દેવામાં આવે છે. મહિલાઓની ઘણી શારીરિક, માનસિક અને સામાજિક પરિસ્થિતિઓ માટે પુરુષ વર્ગ જ જવાબદાર છે. પરંતુ પુરુષ પ્રધાન સમાજ હોવાને કારણે અને બધા નિયમ પુરુષ વર્ગ દ્વારા સંચાલિત હોવાને કારણે બધી બાબતો માટે મહિલાઓને જ દોષી માનવામાં આવે છે અને આવી બાબતો માટે એમને સજા પણ આપવામાં આવે છે.

**ભેદભાવ આધારિત સામાજીકરણના સ્વરૂપોનું ઘડતર :**

કુટુંબમાં બાળક સાથે તેના લિંગ પ્રમાણે ભિન્ન-ભિન્ન વર્તન વ્યવહાર કરવામાં આવે છે. કારણ કે કુટુંબમાં જ બાળકોને સર્વપ્રથમ પોતાના લિંગ વિશેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેના લિંગ પ્રમાણે તેનો વિકાસ-ઉછેર કરવામાં આવે છે. તેને તે પ્રકારનાં કપડાં, રમકડાં વગેરે આપવામાં આવે છે. આ રીતે માબાપ દ્વારા નાનપણથી જ આવો ખ્યાલ બાળકના દિલ-દિમાગમાં પેદા કરી દેવામાં આવે છે, કે તેના જીવનમાં તેની કયા પ્રકારની ભૂમિકા રહેશે. કારણ કે આપણા પિતૃસત્તાત્મક સમાજમાં પુરુષો અને સ્ત્રીઓનું સામાજીકરણ એકદમ જુદી-જુદી રીતે કરવામાં આવે છે.

વાસ્તવમાં નારીપણાના ઘડતરની પ્રક્રિયા સમાજમાં સામાજિક સંસ્થાઓ, સાંસ્કૃતિક મૂલ્યો, તહેવારો, વ્યવહારો, પ્રથાઓ, પરંપરાઓ, ઉપવાસો, ધાર્મિક અનુષ્ઠાનો અને ક્રિયાઓ, લિખિત અને અલિખિત જ્ઞાન અને નારી અપેક્ષિત વિશિષ્ટ મૂલ્યો વડે સ્થાપિત કરવામાં આવી છે. નાનપણથી જ છોકરા અને છોકરીના વ્યવહારને એવી રીતે સંચાલિત કરવામાં આવે છે કે છોકરાએ સાહસિક, બૌદ્ધિક અને બીજાં કાર્યોની ભૂમિકા નિભાવવા

માટે વિકસિત કરી શકાય અને છોકરીને ક્ષમા, ભય, લજ્જા, શરમ, સહનશીલતા, નમનીયતાને આત્મસાત કરવા માટે પ્રેરણા-પ્રોત્સાહન આપવામાં આવે છે.

નાનપણથી જ છોકરાઓ બીજાને દબાવવા અને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે છે. તેઓ આક્રમક સ્વભાવના હોય છે. પરંતુ છોકરીઓને સારી 'માતા' બનવાનું શિખવાડવામાં આવે છે. તેમનાથી લાગણીશીલ, ચંચળ, નબળી અને પોતાની સમસ્યાઓ, પ્રત્યે બધાની સામે રોદડા રોવાની અપેક્ષા રાખવામાં આવે છે. તેમનાથી પોતાની શારીરિક તાકાત કે વૃદ્ધિ કરતાં રૂપ-રંગ, શ્રૃંગાર પર વધુ ધ્યાન આપવાની અપેક્ષા રાખવામાં આવે છે.

સામાજીકરણની દૃષ્ટિથી નારીની ભૂમિકા જોઈએ તો હિન્દુ કુટુંબોમાં તેમણે નહિં તો કોઈ પ્રકારના નિર્ણય લેવાનો અધિકાર આપવામાં આવતો અને નહિ તો ઘરની ચાર દીવાલોની બહારની ક્રિયાઓમાં પણ કોઈ રીતે ભાગ લેવાનો અધિકાર આપવામાં આવતો. આટલું જ નહીં, મહિલાઓ પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ પોતાનો વધુ ને વધુ સમય ઘરકામમાં પસાર કરે. સમાજ પણ તેમના વ્યવહારમાં કેટલાક એવા ગુણોની આશા રાખે છે કે મહિલાઓમાં સહનશીલતા, સમર્પણ, પરોપકાર, બલિદાન, ત્યાગ વગેરે ગુણો તો ચોક્કસ હોવા જ જોઈએ.

સામાજીકરણની પ્રક્રિયામાં મહિલાઓને પુરુષોથી જુદુ સ્તર પ્રદાન કરવામાં આવે છે. આથી જાતિ પર આધારિત નારીની ભૂમિકાઓ પણ જુદી જુદી નક્કી કરવામાં આવી છે. જેના માધ્યમથી નારીની પરિસ્થિતિ, ભૂમિકા, તેની ઓળખ, મૂલ્યો, અપેક્ષાઓને તેની વિચારવાની શક્તિનું પુરુષ સમાજે મનગમતી રીતે ઘડતર કર્યું છે.

આધુનિક સમાજમાં અંગત અને સાર્વજનિક સ્વરૂપે પણ જાતિને આધારે બેવડુ વિભાજન જોવા મળે છે. વર્તમાન સમાજમાં મહિલાઓ અને પુરુષો બંનેમાં પ્રત્યેક ક્ષેત્રે જેવા કે કાર્યક્ષેત્ર, પગાર, નિર્ણય ક્ષમતા, નેતૃત્વ ક્ષમતા વગેરે બધામાં ભેદભાવ કરવામાં આવે છે. દરેક સમાજમાં મહિલાઓ માટે અલગથી વર્તન વ્યવહારના ધોરણોની રચના કરવામાં આવી છે. આથી તેમની પાસેથી આશા રાખવામાં આવે છે કે તેઓ ઘરની ચાર દીવાલોમાં રહીને અને તેના સભ્યોના વિકાસમાં પોતાના જીવનનું બલિદાન આપી દે.

આ રીતે સ્ત્રીઓમાં સ્વતંત્ર વિચાર કરવાની ક્ષમતાનો વિકાસ થવા દેવામાં આવતો નથી. નારીને પોતાના વિકાસ માટે 'થોડો સમય કાઢવો' જેવી પ્રેરણા ન આપીને તેમને પોતાનું જીવન કુટુંબના વિકાસમાં આપવાની પ્રેરણા કુટુંબ અને સમાજ દ્વારા આપવામાં આવે છે. જ્યારે પુરુષો પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ ઘરથી બહાર નીકળી પોતાનો અને સમાજનો વિકાસ કરે. પુરુષ બાળકોના ઉછેર, સ્વાસ્થ્ય, શિક્ષણ વગેરેની જવાબદારીઓથી મુક્ત જીવન જીવી શકે છે, જ્યારે સ્ત્રીઓ આ બધાં કાર્યો પૂરાં કરવામાં પોતાનું જીવન ખપાવી દે છે. આ રીતે જોઈએ તો બધાં સામાજિક બંધનો, રીતિ-રિવાજો, રૂઢિઓ વગેરે માત્ર મહિલાઓ માટે જ છે.

સમાજની અનેક કુપ્રથાઓ જેવી કે દહેજ પ્રથા, સતી પ્રથા, પડદા પ્રથા વગેરે બધી પ્રથાઓ મહિલાઓને જ સમાજમાં નિમ્ન પરિસ્થિતિ તરફ લઈ જાય છે, જ્યારે પુરુષો દ્વારા શોષણ, મહિલાઓ સાથે થતી જુદા જુદા પ્રકારની હિંસા વગેરે ઘટનાઓ એવો નિર્દેશ કરે છે કે સમાજમાં જાતિ આધારિત અસમાનતાઓ વ્યાપક પ્રમાણમાં રહેલી છે. જો કોઈ સ્ત્રી ઘરની ચાર દીવાલોમાંથી બહાર નીકળી સામાજિક કાર્ય કરે પણ છે તો તેણે અસંખ્ય સમસ્યાઓનો સામનો કરવાનો હોય છે.

સોનલ પંડ્યાએ 'પુત્રવધુ પુત્રથી વધુ હોય છે ખરી ?' લેખમાં લખ્યું છે કે 'લગ્ન મંડપમાં એવું કહીએ છીએ કે 'અમારે મન દીકરી અને વહુ સરખા'- છતાં સમયની સાથે પિયર બદલાયુ છે, સાસરાને પણ બદલવાની જરૂર છે. સાસરે જતી સ્ત્રીને શું કરાય અને ખાસ તો શું ન કરાય તેવી વિવિધ સલાહ ઘરમાંથી જન્મે છે. સંયુક્ત કુટુંબમાં વધૂ આવે તે પૂર્વે આવનાર પુત્રવધુ માટે ઘરનું

કેવું અનુકૂળ વાતાવરણ ઊભું કરશો ?' આ અંગે ચર્ચા કરતી કોઈ મિટીંગ આપણા ઘરોમાં ભરાય છે ખરી ? કહેવત છે કે 'વધૂ અને વરસાદને જશ ન હોય.' વહુને જશ અને આગળ વધવાની તક આપવા પડશે.

આપણા સમાજની પરંપરા મુજબ લાખો છોકરીઓ લગ્ન પછીથી મૂળમાંથી ઊખડી બીજે ઊગવાની મથામણ કરે છે, જ્યાં ઘરનો વડો પુરુષ હોય છે. આ પ્રક્રિયા સદીઓથી ચાલે છે, પરંતુ એ એટલી સહજ-સરળ પ્રક્રિયા નથી. આજની સ્ત્રીઓને સલામતી સાથેની સ્વતંત્રતા જોઈએ છે. આ લડાઈ પુરુષો સામેની નથી, પરંતુ પુરુષ પ્રધાન માળખા સામેની છે. તે વાત આપણે ભૂલવી ન જોઈએ. એ લડાઈ લડવા માટે સંત્રીઓ પુરુષોનો સાથ પણ ઝંખે છે. ભારતમાં પુત્રવધુઓના વિકાસ માટે કુટુંબ, લગ્ન, જ્ઞાતિ વગેરે સામાજિક સંસ્થાઓએ 'આધુનિક સામાજીકરણના સ્વરૂપોનું ઘડતર' કરવું જોઈએ.

આમ, આપણે જોઈએ છીએ કે જાતિ આધારિત સામાજીકરણના સ્વરૂપોમાં મહિલાઓને પુરુષોથી નિમ્ન દરજ્જો મળ્યો છે અને કુટુંબ, સમાજ, જ્ઞાતિ અને વ્યવસાયને આધારે તેનું સ્વરૂપ નક્કી કરવામાં આવ્યું છે. જો કે વર્તમાન સમયમાં સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસોથી આ દૃષ્ટિકોણમાં થોડો બદલાવ આવી રહ્યો છે, પરંતુ વ્યાપક સમાજમાં તેની અસર નહિવત છે.

આત્મહત્યા અંગેના મસીહી, પાઠક અને ત્રિવેદી (૨૦૧૦ : ૮૯-૯૧) ના અભ્યાસમાં એવું જોવા મળ્યું હતું કે પુત્રીએ આત્મહત્યા કરી હોય (હકીકતમાં એનું ખૂન થયું હોય) પણ માતાપિતા કે ભાઈ શોક પ્રદર્શિત કરતા નથી. કારણ કે પુત્રીએ પ્રેમલગ્ન કર્યું હતું. Honour Killingમાં પંચાયતના આદેશ દ્વારા જ્ઞાતિના ધોરણ વિરુદ્ધ લગ્ન કરનારને મારી નાખે છે, ત્યારે માતાપિતા પણ તેમાં સાથ આપે છે અથવા શાંત રહે છે. અહીં પણ વ્યક્તિનું જ્ઞાતિ લગ્ન અને કુટુંબ સંસ્થા દ્વારા થયેલું સામાજીકરણ જવાબદાર છે.

અનુલોમ વિવાહ (Hypergamy) એક સામાજિક પ્રથા છે. જેમાં એક વ્યક્તિને પોતાની પુત્રીનાં લગ્ન પોતાનાથી ઉચ્ચ જ્ઞાતિ કે કૂળમાં કરવા માટે બાધ્ય કરવામાં આવે છે. આ પ્રથા પ્રમાણે ઊંચો સામાજિક દરજ્જો ધરાવતા લોકો પોતાની પુત્રીનાં લગ્ન નિમ્ન દરજ્જાના કુટુંબમાં કરવાનું પસંદ કરતા નથી, પરંતુ તેઓ આવા કુટુંબોમાંથી કન્યા ચોક્કસ લઈ શકે છે. ભારતીય સંદર્ભમાં હિન્દુ જ્ઞાતિ પ્રથા પ્રમાણે પુરુષ માટે પોતાનાથી નીચલી જ્ઞાતિની સ્ત્રી સાથે પરણવું જ શાસ્ત્ર સમ્મત માનવામાં આવે છે. આ પ્રથાને લઈને ઘણાં ગરીબ કુટુંબો પોતાનાથી ઊંચી જ્ઞાતિમાં દીકરીનાં લગ્ન કરાવવા ઊંચો દહેજ આપવા તૈયાર થાય છે અને ત્યાંથી શરૂ થાય છે કુટુંબમાં સ્ત્રીઓનું શોષણ, અપમાન, હિંસા, જાતીય સતામણી, છૂટાછેડા, આત્મહત્યા વગેરે. આ માટે પણ વ્યક્તિનું સામાજીકરણ જવાબદાર છે. ઈલા પાઠકે પોતાના ઘરેલુ હિંસા (૨૦૦૧)ના અભ્યાસમાં કુટુંબમાં સ્ત્રીઓ સાથે થતી હિંસા અને અપમૃત્યુના બનાવોનો ચિતાર આપવા પોલીસતંત્ર અને ન્યાયતંત્રની ભૂમિકાને તપાસી છે. આ અભ્યાસનાં તારણો ચોંકાવનારાં છે.

રાષ્ટ્રીય ગુના નોંધણી કાર્યાલયનો અહેવાલ (NCRB : National Crimes Record Bureau : ૧૯૯૪ : ૬૫, ૧૯૯૫ : ૬૧ અને ૧૯૯૮ : ૧૧૭) દર્શાવે છે કે સમગ્રતયા સ્ત્રીઓ કરતાં પુરુષો વધારે આત્મહત્યા કરે છે. આ હકીકત ગુજરાત રાજ્યની બાબતમાં પણ સાચી છે. પરંતુ રાજકોટ, ભાવનગર, જૂનાગઢ જેવા સૌરાષ્ટ્રના જિલ્લાઓ અપવાદરૂપે હતા. ત્યાં પુરુષો કરતાં સ્ત્રીઓએ વધારે આત્મહત્યા કરી હોવાનું નોંધાયું હતું. એનસીઆરબીએ નોંધ્યું છે કે સામાન્ય રીતે સ્ત્રીઓ અપૂરતું દહેજ (સાસરિયાની દ્રષ્ટિએ), બાળકો ન હોવા, દીકરાને જન્મ ન આપી શકવો, પતિ કે સાસરિયા તરફથી થતા સતત ત્રાસને સહન કરવાની અસમર્થતા જેવી કૌટુંબિક સમસ્યાઓને લીધે આત્મહત્યા કરે છે અથવા તો કેટલાક કિસ્સાઓમાં તેમને આત્મહત્યા કરવી જ પડે છે (૧૯૯૫ : ૬૧). આવા બધા જ કિસ્સાઓમાં યુવાન નવવધૂ/પરિણીતા પોતે જવાબદાર નથી હોતી. કેટલાક કિસ્સાઓમાં આત્મહત્યાની ઘટના વાસ્તવમાં

હત્યા હોય છે, પરંતુ પુરાવા કે સાક્ષીઓના અભાવે (નવવધૂની થતી પજવણી પડોશીઓ જાણતા હોવા છતાં સાચુ કહેવા ઈચ્છતા નથી હોતા અને ખાસ દંભયુક્ત કારણ આપે છે કે તેઓને પોતાના પડોશીના આંતરિક મામલામાં દખલ કરવી ગમતી નથી) ગુનેગાર છૂટી જાય છે.

જો કે ગુજરાત રાજ્ય આર્થિક વિકાસ, શાંતિ અને અહિંસક સામાજિક-સાંસ્કૃતિક પર્યાવરણની બડાશ મારે છે, તેમ છતાં સ્ત્રી ભ્રૂણહત્યા, દહેજ મૃત્યુ, નવવધૂઓને સળગાવી મારવી, સ્ત્રીઓની આત્મહત્યા અને આવા અન્ય ઘાતક પાપો ઘરેલું ક્ષેત્રના કિસ્સાઓ છાપાંઓ અને પોલિસ દ્વારા નોંધવામાં આવે છે, તે એક વાસ્તવિકતા છે. કલમ ૪૯૮-અ અંતર્ગત નોંધાયેલા આવા કિસ્સાઓના આંકડા ૧૯૮૬માં ૨૫૦ હતા, જે ૧૯૯૫માં ૧૦૯૭ થી વધીને ૧૯૫૦ થયા હતા (પાઠક : ૨૦૦૧ : ૩૪). ૧૯૯૯માં આવા કેસો ૩૮૮૬ હતા, જે ૨૦૦૬માં ૪૮૯૮ થયા હતા. (જેન્ડર ડાટા બેંક : ૨૦૦૮ : ૩૭). જો આપણે આ આંકડામાં 'દહેજ મૃત્યુ' (કે જે ઘરેલુ હિંસાનુ જ પરિણામ છે, પરંતુ તે અલગ નોંધવામાં આવે છે)ની સંખ્યાના આવા કિસ્સાઓ ઉમેરીએ તો આ સંખ્યા ખૂબ વધી જાય છે. ટૂંકમાં, ૨૦ વર્ષના ઓછા ગાળામાં ગુજરાતમાં આવા કિસ્સાઓ ૨૫૦ થી વધીને ૪૮૯૮ થયા હતા. ભારતીય ન્યાયાલયો અને ફેમીલી કોર્ટ્સમાં પણ ઘરેલું કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહેલો દેખાય છે.

ભારતમાંથી સ્થળાંતરીય થઈને પરદેશમાં ખાસ કરીને યુ.કે. અને પશ્ચિમના અન્ય દેશોમાં વસતા ભારતીયોની સંખ્યા હવે ઘણી વધી છે. તેમની અનેકવિધ સમસ્યામાંથી પરદેશમાં પરણીને આવતી યુવાન કન્યાઓ સાથે તેમના જ પતિ તેમજ શ્વસુર દ્વારા થતા દુર્વ્યવહારની સમસ્યા ઘણી નાજુક, કરૂણાજનક છતાં ઘણી ઓછી જાણીતી છે. સરહદપારના લગ્નોમાં બિન-નિવાસી ભારતીય (એનઆરઆઈ) પુરુષ દ્વારા પત્નીને ત્યજી દેવાની ઘટનાઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે. ભારતના દિલ્હી, પંજાબ અને ગુજરાત રાજ્યોમાં ત્યજાયેલી પત્નીઓ અંગેનો અભ્યાસ સુંદરી અનીથા અને સાથીઓ (૨૦૧૬) દ્વારા 'Disposable Women !' જેવા ધ્યાન ખેંચે તેવા યથાર્થ શિર્ષક હેઠળ કરવામાં આવ્યું છે. આ અભ્યાસનું તારણ છે કે પિતૃપ્રધાનતાની અનુલંઘનીયતા તેમજ અન્યોન્યની વિરુદ્ધ જતાં કાયમી વસવાટનાં નિયંત્રણો જે રીતે વ્યાપેલાં છે, તેને પરિણામે તરછોડાયેલી સ્ત્રીઓનું અસ્તિત્વ નિંદાત્મક અને પાંગળા લગ્નોમાં જકડાઈ જાય છે. તેની આ પરિસ્થિતિ રાજ્યની સંવેદન શૂન્યતા તેમજ ફરિયાદ નિવારણ અને ન્યાય મેળવવા માટેનાં રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના અપૂરતા કાનૂની માળખાને કારણે બેવડાવે છે. આ સ્ત્રીઓના દુરુપયોગની અને છોડી દેવાની ધ્રૂજાવી દેતી હકીકતો આબેહૂબ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અન્યત્રની સ્ત્રીઓ જેવી જ છે. (૨૦૧૬ : ૭-૧૮).

ગુજરાતમાં સ્ત્રીઓનું સ્થાન સમજવા, જાણવા બાબતે ઈલા પાઠકના ૨૦૧૨માં છપાયેલા ૪ નારીવાદી સંગ્રહો મહત્ત્વના છે. જેમાં તેમના ૧૯૮૦ થી ૨૦૧૨ દરમિયાન ગુજરાતી છાપાઓમાં છપાયેલા ૧૮૬ લેખો સંગ્રહિત થયા છે. આ લેખો સમાજમાં જોવા મળતી કેટલીક સમસ્યાઓ, સ્ત્રીઓ પરના અત્યાચાર, સ્ત્રીઓ દ્વારા કરાતી આત્મહત્યા, ભ્રૂણહત્યા વગેરે પર કેન્દ્રિત થયેલા છે. આ સંગ્રહોના લેખો વિશે ઈલા પાઠકે લખ્યું છે કે, '....પ્રસંગો અને મુદ્દાઓ કાલગ્રસ્ત કહી શકાય, છતાં આજે પણ 'અવાજ'માં કાર્યરત છીએ ત્યારે સમજાય છે કે પ્રસંગો ભલે જૂના હોય, પણ મુદ્દાઓ એ જ છે. તેમાં તલભાર પણ ફેર પડ્યો નથી. પચીસ ત્રીસ વર્ષ પહેલાં જે હતું અને જે વિચારાતું તેવું જ સ્ત્રી સંદર્ભે આજે છે અને વિચારાય છે તેવું લાગે છે. તેથી માનું છું કે આ લખાણો સાંપ્રતપણે પ્રસ્તુત છે.

૮ મી માર્ચે - 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન' નિમિત્તે સામાજિક માધ્યમો, અંગ્રેજી અને ગુજરાતી છાપાઓમાં છપાયેલ 'મહિલાઓની આગળ વધવાની સફર'ના આંકડાઓ જોતાં આખા સમાજને આઘાત લાગે તેવું છે. આ આંકડાઓને 'ભેદભાવ આધારિત સામાજીકરણના

સ્વરૂપોનું પરિણામ' તરીકે જોઈ શકાય તેમ છે.

અંતે માત્ર એટલું જ કહેવું છે કે માનવ અધિકારો ઘડવાથી, બંધારણીય બાંહેધરી આપવાથી કે કાયદાઓ ઘડવાથી સ્ત્રીઓના સ્થાન ઉપર કોઈ ખાસ ફેર પડ્યો નથી. જો સ્ત્રીઓના સ્થાનને બદલવું હોય તો માનવ અધિકારોનું અમલીકરણ થાય છે કે કેમ તે જોવું અને તે માટે જરૂરી તંત્ર ઊભું કરવું પણ જરૂરી છે. પરદેશમાં માતાપિતાને બાળકને મારવાનો અધિકાર નથી તે જોવામાં આવે છે, જ્યારે આપણા ત્યાં બસોની અંદર મહિલા આરક્ષિત સીટો હોવા છતાં બસના કંડક્ટર કે ડ્રાયવર તેનું પાલન કરાવતા નથી. ભારતમાં અમલીકરણનો અભાવ છે.

**સંદર્ભ સૂચિ :**


૧. વીલ્ફ ઇન્ડિયા (વિમેન્સ ઇન્ટરનેશનલ લીગફોર પીશ એન્ડ ફ્રીડમ, ઇન્ડિયા) ૨૦૧૦, 'સ્ત્રીના માનવ અધિકારોના આંતરરાષ્ટ્રીય દસ્તાવેજો', વીલ્ફ ઇન્ડિયા, શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. (અનુવાદક-ઈલા પાઠક)

૨. મસીહી, પાઠક અને ત્રિવેદી (૨૦૧૦), 'ઓલવાયેલા દીવા : ગુજરાતમાં આત્મહત્યાનો અભ્યાસ', અવાજ, અમદાવાદ.

૩. Pathak, Ila (2001), 'Aftermath of Domestic Violence Against Women : A Systematic Exploration of Criminal Justice System in Gujarat (India), Awag, Ahmedabad.

૪. રાવત, હરિકૃષ્ણ (૨૦૧૦) 'સમાજશાસ્ત્ર વિશ્વકોષ' : રાવત પબ્લિકેશન, જયપુર.

૫. પાઠક, ઈલા (૨૦૧૨) 'નારીવાદીનું આકલન', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

૬. પાઠક, ઈલા (૨૦૧૨) 'નારીવાદીની કલમે', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

૭. પાઠક, ઈલા (૨૦૧૨) 'નારીવાદીની નજરે', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

૮. પાઠક, ઈલા (૨૦૧૨) 'નારીવાદીનું મનોમંથન', પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

૯. દિવ્ય ભાસ્કર, 'મહિલાઓની આગળ વધવાની સફર', દિવ્ય ભાસ્કર, અમદાવાદ આવૃત્તિ, ૮ માર્ચ, ૨૦૧૭.

૧૦. Gender Data Bank (2008), Gender Resource Centre, Ahmedabad.


• • •

સાચી કેળવણી તો એ છે કે જે માણસને પોતાના પગ પર ઊભા રહેતા શીખવે.

કોઈ કામ ખરાબ નથી. જો મનપસંદ કામ મળી જાય તો મુરખ માણસ પણ એ કામ પૂરું તો કરી શકે. બુદ્ધિશાળી માણસ તો એને કહેવાય જે દરેક કામને પોતાને લાયક અને પોતાને મનપસંદ બનાવી લે.

**- સ્વામી વિવેકાનંદ**

•

રોટલો કેમ રળવો તે નહીં, પણ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો તે કેળવણી મારફતે આપણે પહેલું શીખવાનું છે.

**- જેઈમ્સ એંજલ**

•

માણસની મોટામાં મોટી જરૂરિયાત શિક્ષણ નહીં, પણ ચારિત્ર્ય છે અને તે જ તેનો રક્ષક છે.

**- હર્બાટ સ્પેન્સર**



Refe

એબ્યુ

# ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી

– પ્રા. સંગીતા પટેલ*

## (વ્યવસાયી સ્ત્રીઓનો દષ્ટિકોણ)

**Abstract :**

શિક્ષણ એ કોઈ પણ દેશની વૃદ્ધિ અને વિકાસનું ચાવીરૂપ માધ્યમ છે. વ્યક્તિગત કક્ષાએ જોઈએ તો શિક્ષણ દ્વારા વ્યક્તિના વ્યક્તિત્વનો સુગ્રથિત વિકાસ થાય છે અને આત્મવિશ્વાસ વધે છે તથા આવી વ્યક્તિઓ સમાજના બુદ્ધિધનમાં વધારો કરે છે તેમ જ સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપે છે. શિક્ષણ દ્વારા દેશની, સમાજની ગુણવત્તાયુક્ત વસ્તીમાં વધારો થાય છે.

ભારત જેવા વિકસતા દેશમાં શિક્ષણ એ વિકાસ માટેની પાયાની જરૂરિયાત છે. શિક્ષણ એ સામાજિક પરિવર્તન લાવવાનું મૂળભૂત કાર્ય કરે છે. આ સંદર્ભમાં 'Indian Education Commission'ના મતે જોઈએ તો- 'The realization of the country's aspirations involves changes in the knowledge, skill and values of the people as a whole. If this 'Change in a grand scale' is to be achieved without a violent revolution there is one and only instrument that be used-Education.'

કોઈપણ દેશના વિકાસનો માપદંડ શિક્ષણ છે, એની સાથે-સાથે જે-તે દેશમાં સ્ત્રીઓનું શિક્ષણ કેટલું છે એ પણ વિકાસની આવશ્યક પૂર્વશરત છે. સ્ત્રીશિક્ષણ માત્ર 'Social Justice' કે 'Gender Equality' માટે જ નહિ, પરંતુ Social Transformation (સામાજિક રૂપાંતર) માટે મહત્ત્વનું છે. શિક્ષણની સીધી અસર સ્ત્રીસશક્તિકરણ પર થાય છે જેના દ્વારા સ્ત્રીઓ પોતાના અધિકારો, ક્ષમતાઓ, પસંદગી, તકો વગેરેથી સભાન બને છે. સ્ત્રીશિક્ષણ અંગે થયેલા અભ્યાસો દર્શાવે છે કે સ્ત્રીશિક્ષણ અને વિકાસ વચ્ચે મજબૂત સહસંબંધ રહેલો છે જે આર્થિક ઉત્પાદન, આરોગ્ય અંગેની સભાનતા, રાજકીય સહભાગીતા, ઊંચી લગ્નવય વગેરે લક્ષ્યો સિદ્ધ કરે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ભારતમાં ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી, સ્ત્રીઓની ઉચ્ચશિક્ષણણાં ભાગીદારી વધારતાં પરિબળો, ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી ઘટાડતાં પરિબળો અને ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારવા કયા પ્રયાસો કરી શકાય વગેરેનું વિશ્લેષણ કર્યું છે. આ વિશ્લેષણ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરેલી અને વ્યવસાયમાં જોડાયેલી 'અમદાવાદ' વ્યવસાયી સ્ત્રીઓના દષ્ટિકોણ'થી કર્યું છે.

પ્રસ્તુત અભ્યાસ મારા પીએચ.ડી.ના અભ્યાસના ભાગરૂપે તૈયાર કર્યો છે.

**પ્રસ્તાવના :**

ઉચ્ચશિક્ષણ એટલે માધ્યમિક શિક્ષણ કરતાં ઉપરની કક્ષાનું શિક્ષણ, જે કૉલેજ અને યુનિવર્સિટી કક્ષાએ આપવામાં આવે છે. જેમાં ચોક્કસ વિષય સાથે વિદ્યાર્થીને ડિગ્રી મળે છે.

ભારતમાં સ્ત્રીઓ માટેના ઔપચારિક શિક્ષણની શરૂઆત બ્રિટિશ શાસનકાળ દરમિયાન થઈ. ૧૮૫૨માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સ્ત્રીઓ માટે શિક્ષણની શરૂઆત કરી. પરંતુ આ શિક્ષણ પ્રાથમિક શિક્ષણ પૂરતું સીમિત હતું અને સમાજના ઉચ્ચવર્ગને જ તેનો લાભ મળેલો. એટલે કે સમાજના ખૂબ જ નાના વર્ગને સ્ત્રીશિક્ષણનો લાભ મળ્યો. આઝાદી બાદ પણ સ્ત્રીઓના ઉચ્ચશિક્ષણ પ્રત્યે નકારાત્મક વલણ હતું. University Education Commission (1945) સ્ત્રીશિક્ષણ સંદર્ભમાં સૂચન કર્યાં તે આ પ્રમાણે હતાં. 'Women's Present education is entirely relevant to the life they have to lead. It is not only a waste but often a definite disability.

(Report of University Education Commission, Government of India, 1948-49, Vol. (i), Chapter xii)

* પીએચ.ડી. વિદ્યાર્થીની, સમાજશાસ્ત્ર વિભાગ, ડૉ. આંબેડકર ઓપન યુનિ. અને આસિ. પ્રૉફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનિ., અમદાવાદ.

૧૯૫૮માં ભારત સરકારે સ્ત્રીશિક્ષણ માટેની રાષ્ટ્રીય સમિતિની નિમણૂક કરી અને આ સમિતિએ સ્ત્રીશિક્ષણની તરફેણમાં અહેવાલ રજૂ કર્યો અને ભારત સરકારે સમિતિનાં મોટાભાગનાં સૂચનોનો સ્વીકાર કર્યો.

સ્ત્રીઓ માટે શિક્ષણ અને ઉચ્ચશિક્ષણની જરૂરિયાતના સંદર્ભમાં જોઈએ તો તમે જ્યારે એક સ્ત્રીને શિક્ષણ આપો છો, ત્યારે તમે એના સમગ્ર કુટુંબને શિક્ષણ આપો છો. સ્ત્રીશિક્ષણની જરૂરિયાતના સંદર્ભમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જણાવે છે કે 'There can not be educated people without educated women' એટલે કે દેશની અડધી વસ્તી સ્ત્રીઓની છે ત્યારે સ્ત્રીશિક્ષણ અને ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી અતિ આવશ્યક છે. ભારતમાં સ્ત્રીઓની ઉચ્ચશિક્ષણમાં ભાગીદારી અંગે બે મત પ્રવર્તે છે - પરંપરાગત અને આધુનિક. સમાજના પરંપરાગત મત અનુસાર શિક્ષણ સ્ત્રીને આદર્શ પત્ની અને આદર્શ માતા બનાવવામાં સહાયક નીવડે છે. તેમના મતે વર્તમાન શિક્ષણ સ્ત્રીઓને તેમના રોજિંદા જીવનમાં પ્રશ્નો હલ કરવામાં નિષ્ફળ છે. એટલે કે આવા શિક્ષણની કોઈ સામાજિક ઉપયોગિતા નથી. પરંતુ આધુનિક મત અનુસાર આજે શિક્ષણ એ સ્ત્રી-સશક્તિકરણ, સ્ત્રી-પુરુષ સમાનતા અને વિકાસનું માધ્યમ છે.

સ્વતંત્રતા બાદ ભારતમાં સ્ત્રી-શિક્ષણનું પ્રમાણ સતત વધતું ગયું છે. માધ્યમિક શિક્ષણ સુધી યુવક-યુવતીઓના શિક્ષણનું પ્રમાણ લગભગ સમતોલ રહે છે, પરંતુ ઉચ્ચશિક્ષણમાં યુવતીઓની સંખ્યા યુવકોના પ્રમાણમાં ઓછી છે. AISHE (2014-15)ના આંકડાઓ જોઈએ તો ૫૩% યુવકો અને ૪૭% યુવતીઓએ સ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવ્યો છે. એ જ રીતે ડિપ્લોમા ક્ષેત્રે જોઈએ તો ૭૨% યુવકો અને ૨૮% યુવતીઓએ પ્રવેશ મેળવ્યો છે. ગુજરાતમાં ઉચ્ચશિક્ષણમાં પ્રવેશના આંકડાઓ તપાસીએ તો ૮,૫૦,૭૦૪ યુવકો અને ૫,૯૧,૫૨૦ યુવતીઓએ પ્રવેશ મેળવ્યો છે. એટલે ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી ઓછી છે. આ સંદર્ભમાં ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી ઘટાડતાં પરિબળો, ઉચ્ચશિક્ષણ મેળવવામાં સ્ત્રીઓને સહાયક બનતાં પરિબળો, ઉચ્ચશિક્ષણમાં પ્રવેશથી માંડીને ઉચ્ચશિક્ષણ પૂરુ કરવા સુધી સ્ત્રીઓને કયા પ્રશ્નોનો સામનો કરવો પડે છે, ઉચ્ચશિક્ષણને વ્યવસાય સાથે જોડવામાં કઈ મુશ્કેલીઓ પડે છે અને આ બધાની અસર ઓછી કરવા શું કરી શકાય ? વગેરે બાબતો તપાસવાનો પ્રસ્તુત અભ્યાસમાં પ્રયાસ કર્યો છે. અત્રે ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરેલી અને વ્યવસાય સાથે જોડાયેલી સ્ત્રીઓ પાસેથી રૂબરૂ મુલાકાત દ્વારા માહિતી મેળવી અભ્યાસ કરવામાં આવ્યો છે.

**અભ્યાસના હેતુઓ :**

- ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારીનું વિશ્લેષણ કરવું.
- ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારતાં પરિબળોનું વ્યવસાયી સ્ત્રીઓના સંદર્ભમાં વિશ્લેષણ કરવું.
- ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી ધરાવતાં પરિબળોનું વિશ્લેષણ કરવું.
- ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારવા કયા પ્રયાસો કરી શકાય તેનું વિશ્લેષણ કરવું.

**સંશોધન સાહિત્યની સમીક્ષા :**

ડૉ. નંદિતા સિંધે ભારતમાં સ્ત્રીશિક્ષણ-પ્રશ્નો અને પડકારો અંગે અભ્યાસ કર્યો છે, જેમાં ભારતની ઉચ્ચશિક્ષણનીતિ, ગ્રામિણ-શહેરી તફાવત, શિક્ષણમાં 'Gender Gap' યુવતીઓ સરકારી અને ખાનગી શિક્ષણ સંસ્થાઓની વ્યવસ્થા વગેરેનો અભ્યાસ કર્યો છે. ડૉ. રાજેન્દ્રએ ભારતમાં ઉચ્ચશિક્ષણ અને સ્ત્રીઓની ભાગીદારી વિષય પર અભ્યાસ કર્યો છે. જેમાં ભારતમાં ઉચ્ચશિક્ષણનો વિકાસ, ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની સ્થિતિ, સ્ત્રીઓ માટે ઉચ્ચશિક્ષણની જરૂરિયાત વગેરેનો અભ્યાસ કર્યો છે. ડૉ. મોસમ ત્રિવેદીએ સ્ત્રીશિક્ષણની ૨૧મી સદી-અમદાવાદના સંદર્ભમાં વિષય પર અભ્યાસ કર્યો છે જેમાં ગુજરાતમાં સ્ત્રીશિક્ષણનો ઇતિહાસ, ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે સ્ત્રીઓનું પ્રદાન, ઉચ્ચશિક્ષિત મહિલા નેતૃત્વ અને સામાજિક જાગૃતિ વગેરેનું વિશ્લેષણ કર્યું છે.

**અભ્યાસક્ષેત્ર :**

પ્રસ્તુત અભ્યાસમાં પશ્ચિમ અમદાવાદમાં વસવાટ કરતી ઉચ્ચશિક્ષિત મહિલાઓ કે જેઓ ડૉક્ટર તથા એડવોકેટના વ્યવસાય સાથે સંકળાયેલી છે. ૬૦ વ્યવસાયી મહિલાઓ પાસેથી માહિતી એકત્રિત કરી છે. જે સોલા સિવિલ, સોલા હાઈકોર્ટમાં નોકરી કરે છે.

**અભ્યાસપદ્ધતિ :**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણની મુખ્ય પદ્ધતિ તરીકે મુલાકાતનો પ્રયોગ કર્યો છે. ઉપરાંત ઉચ્ચશિક્ષણ આયોગના અહેવાલો, નેશનલ સેમ્પલ સર્વેના શિક્ષણ સંદર્ભના આંકડાઓ વગેરે દ્વૈતિક સ્રોતોનો પણ ઉપયોગ કર્યો છે. માહિતી એકત્રીકરણની સહાયક પદ્ધતિ તરીકે FGD (Focus Group Discussion)નો પ્રયોગ કર્યો છે. માહિતી એકત્રીકરણના સાધન તરીકે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કર્યો છે.

**માહિતીનું વિશ્લેષણ :**

ઉત્તરદાતાની પ્રાથમિક માહિતી

ઉત્તરદાતાની ઉંમર દર્શાવતો કોઠો :

| કોઠો નંબર : ૧ | | |
|---|---|---|
| ક્રમ | ઉંમર | ઉત્તરદાતાની સંખ્યા |
| ૧ | ૨૫-૩૦ | ૦૪ |
| ૨ | ૩૧-૩૫ | ૧૪ |
| ૩ | ૩૬-૪૦ | ૧૧ |
| ૪ | ૪૧-૪૫ | ૧૯ |
| ૫ | ૪૬-૫૦ | ૦૫ |
| ૬ | ૫૧-૫૫ | ૦૭ |
| | **કુલ** | **૬૦** |

ઉત્તરદાતાઓની ઉંમર દર્શાવતા કોઠાનું વિશ્લેષણ કરતાં જણાય છે કે સૌથી વધુ વ્યવસાયી મહિલાઓ ૪૧ થી ૪૫ ના વયજૂથમાં છે અને સૌથી ઓછા ઉત્તરદાતા ૨૫ થી ૩૦ ની વયજૂથમાં છે. એટલે કે ડૉક્ટર-એડવોકેટ જેવા Professional સ્થાન પર પહોંચવા ઉચ્ચશિક્ષિત મહિલાઓએ ૩૦-૪૦ વર્ષ રાહ જોવી પડે છે.

ઉત્તરદાતાનું શિક્ષણ દર્શાવતો કોઠો :

| કોઠા નંબર : ૨ | | | |
|---|---|---|---|
| ક્રમ | ડિગ્રી | ઉત્તરદાતાની સંખ્યા | અભ્યાસ ચાલુ |
| 1 | LL.B. | 06 | 06 |
| 2 | LL.M. | 17 | 05 |
| 3 | M.PHIL | 05 | 02 |
| 4 | PH.D. | 02 | - |
| 5 | M.B.B.S. | 13 | 12 |
| 6 | M.D. | 08 | - |
| 7 | M.S. | 05 | - |
| 8 | Dentist | 04 | - |
| | **Total** | **60** | **25** |

ઉત્તરદાતાઓના શિક્ષણના આંકડાઓને આધારે સ્પષ્ટ થાય છે કે LL.M. અને M.B.B.S. સુધીનું શિક્ષણ મેળવનાર ઉત્તરદાતાઓની સંખ્યા વધુ છે, એટલે કે તેમના વ્યવસાયની પ્રાથમિક ડિગ્રી સુધીનું શિક્ષણ તેમણે મેળવેલું છે. ૬૦માંથી ૨૫ ઉત્તરદાતાઓના આગળ અભ્યાસ ચાલુ છે. Ph.D. ની ડિગ્રી મેળવનાર માત્ર એ જ ઉત્તરદાતાઓ છે. એટલે કે નોકરી મળી ગયા પછી ઉત્તરદાતાઓમાં આગળ અભ્યાસનું પ્રમાણ ઘટતું જાય છે.

**ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારનારાં પરિબળો :**

અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતાઓને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવામાં ક્યાં પરિબળો સહાયક બન્યાં છે તે સંદર્ભમાં ઉત્તરદાતા પોતાના અનુભવને આધારે નીચે મુજબનાં મંતવ્યો ધરાવે છે :

(૧) માતા-પિતા અને કુટુંબના સભ્યોમાં શિક્ષણ : ઉચ્ચશિક્ષણનું વધુ પ્રમાણ સ્ત્રીઓના ઉચ્ચશિક્ષણમાં સહાયક બને છે તથા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે છે તથા ૬૦માંથી ૩૨ ઉત્તરદાતાના માતા-પિતા અથવા કુટુંબના નજીકના સગા ડૉક્ટર-એડવોકેટના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

(૨) કુટુંબની આર્થિક સ્થિતિ પણ ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારવામાં સહાયક બને છે. ૬૦ માંથી ૪૩ ઉત્તરદાતાઓ મધ્યમ

ઉચ્ચમધ્યમ વર્ગમાંથી આવે છે. એ જ રીતે કુટુંબની નબળી આર્થિક સ્થિતિ ઉચ્ચશિક્ષણ માટે Push Factor બની રહે છે.

(૩) ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરી મહત્ત્વના સ્થાને પહોંચેલી મહિલાઓ, અધ્યાપિકાઓ, સિનિયર વિદ્યાર્થીનીઓ વગેરે ઉત્તરદાતાઓને ઉચ્ચશિક્ષણમાં પ્રવેશ મેળવવાથી માંડી ઉચ્ચશિક્ષણ પૂરું કરવા સુધી તથા વ્યવસાયી કારકિર્દી ઘડવામાં પ્રોત્સાહક નીવડે છે. અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતાઓના 'રોલ મોડેલ' - ઈન્દિરા નૂયી, કાજલ ઓઝા, મેરી કોમ, અરૂણિમાં સિંધ, સ્મૃતિ ઇરાની, મલાલા, પોતાને ભણાવતા મહિલા પ્રોફેસર વગેરે સમાવિષ્ટ છે.

(૪) ઉત્તરદાતાઓના મતે વર્તમાન સમાજમાં સ્ત્રી-શિક્ષણ પરત્વેના પૂર્વગ્રહોનું પ્રમાણ ઘટ્યું છે તથા સ્ત્રીની બેવડી ભૂમિકાનો સહજ સ્વીકાર થતો જાય છે. આ પ્રકારની સામાજિક જાગૃતિ સ્ત્રીઓને ઉચ્ચશિક્ષણ તરફ આકર્ષે છે.

(૫) ઉચ્ચશિક્ષણ અને કારકિર્દી ઘડતર દ્વારા વ્યક્તિત્વનો વિકાસ તથા ઉચ્ચ વ્યવસાયની પ્રાપ્તિ દ્વારા સમાજમાં પોતાની આગવી ઓળખ ઊભી કરવા તરફનું વલણ સમાજમાં વધતું જાય છે. આ પ્રકારનું સામાજિક વાતાવરણ તથા સભાનતા સ્ત્રીઓને ઉચ્ચશિક્ષણમાં સહાયક બની રહે છે. અભ્યાસમાં સમાવિષ્ટ ૬૦ માંથી ૩૮ ઉત્તરદાતા ઉચ્ચશિક્ષણ લેવાનું મુખ્ય કારણ સમાજમાં પોતાની આગવી ઓળખ ઊભી કરવાનું જણાવ્યું છે. એટલે કે સ્ત્રીઓની પરંપરાગત કૌટુંબિક ભૂમિકાની સાથે-સાથે વ્યવસાયી ભૂમિકા અગત્યની બનતી જાય છે.

(૬) ઉચ્ચશિક્ષણમાં વિદ્યાર્થિનીઓને સરકાર, સમાજ તરફથી મળતી આર્થિક સહાય, મહિલા અનામતનો લાભ ઉપરાંત ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે મહિલા યુનિવર્સિટીઓની વધતી જતી સંખ્યા પણ સ્ત્રીઓની ઉચ્ચશિક્ષણમાં ભાગીદારી વધારનારું મહત્ત્વનું પરિબળ છે.

(૭) અભ્યાસમાં સમાવિષ્ટ તમામ ઉત્તરદાતાઓ એ બાબત સાથે સહમત છે કે ઉચ્ચશિક્ષણ એ સ્ત્રીશક્તિકરણનું પાયાનું માધ્યમ છે. તેમના મતે શિક્ષણને કારણે ઉચ્ચવ્યવસાયમાં જોડાયા બાદ આર્થિક રીતે સ્વાવલંબી બનાય છે અને એને કારણે વ્યક્તિગત અને કૌટુંબિક નિર્ણયો લેવાની ક્ષમતા વધે છે.

(૮) ઉચ્ચશિક્ષણ મેળવ્યા બાદ સરકારી અને બિનસરકારી સંસ્થાઓમાં મળતા ઊંચા વેતનદર પણ સ્ત્રીઓને ઉચ્ચશિક્ષણ માટે આકર્ષે છે.

(૯) અભ્યાસમાં સમાવિષ્ટ ૬૦માંથી ૫૨ ઉત્તરદાતાઓ ઉચ્ચશિક્ષણ અને વ્યવસાયિક કારકિર્દીમાં સહાયક પરિબળ તરીકે શહેરી વસવાટને મહત્ત્વનો ગણે છે. શહેરોમાં વિવિધ કૉલેજો અને યુનિવર્સિટીઓમાં વિવિધ વિષયો પસંદ કરવાની તક મળી રહે છે. ઉપરાંત શાળાકીય જીવનથી જ કારકિર્દી પ્રત્યેની સભાનતા, આર્થિક સ્વતંત્રતાની તીવ્ર ઇચ્છા, સ્પર્ધાત્મક વાતાવરણ તથા દરેક વિષયોનું પૂરતું માર્ગદર્શન મળી રહે છે. આ તમામ બાબતો ઉચ્ચશિક્ષણ મેળવવામાં બની રહે છે.

**ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી ઘટાડતા :**

AISHE-2014-15 (All India Survey on Higher Education)ના આંકડાઓનું વિશ્લેષણ કરીએ તો સ્નાતક અને અનુસ્નાતક 'Male-Female Ratio' તપાસીએ તો સ્નાતક કક્ષાએ ૫૩% યુવકો અને ૪૭% યુવતીઓએ પ્રવેશ મેળવ્યો છે. અનુસ્નાતક કક્ષાએ ૪૯% યુવકો અને ૫૧% યુવતીઓએ પ્રવેશ મેળવ્યો છે. પરંતુ Ph.D. કક્ષાએ ૬૦% અને ૪૦% યુવતીઓએ પ્રવેશ મેળવ્યો છે. એ જ રીતે કૉલેજ અને યુનિવર્સિટી કક્ષાએ અધ્યાપકોમાં 'Mela-Female Ratio' તપાસીએ તો

ગુજરાતમાં પ્રોફેસરના ગ્રેડમાં ૩૩૬૧ અધ્યાપકો છે અને ૧૦૦૦ અધ્યાપિકાઓ છે. રીડર અને એસોસીએટ પ્રોફેસરની કક્ષામાં ૫૫૦૯ અધ્યાપકો અને ૨૪૦૧ અધ્યાપિકાઓ છે. એટલે કે ઉચ્ચશિક્ષણ અને ઊંચા વ્યવસાયિક પદો પર સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે.

અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતાઓના મતે ઉચ્ચશિક્ષણમાં પ્રવેશથી માંડી પૂરું કરવા સુધી કઈ મુશ્કેલીઓ પડી અથવા ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ઓછી ભાગીદારી માટે કયાં પરિબળો જવાબદાર છે તેની રજૂઆત કરી છે.

(૧) સ્ત્રીઓના શિક્ષણ પ્રત્યેનો સમાજનો, કુટુંબનો દૃષ્ટિકોણ ચોક્કસ બદલાયો છે. સ્વતંત્રતા બાદ સ્ત્રી-શિક્ષણમાં સતત વધારો થઈ રહ્યો છે, પરંતુ આજે પણ માતા-પિતા, કુટુંબના સભ્યો દીકરીના શિક્ષણ કરતાં તેના લગ્નને વધુ મહત્ત્વ આપે છે. લગ્ન થઈ ગયા બાદ યુવતીના આગળ અભ્યાસનો નિર્ણય તેનાં સાસરીયાં કરે છે. અભ્યાસમાં સમાવિષ્ટ ૬૦ માંથી ૨૨ ઉત્તરદાતા જણાવે છે કે લગ્ન થઈ જવાને કારણે તેઓ ઇચ્છતા છતાં આગળ અભ્યાસ કરી શક્યા નથી.

(૨) નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં કુટુંબમાં દીકરીના શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરવા માતા-પિતા જલ્દી તૈયાર નથી થતાં. સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ આપે છે, પરંતુ ઉચ્ચશિક્ષણ, મેડીકલ જેવી ખર્ચાળ વિદ્યાશાખામાં અભ્યાસ વગેરે માટે કુટુંબના સભ્યો તૈયાર થતા નથી.

(૩) વર્તમાન સમયમાં સ્ત્રીની બેવડી ભૂમિકાનો સ્વીકાર સહજ બન્યો છે. પરંતુ તેની પરંપરાગત કૌટુંબિક ભૂમિકા અને જવાબદારીઓમાં બહુ મોટો ફેર પડ્યો નથી. બાળઉછેર, કુટુંબના સભ્યોને સાચવવા, જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદવી વગેરે કાર્યો સ્ત્રીએ જ કરવાં પડે છે. આ ઉત્તરદાતાઓ એ વાત સ્વીકારે છે કે આ બધી જવાબદારીઓ સાથે ઉચ્ચશિક્ષણ પૂરું કરવું ખૂબ જ કઠિન બની રહે છે તથા આગળ ઉચ્ચ અભ્યાસનો બહુ ઓછો અવકાશ રહે છે.

(૪) જેન્ડર આધારિત પૂર્વગ્રહો પણ સ્ત્રીઓને ઉચ્ચશિક્ષણમાં અવરોધરૂપ બને છે. દા.ત. તબીબ ક્ષેત્રે અમુક જ શાખાઓમાં યુવતીઓ પ્રવેશ મેળવે છે અને અમુક શાખાઓમાં માત્ર યુવકો પ્રવેશ મેળવે છે. અભ્યાસમાં સમાવિષ્ટ ૩૦ મહિલા ડૉક્ટરોમાંથી ૨૧ ગાયનેક છે અને બાકીના ડેન્ટીસ્ટ તથા આંખના રોગોના નિષ્ણાત છે. એક પણ મહિલા તબીબ સર્જન નથી, ન્યુરોલોજીસ્ટ નથી કે હાર્ટ સ્પેશ્યાલિસ્ટ નથી. ઉત્તરદાતાઓના મતે ગાયનેક સિવાય અન્ય ગંભીર રોગોમાં દર્દીઓ મોટેભાગે સારવાર-ઑપરેશન માટે પુરુષ ડૉક્ટરને પ્રાધાન્ય આપે છે. એ જ રીતે વકીલાતના વ્યવસાયમાં જોઈએ તો એક પણ મહિલા જજના સ્થાન સુધી નથી પહોંચ્યા.

(૫) સ્ત્રીઓના ઉચ્ચશિક્ષણમાં સલામતીની ભાવના પણ મહત્ત્વની બની રહે છે. તમામ ઉત્તરદાતાઓ સ્વીકારે છે કે અમદાવાદમાં વસવાટને કારણે ઉચ્ચશિક્ષણમાં વૈવિધ્યપૂર્ણ તકો મળી અને ઉચ્ચશિક્ષણ પૂરું પણ કરી શકાય. પરંતુ દુરના સ્થળે અપડાઉન તથા હૉસ્ટેલમાં રહેવાનું હોત તો કુટુંબના સભ્યો એ માટે તૈયાર ન પણ થાય. એટલે કે યુવતીની સલામતીના ભોગે ઉચ્ચશિક્ષણ માટે વડીલો તૈયાર થતા નથી. એટલે કે સરકારી કે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ કે કન્યા છાત્રાલયોનો સ્ત્રીની જાતીય સતામણીનો એક પણ અણબનાવ અનેક યુવતીઓના શિક્ષણમાં નડતરરૂપ બને છે.

(૬) અભ્યાસમાં સમાવિષ્ટ ૬૦ માંથી ૫૩ ઉત્તરદાતાઓએ એ બાબતનો સ્વીકાર કર્યો છે

કે એક તબક્કો એવો આવે છે કે જ્યારે શૈક્ષણિક કારકિર્દી અને લગ્ન એ બેમાંથી કોઈ એકની પસંદગી કરવાની હોય. આવા સંજોગોમાં કુટુંબ અને સામાજિક મર્યાદાને કારણે લગ્ન પર પસંદગી ઉતારવી પડે છે તથા કારકિર્દી વૈકલ્પિક બની રહે છે.

**ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારવાના પ્રયાસો :**

વર્તમાન સમયમાં સ્ત્રીઓમાં શિક્ષણ અને ઉચ્ચશિક્ષણનું પ્રમાણ ચોક્કસ વધ્યું છે અને હજુ પણ વધુ ને વધુ સ્ત્રીઓ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરે એ માટેના ચોક્કસ પ્રયાસો થાય તો ધાર્યું પરિણામ મળી શકે. ઉત્તરદાતાઓના મતે ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારવા આ પ્રમાણેના પ્રયાસો કરી શકાય.

(૧) સ્ત્રીની પરંપરાગત કૌટુંબિક ભૂમિકા અંગેની રૂઢિચુસ્ત માન્યતા દુર કરી ઉચ્ચશિક્ષણ માટે પ્રોત્સાહન પૂરું પાડવું જોઈએ.

(૨) ઉચ્ચશૈક્ષણિમાં સ્ત્રીઓની ભાગીદારી વધારવા માટે વધુ સ્કોલરશીપ, લાંબાગાળાની લોન વગેરે આર્થિક સહાયનું પ્રમાણ વધારવું જોઈએ.

(૩) સ્ત્રી-શિક્ષણને સ્ત્રીસશક્તિકરણ સાથે સાંકળી લેવું જોઈએ અને આ માટે સામાજિક જાગૃતિ દ્વારા પ્રયાસ કરવા જોઈએ.

(૪) ઉચ્ચશિક્ષણિક સંસ્થાઓ તથા કન્યા છાત્રાલયોમાં સ્ત્રીઓની સલામતીના કાયદાઓ વધુ કડક બનાવવા જોઈએ અને આ કાયદાનો યોગ્ય અમલ થાય તેની પણ વ્યવસ્થા કરવી જોઈએ.

(૫) ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે મહિલા કૉલેજો તથા મહિલા યુનિવર્સિટીઓની સંખ્યામાં વધારો કરવો જોઈએ.

(૬) ઉચ્ચશિક્ષણ અંગેની નીતિઓના ઘડતરમાં તથા આ અંગેના નિર્ણયોમાં સ્ત્રી સભ્યોનું પ્રતિનિધિત્વ વધારવું જોઈએ.

(૭) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ યુવતીઓનો 'ડ્રોપ આઉટ રેશીયો' ઘટાડવા પ્રયાસ કરવો જોઈએ.

(૮) યુવતીઓના વહેલા લગ્ન એ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવામાં નડતરરૂપ બને છે. માટે તેનું પ્રમાણ ઘટાડવું જોઈએ. ડૉ. ગૌરાંગ જાનીએ ફૂલછાબના પોતાના લેખમાં આ વાતને સમર્થન આપ્યું છે.

(૯) ઉચ્ચશિક્ષણ અને વ્યવસાયિક કારકિર્દીને સાંકળવાનું વલણ વિકસાવવું જોઈએ.

(૧૦) ઉચ્ચશિક્ષણ અને વ્યવસાયિક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર મહિલાઓનું સન્માન કરવું જોઈએ તથા સંચાર માધ્યમો દ્વારા તેનું પ્રસારણ કરવું જોઈએ. જેથી આવા પ્રતિનિધિઓ અન્ય મહિલાઓ માટે માર્ગદર્શનરૂપ બની રહે.

(૧૧) ઉચ્ચશિક્ષણ લેતી યુવતીઓને સમાજ, કુટુંબ દ્વારા સતત પ્રોત્સાહન તથા 'Moral Support' પૂરો પાડવો જોઈએ જેથી સ્ત્રીઓનું મનોબળ વધુ મજબૂત બને.

**તારણો :**

ઉચ્ચશિક્ષણમાં મહિલાઓની ભાગીદારી આઝાદી પછી સતત વધી છે, પરંતુ દેશની કુલ સ્ત્રીઓના પ્રમાણમાં ઉચ્ચશિક્ષિત મહિલાઓનું પ્રમાણ ઘણું જ ઓછું છે. એ જ રીતે પુરુષોની સરખામણીમાં પણ ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે. ઉચ્ચશિક્ષિત અને વ્યવસાયી મહિલાઓના અનુભવને આધારે એટલું ચોક્કસ કહી શકાય કે માત્ર ઉચ્ચશિક્ષણના આંકડાઓ પર નજર રાખવાને બદલે 'Grass-Root Level' થી સમાજ અને કુટુંબનો સ્ત્રીઓ-સ્ત્રીશિક્ષણ પરત્વેનો દૃષ્ટિકોણ બદલવો જ રહ્યો. સ્ત્રીઓના ઉચ્ચશિક્ષણ માટે માત્ર આર્થિક પાસાને મહત્ત્વ ન આપતાં વાસ્તવમાં ઉચ્ચશિક્ષણને સ્ત્રીસશક્તિકરણ સાથે જોડવાની તાતી જરૂરિયાત છે. સ્ત્રીનો એક વ્યક્તિ તરીકે વિકાસ અને એના થકી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારવા, 'Gender Discrimination', સ્ત્રીઓ પ્રત્યેના પૂર્વગ્રહો છોડવા

જ રહ્યા. અભ્યાસમાં સમાવિષ્ટ તમામ ઉત્તરદાતા એ બાબત સ્વીકારે છે કે જો અમારી પરંપરાગત કૌટુંબિક ભૂમિકાઓ જેટલું જ મહત્ત્વ વ્યવસાયિક ભૂમિકાને મળે તો વધુ સારું કામ થઈ શકે.

**અભ્યાસની મર્યાદા :**

(૧) પ્રસ્તુત અભ્યાસમાં મર્યાદિત નમૂનાને આધારે સમગ્ર અંગે ચોક્કસ સામાન્યીકરણ કરી શકાય નહિ, પરંતુ આ અંગેની સમજ ચોક્કસ મેળવી શકાય છે.

(૨) ઉચ્ચશિક્ષિત-વ્યવસાયી કે મોટેભાગે મધ્યમ-ઉચ્ચ મધ્યમવર્ગમાંથી આ ઉત્તરદાતાઓ આવે છે.

(૩) Time, Money and Personalની વ્યવહારુ મર્યાદા પણ અભ્યાસમાં રહેલી છે.

**Research Gap :**

- ઉચ્ચશિક્ષિત અને વ્યવસાયી ઉત્તરદાતાઓનો જ અભ્યાસમાં સમાવેશ કર્યો છે. એના સ્થાને માત્ર ઉચ્ચશિક્ષિત સ્ત્રીઓનો અભ્યાસ કરી શકાય.
- ચોક્કસ જ્ઞાતિને સાથે વિવિધ જ્ઞાતિની ઉચ્ચશિક્ષિત સ્ત્રીઓનો અભ્યાસ કરી જ્ઞાતિ અને ઉચ્ચશિક્ષણ વચ્ચેનો સંબંધ તપાસી શકાય.
- માત્ર અમદાવાદ શહેરમાં વસવાટ કરતા ઉચ્ચશિક્ષિત સ્ત્રીઓની સાથે-સાથે નાના નગરો, કસબા કે ગામડાની ઉચ્ચશિક્ષિત સ્ત્રીનો અભ્યાસ કરી શકાય.
- ઉચ્ચશિક્ષણ અને સ્ત્રી સશક્તિકરણનો સ્વતંત્ર અને આધારિત પરિવર્ત્યોના સંબંધમાં અભ્યાસ કરી વિશ્લેષણ કરી શકાય.

**ઉપસંહાર :**

ઉચ્ચશિક્ષણમાં સ્ત્રીઓની ભાગીદારી વધારવા માટે સ્ત્રીનો એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્વીકાર કરવો જ રહ્યો અને આ માટે માત્ર અભ્યાસો, ચિંતા કે ચિંતનથી નહિ ચાલે, પરંતુ આ દિશામાં ચોક્કસ કાર્યાત્મક પગલાં અનિવાર્ય છે અને એમાં શિક્ષણની મહત્ત્વની ભૂમિકા છે.

'University as an agent of social change and mobility.

**-Karuna Chanana**

**વાઙ્મય સૂચિ :**


- જેન્ડર અને વિકાસ, ડૉ. ચંદ્રિકા રાવલ, ડૉ. શૈલજા ધ્રૂવ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ
- અમદાવાદ શહેરમાં મહિલા શિક્ષણની સદી (૧૯૧૧-૨૦૧૧) - ડૉ. મોસમ ત્રિવેદી, પીએચ.ડી. શોધનિબંધ, ગુજરાત યુનિવર્સિટી.
- ગુજરાત : વસતિ વિશ્લેષણ ડૉ. ગૌરાંગ જાની, કર્મસંઘ, (ઇન્ડિયા), અમદાવાદ

1. All India Survey on Higher Education : 2014-15
2. Gender and Disciplinary Choice : Woman in Higher Education in India. Paper presented in colloquium on Research and Higher Education Policy, 'Knowledge Access and Governance Strategies', for change. 1-3 December, 2004 UNESCO
3. Higher Education in India : Structure, Statistics and Challenges - Deepti Gupta
4. Higher Education for women in India-Choice and Challenges - Nandita Singh, Reader, Department of Education, Punjab University, Chandigarh, India.
5. Journal of Business Management & Social Science Research (JBM & SSR) Volume 3, No. 2, February, 2014


• • •

– ડૉ. ભૂપેન્દ્ર જે. બ્રહ્મભટ્ટ

## 'વિદ્યાર્થીઓમાં પ્રિય અને સંસ્થાને સમર્પિત વ્યાખ્યાતા શ્રીમતી ફરીદાબહેન ઝેડ. કંપનીવાલાનો નિવૃત્તિ વિદાય સમારંભ'

એમ.પી. આર્ટસ એન્ડ એમ.એચ.કૉલેજ ફોર વિમેન અમદાવાદનાં સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. ફરીદાબહેન ઝેડ. કંપનીવાલા અમારી કૉલેજની પાયાની ઈંટ બની અધ્યાપન કાર્ય, ઇતર પ્રવૃત્તિઓ તેમજ વિવિધ કમિટીઓમાં સતત સક્રિય રહી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી સંસ્થાને વિકસાવવામાં સમર્પિત બની કાર્ય સંસ્કૃતિનો વારસો પૂરો પાડેલ છે. તેઓનું ઋજુ હૃદય બધા સાથે હળીમળી જવાનો સ્વભાવ તેમજ વિદ્યાર્થીનીઓને અને સ્ટાફને હંમેશા મદદ કરવાની તત્પરતાનો સ્વભાવ ધરાવતાં અને સૌનાં લાડીલાં પ્રા. ડૉ. ફરીદાબહેન ઝેડ. કંપનીવાલા અધ્યાપક તરીકે ૪૦ વર્ષની સેવા બાદ ૧૪-૬-૨૦૧૭ના રોજ વય મર્યાદાને કારણે નિવૃત્ત થાય છે.

શિક્ષક એટલે જે સતત શીખતા રહે તે તેમ જ સત્ય, પ્રેમ અને કરુણા જેવા ગુણો તેમનામાં જોવા મળ્યા છે અને સાથે પ્રેરણા મળી છે. સારાપણા સાથે આમુલ તત્પર પ્રતિસાદ જે જરૂરી છે તે પણ તેમનામાં જોવા મળ્યા છે. એક સાચા શિક્ષકમાં જોવા મળતી ગુરુની ઝાંય તેમનામાં જોવા મળી અને તેઓનાં શિષ્યા શ્રી ચંદ્રિકાબહેન રાવલ ગુજરાત યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર છે.

આચાર-વિચાર દ્વારા હૃદયને સ્પર્શે તે રીતે સહયોગીને અને વિશેષ રીતે મને અને ડૉ. ભરતભાઈ વસૈયાને સતત માર્ગદર્શક બની પ્રેરણા પૂરી પાડી છે તેમ જ સતત પ્રવૃત્ત રહી અને રાખી સમાજશાસ્ત્ર વિભાગને અગ્રેસર બનાવ્યું છે. વ્યકિત વ્યક્તિ વચ્ચે લોહીની સગાઈ કરતાં પણ એક એવી સગાઈ કે સંબંધ હોય છે જે જીવનમાં રચનાત્મક વળાંક લાવે છે. આવો સંબંધ સૌનો ફરીદાબહેન સાથે રહ્યો છે. તેઓ વિદ્યાર્થીનીઓમાં ખૂબ જ લાડીલાં અને સતત મદદ કરતાં રહ્યાં છે.

તેઓ સમાજશાસ્ત્રને ભણાવ્યું જ નથી પરંતુ આજીવન સામાજિક રહી સમાજશાસ્ત્ર સાથે જીવ્યાં છે. કોઈનો પણ સુખદ-દુઃખદ પ્રસંગ હોય ત્યાં ફરીદાબહેન હાજર હોય, એટલું જ નહિ પણ સૌની સંભાળ પણ રાખતાં.

અધ્યાપક શ્રી ફરીદાબહેન વયમર્યાદાને કારણે સેવા નિવૃત્ત થતાં હોવાથી તા.૨૨-૪-૨૦૧૭ને શનિવારના રોજ તેમનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો હતો. તેમાં કૉલેજના પરિવાર વતી આચાર્યશ્રી ડૉ. ભારતીબહેન દવેએ શાલ ઓઢાડી અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી વિદાય સન્માન આપ્યું હતું. તેમજ સન્માનપત્ર આપી તેઓની સેવાઓને બિરદાવી નિવૃત્ત જીવનની શુભેચ્છા પાઠવી હતી. ઉપરાંત કૉલેજના અન્ય મિત્રોએ તેઓની વિદ્યાર્થીનીઓ પ્રત્યે કર્તવ્યનિષ્ઠા, ઉમદા સ્વભાવ અને સંસ્થાના વિકાસમાં સમર્પિત જીવનને બિરદાવી શ્રેષ્ઠ જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં સૌ મિત્રોની આંખમાં વિદાયની લાગણીનું સંસ્મરણ થતાં અશ્રુઓ ઉભરી આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમ લાગણીસભર બની રહ્યો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈએ કર્યું હતું.

• • •

> કામ સ્ફૂર્તિથી કરીએ તો ઓછું લાગે અને કંટાળાથી કરીએ તો અસહ્ય લાગે. શરીરની તાકાત તો છે, પણ મનની તાકાત જોઈએ.
>
> **- ફાધર વાલેસ**

* એસો. પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, એમ.પી.આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ.

# પ્રોફેસર ડી. એન. ધનાગરેને શ્રદ્ધાંજલિ

– પ્રો. હરિશ દોશી*, સુરત

ભારતના એક તેજસ્વી અને પ્રતિભાશાળી પ્રાધ્યાપક ડી.એન.ધનાગરેનું પૂના ખાતે ૭ માર્ચ, ૨૦૧૭ના રોજ ટૂંકી માંદગી બાદ નિધન થયું. તેઓ માત્ર સમાજશાસ્ત્ર જ નહીં પણ સામાજિક વિજ્ઞાનોમાં પોતાની વિદ્વતાને લીધે જાણીતા હતા. નિધન વખતે તેમની વય ૮૧ વર્ષની હતી. તેમનું નાનું કુટુંબ હતું. સ્વર્ગસ્થ પત્ની નિશા અને બે પૂત્રો શ્રીધર અને દેવાંગ સાથે ભર્યું ભર્યું જીવન માણ્યું. પરંતુ સમય જતાં પુત્રો નોકરીમાં જોડાયેલા હોવાથી એકબીજાથી વેગળા થયા. તેઓ કુટુંબ માટે ઊંડી લાગણી ધરાવતા હતા, છતાં કુટુંબ અને કાર્યક્ષેત્રને એકબીજા સાથે ક્યારેય ભેગા થવા દીધા ન હતા. ઘણા ઊંચા હોદ્દાઓ ઉપર જઈ પડકારરૂપ જવાબદારીઓ સામેથી માથે ન લેવા માટે નિશાજી અને તેમના પુત્રો ખૂબ આગ્રહ કરતા પણ તેઓ હંમેશા પોતાના નિર્ણય ઉપર ટકી જ રહ્યા. આ વાત તેમણે શ્રીમતી નિશાજીના નિધન પછી એક મરાઠી પત્રિકામાં લખેલા લેખમાં નિખાલસતાથી સ્વીકારી, એટલું જ નહીં સમગ્ર સમાજ સામે જાહેરમાં સ્વ. નિશાજીની માફી માંગી. આ વાત અત્રે આલેખવા માટેનો હેતુ એટલો જ કે તેમનાં વ્યક્તિત્વમાં અનિતી સાથે સમાધાન કરવાની કોઈ સંભાવના જ ન હતી. મારા એમની સાથેના કૌટુંબિક સંબંધો લગભગ પચ્ચાસ વર્ષથી પણ વધુ લાંબા ગાળાના રહ્યા છે. પ્રોફેસર ધનાગરેને દીકરીઓ માટે ખૂબ વ્હાલ હતું અને પોતાને ત્યાં દીકરી ન હોવાનો વસવસો ઠાલવતા જ રહેતા હતા. શ્રીધરને ત્યાં દીકરી આવી અને તેની સાથે જ તેમનો એ વસવસો વિદાય થયો.

શૈક્ષણિક ક્ષેત્રે તેમનું પ્રારંભિક શિક્ષણ તેમનાં જન્મ સ્થળ વાશીમ ખાતે (મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશ)માં થયું. અનુસ્નાતક (સમાજશાસ્ત્ર)ની પદવી નાગપુરથી અને પીએચ.ડી.ની પદવી સસેક્સ યુનિવર્સિટી (યુ.કે.)થી પ્રાપ્ત કરી. તેઓ એક ઉત્તમ કક્ષાના શિક્ષક અને સંશોધનકર્તા હતા અને સૌ કોઈએ તેમની આ સિદ્ધિને નિર્વિવાદ સ્વીકારી હતી. તેના પુરાવારૂપે જોઈએ તો તેમણે આગરા યુનિવર્સિટી, ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, કાનપુર અને પૂણે યુનિવર્સિટી, પૂણે ખાતે સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કાયમી પદ ઉપર સેવાઓ આપી. તે ઉપરાંત મહેમાન/મુલાકાતી પ્રાધ્યાપક તરીકે દેશ-વિદેશની અનેક યુનિવર્સિટીઓ તેમજ સંશોધન કેન્દ્રોમાં પોતાની વિદ્વતાનો લાભ સતત આપતા જ રહ્યા હતા.

વિદ્યાકીય ક્ષેત્રે તેમણે હાંસલ કરેલી સિદ્ધિઓ સ્થળ સંકોચને લીધે અત્રે વર્ણવવી લગભગ અશક્ય છે, છતાં કેટલીક પ્રમુખ સિદ્ધિઓ પૈકી કોમનવેલ્થ ફેલોશિપ; આઈ.સી.એચ.આર.ફેલોશિપ; કોપનહેગનમાં આવેલ ‘સ્કેન્ડીનેવિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એશિયન સ્ટડીઝ, યુ.જી.સી. નેશનલ લેક્ચરર; વિઝીટીંગ રીસર્ચ પ્રોફેસર, ટોકિયો યુનિવર્સિટી ઓફ ફોરેન સ્ટડીઝ, જાપાન અને શાસ્ત્રી ઇન્ડો-કેનેડિયન ઇન્સ્ટિટ્યૂટની વિઝીટીંગ ફેલોશીપ કેનેડાનો ઉલ્લેખ અત્રે પ્રસ્તુત બને છે.

સમાજશાસ્ત્રીય અધ્યયનોમાં પ્રોફેસર ધનાગરેનો અભિગમ બ્રિટિશ સમાજશાસ્ત્રથી વિશેષ પ્રભાવિત હતો. તેઓ ઐતિહાસિક ભૌતિકવાદના અભિગમથી પ્રભાવિત હતા. ઈ.સ. ૧૯૬૦ના દાયકા પછી ભારતીય સમાજશાસ્ત્ર ઉપર અમેરિકન ક્ષેત્રિય અભ્યાસો અને તથ્યોના વિશ્લેષણ અંગે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો જે એકધારો પ્રભાવ પડવા લાગ્યો તેનાથી તેઓ વેગળા જ રહ્યા હતા. વળી, સમાજશાસ્ત્રીય અધ્યયનોમાં તેમનો પ્રમુખ ઝોક સામાજિક આંદોલનોના અભ્યાસ ઉપર હતો. ઈ.સ. ૧૯૭૦ના દાયકામાં જ્યારે તેઓ આગરા ખાતે હતા ત્યારે કૃષક આંદોલનોના અભ્યાસમાં ઊંડો રસ દાખવ્યો.

એ સમયમાં ભારતીય સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં સામાજિક આંદોલનોની છણાવટમાં ખાસ સ્થાન મળ્યું ન હતું. તદ્ઉપરાંત આંદોલનો અંગેની ધારણામાં પ્રતિક્રિયાવાદીનો અર્થ ગર્ભિત હોવાથી સમાજશાસ્ત્રીઓએ

* નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, વિરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત.

ઈન્ડોલોજીકલ અભિગમને પ્રાધાન્ય આપી ભારતીય સમાજની છણાવટ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેની સામે ધનાગરેએ માર્કસવાદી વૈચારિકતાનો આધાર લઈ ઐતિહાસિક અભિગમથી ભારતમાં ઈ.સ.૧૯૨૦ થી ૧૯૫૦ સુધીના ગાળામાં થયેલા કૃષક આંદોલનોનો ઊંડો અભ્યાસ કર્યો. આ વિષય વસ્તુ ઉપર ઈ.સ. ૧૯૭૫માં પ્રકાશિત 'એગ્રેરિયન મુવમેન્ટસ એન્ડ ગાંધીયન પોલિટિક્સ' તેમજ ઈ.સ. ૧૯૮૩માં ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રકાશિત 'પિઝન્ટ મુવમેન્ટ્સ ઈન ઈન્ડિયા' સમાજશાસ્ત્રીય સાહિત્યમાં મોખરાના ગ્રંથોનું સ્થાન ધરાવે છે. તદ્ઉપરાંત ભારતીય સમાજશાસ્ત્રના વિકાસની પ્રક્રિયાની છણાવટ કરી પ્રોફેસર ધનાગરેએ ઈ.સ. ૧૯૯૮માં 'થોમસ એન્ડ પરસ્પેક્ટીવઝ ઈન ઈન્ડિયન સોશ્યોલોજી' શિર્ષકનો ગ્રંથ પણ આપ્યો.

પ્રોફેસર ધનાગરેએ લખેલા લેખોની સંખ્યા દર્શાવવી મારા માટે અશક્ય છે. તેમના લેખો સમાજશાસ્ત્રના દેશ વિદેશના લગભગ તમામ પ્રતિષ્ઠિત સામયિકો (જર્નલ્સ)માં સતત પ્રકાશિત થતા રહ્યા છે. તેમના ગ્રંથો અને લેખોમાં પ્રકાશિત વિચારો સંશોધકો દ્વારા સંદર્ભો તરીકે ટાંકવામાં આવે જ છે તે આપણે સૌ જાણીએ છીએ. તેમના ગ્રંથો અને લેખો અનેક યુનિવર્સિટીઓના માન્ય પાઠ્યક્રમમાં પણ આમેજ કરવામાં આવેલ છે.

અત્રે મારે ઉલ્લેખ કરવા જેવી સામગ્રીમાં ઈ.સ. ૧૯૬૭માં તેમણે ભારતની સંસદની ચૂંટણીઓ દરમિયાન થતા હિંસાના વિષય ઉપર જે લેખ લખી 'ઈન્ડિયન સોશ્યોલોજીકલ સોસાયટી'ના વાર્ષિક સંમેલનમાં 'ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સ' મુંબઈ ખાતે રજૂ કર્યો તેની વાત કરવી છે. આ લેખ તેમણે દૈનિક સમાચારપત્રોમાં છપાતી ખબરોના 'કન્ટેન્ટ એનાલિસીસ' ને આધારે તૈયાર કર્યો હતો. પરંતુ સંમેલનમાં હાજર ઘણા મહાનુભાવોએ તે લેખની સખત ટીકા કરી. ટીકાકારોનું માનવું હતું કે છાપાઓમાં પ્રકાશિત સમાચાર ક્ષેત્રિય અધ્યયન દ્વારા મેળવેલા આંકડા જેવા વાસ્તવિક અને વિશ્વસનીય હોતા નથી. જો કે પ્રોફેસર ધનાગરેએ લેખ રજૂ કરતાં પહેલાં જ પોતાની અભ્યાસ પદ્ધતિ અને તેની મર્યાદાઓ સ્પષ્ટ કરી દીધી હતી. પણ ભારે વિવાદ થયો. અંતે વડોદરાના પ્રોફેસર આલૂ પંચનાદિકરે જોરદાર રજૂઆત કરી 'કન્ટેન્ટ એનાલિસ'નું મહત્ત્વ સ્પષ્ટ કર્યું અને વિવાદને શાંત કરવામાં ભારે જહેમત ઉપાડી. ત્યાર પછી પ્રોફેસર ધનાગરેનો સદર લેખ 'સોશ્યોલોજીકલ બૂલેટિન'માં પ્રકાશિત થયો.

અણીશુદ્ધ ચારિત્ર્ય અને સ્વાભિમાનના માલિક પ્રોફેસર ધનાગરે વિષે લખતી વખતે ક્યારે અટકવું તે મારા જેવી વ્યક્તિ માટે લગભગ અશક્ય છે. પીએચ.ડી.ના શોધ નિબંધ તૈયાર કરતી વખતે તેમણે મને અમદાવાદના ઇતિહાસ ઉપર એક સ્વતંત્ર પ્રકરણ લખવાની સલાહ આપી. તેમણે એવું પણ સૂચવ્યું કે 'પોળો'ના અસ્તિત્વને અમદાવાદના પૂર્વ-ઔદ્યોગિક યુગ અને ઔદ્યોગિક યુગના સંદર્ભમાં તપાસવું અર્થસભર થઈ રહેશે. આ પ્રકરણ તૈયાર કરવામાં મને લગભગ આઠ મહિના લાગ્યા. જો કે આ પરિપ્રેક્ષમાં મારા માટે અભ્યાસનાં તારણો પ્રાપ્ત કરવાં ખૂબ સહેલું બની ગયું.

સાદું જીવન અને ઉચ્ચ વિચારો ધરાવતા પ્રોફેસર ધનાગરે એક કર્મઠ વ્યક્તિ હતા. તેઓ ક્યારેય સત્તાના ભભકામાં તણાયા નથી. આઈ.સી.એસ.એસ.આર., નવી દિલ્હીના મેમ્બર સેક્રેટરી, ઈન્ડિયન સોસ્યોલોજીકલ સોસાયટીના અધ્યક્ષ, શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુરના કુલપતિ ઉપરાંત બીજા અનેક પ્રતિષ્ઠિત હોદ્દાઓ ઉપર સેવા આપી છે. પરંતુ સત્તા અને પ્રતિષ્ઠા ટકાવી રાખવાના લોભમાં ક્યારેય ભ્રષ્ટ અને અનૈતિક તત્ત્વો સાથે સાંઠગાઠ કરી નથી. હકીકતમાં એવાં તત્ત્વો સાથે સમાધાન કરવાને બદલે જે હોદ્દા ઉપરથી રાજીનામું આપી દેવાનું મુનાસિબ માન્યું તે તેમના નજીકના સૌ કોઈ જાણે છે. સ્વર્ગસ્થ પ્રાધ્યાપક ધનાગરેના મિત્રો કહે છે કે તેઓ આંદોલનો ઉપર લખતા રહ્યા અને જીવનભર આંદોલનો સામે લડતા પણ રહ્યા.

પરમ કૃપાળુ પરમેશ્વર તેજસ્વી પ્રોફેસર ડી.એન. ધનાગરેના આત્માને પરમ શાંતિ આપે... અસ્તુ...

• • •

**(અનુસંધાન ટાઈટલ પેજ - ૫૨ નુ ચાલુ)**

બીજી રીતે કહીએ તો પદ્ધતિશાસ્ત્ર (Methodology) એ Philosophy છે. એટલે કે વિશ્લેષણનું તાત્ત્વિક અને જ્ઞાનમિમાંસા માળખુ છે. ઉદાહરણ સ્વરૂપે જોઈએ તો સંશોધન સંખ્યાત્મક પદ્ધતિશાસ્ત્રથી થવાનું છે કે ગુણાત્મક પદ્ધતિશાસ્ત્રથી થવાનું છે તે વિશેનો નિર્ણય અને સમજૂતિ અભ્યાસનું પદ્ધતિશાસ્ત્ર છે.

પદ્ધતિશાસ્ત્રનો અગત્યનો ભાગ સંશોધનની તાત્ત્વિક વિભાવના અને જ્ઞાનમિમાંસા સાથે સંબંધ ધરાવે છે. અત્યારે થતા ઘણા સંશોધનમાં તાત્ત્વિક વિચાર માળખું કયા પ્રકારનું છે તેની સ્પષ્ટતા સામાન્ય રીતે સંશોધકો કરતા નથી જે ખૂબ આવશ્યક છે.

સમાજ વિજ્ઞાનના સંદર્ભમાં તાત્ત્વિક મુદ્દો મૂલ્યનિરપેક્ષતાનો છે. જ્ઞાનમિમાંસાની દૃષ્ટિએ મૂલ્ય નિરપેક્ષ પ્રયોગ દ્વારા જ તર્કબદ્ધ અને વૈજ્ઞાનિક જ્ઞાન સંભવ છે અને તે પ્રકારે ઉત્પન્ન થયેલું જ્ઞાન જ સાચું જ્ઞાન છે એ સ્થાપિત કરવામાં આવ્યું છે.

ગુણાત્મક સંશોધન પદ્ધતિશાસ્ત્રનો વિકાસ મૂલ્યસાપેક્ષતાને સ્વીકારી મૂલ્યયુક્ત માળખામાં પણ વૈજ્ઞાનિક શોધ સંભવ છે તેવું પુરવાર કરે છે, પરંતુ તેનો ઉપયોગ ક્યાં તાત્ત્વિક માળખા હેઠળ કરાશે તે સ્પષ્ટ હોવું જોઈએ. ગુણાત્મક સંશોધનની રજુઆતમાં આ બાબત સ્પષ્ટ થવી જોઈએ.

ટૂંકમાં, સંશોધન પદ્ધતિશાસ્ત્ર સંશોધન પ્રશ્નને ઉકેલવા માટેની પદ્ધતિસરની રીતો છે તેમાં કેવી રીતે વૈજ્ઞાનિક અભ્યાસ થઈ શકે તેની સમજણ આપે છે. સંશોધકને સંશોધન પ્રશ્નના અભ્યાસમાં કેવી દલીલ કે લૉજીક વાપરવું તે શીખવે છે. માટે જ સંશોધકે માત્ર લાગુ કરેલ પદ્ધતિ અને પ્રયુક્તિનો જ ઉલ્લેખ ન કરતાં સમગ્ર પદ્ધતિશાસ્ત્રની બાબત એટલે કે પેરેડાઈમ, સૈદ્ધાંતિક મોડલ અને વિવિધ પદ્ધતિ અને પ્રયુક્તિની સમજૂતિ આપવી જોઈએ.

**- ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

## લેખક-પરિચય


૧. સ્વ.ડૉ. એડવીન મસીહી : નિવૃત્ત પ્રૉફેસર, સમાજશાસ્ત્ર, ગુજરાત યુનિ. તેમજ નિયામક, ઇન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, આંબાવાડી, અમદાવાદ - ૧૫.

૨. ડૉ. લક્ષ્મણ યુ. વાઢેર : અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર.

૩. ડૉ. મનિષ એમ. જનસારી : આસિ. પ્રૉફેસર સમાજશાસ્ત્ર વિભાગ, શ્રી ભીખાભાઈ આર્ટ્સ કૉલેજ, આણંદ

૪. ડૉ. હસમુખ પંચાલ : મદદનીશ અધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, મ.દે. સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર.

૫. પરેશકુમાર વી. ચૌહાણ : પીએચ.ડી. વિદ્યાર્થી, સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિ. અને પૂર્વ વ્યાખ્યાતા તાલીમ રીસર્ચ ફાઉન્ડેશન, બોપલ, અમદાવાદ.

૬. પ્રા. સંગીતા પટેલ : પીએચ.ડી. વિદ્યાર્થીની, સમાજશાસ્ત્ર વિભાગ, ડૉ. આંબેડકર ઓપન યુનિ. અને આસિ. પ્રૉફેસર સમાજશાસ્ત્ર વિભાગ, સમાજ વિદ્યાભવન, ગુજરાત યુનિ., અમદાવાદ.

## સંપાદકીય

સામાજિક સેવા મંડળનું મુખપત્ર એવું 'સમાજકારણ' સામાજિક પરિવર્તન અને પ્રશ્નો પરત્વે વૈજ્ઞાનિક અભિગમ કેળવવા પ્રયત્નશીલ છે. તેમાં મહદ્અંશે સંશોધન લેખોનો આગ્રહ રાખવામાં આવે છે. સૌ પ્રથમ તો જે લેખકોએ પોતાના લેખ મોકલી આપ્યા છે તેમને અભિનંદન.

પ્રસ્તુત અંકમાં પાંચ અધ્યાપક અને બે પી;એચ.ડી. વિદ્યાર્થીના લેખ છે અને એક નિવૃત્તિ નોંધ અને એક શ્રદ્ધાંજલિનો સમાવેશ થાય છે.

સમાજકારણ યુવા સંશોધકોને ખાસ પ્લેટફોર્મ પૂરું પાડી પ્રોત્સાહન આપે છે. યુવા સંશોધકોએ તેમના સંશોધન લેખમાં પદ્ધતિશાસ્ત્રનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. તેમણે ક્યા પ્રકારની સૈદ્ધાંતિક પૃથક્કરણની સંરચના પર ભાર મૂક્યો છે તે દર્શાવવું જોઈએ. આ માટે પોતાના વિષયનાં સંશોધન પદ્ધતિશાસ્ત્ર (Reserch Methodology)થી સુમાહિતગાર થવું. સાથે જ સંશોધન પદ્ધતિ અને પદ્ધતિશાસ્ત્ર બન્ને એક નથી. તે ધ્યાનમાં રાખી બન્ને વચ્ચેના તફાવતની સ્પષ્ટતા પણ હોવી જોઈએ. જેમ કે–

૧. પદ્ધતિ (Method) એ ટેકનીક કે રીત છે. સંખ્યાત્મક માહિતી ભેગી કરી એનું વિશ્લેષણ ગણિત કે આંકડાશાસ્ત્રના ઉપયોગથી થાય છે. તે પદ્ધતિ છે. તેવી જ રીતે સંશોધક કોઈ સમાજની રીત રસમ અંગેની માહિતી સહભાગી કે બિનસહભાગી અવલોકન દ્વારા અથવા પૌરાણિક કે અન્ય સ્રોત દ્વારા ભેગી કરે તે પદ્ધતિ (Method) છે.

ટૂંકમાં, પદ્ધતિમાં રીતો-પ્રયુક્તિઓનો સમાવેશ થાય છે. બીજી રીતે કહીએ તો પદ્ધતિ એ પદ્ધતિશાસ્ત્રનો માત્ર એક ભાગ છે.

૨. પદ્ધતિશાસ્ત્રનો ખ્યાલ વિશાળ છે. પદ્ધતિશાસ્ત્ર (Methodology) એટલે ક્ષેત્ર અભ્યાસમાં ક્રમબદ્ધ સૈદ્ધાંતિક પૃથક્કરણની પદ્ધતિઓ લાગુ કરવી. જ્ઞાનની શાખાઓ સાથે સંકળાયેલા નિયમો સૈદ્ધાંતિક પૃથક્કરણની સંરચના પર ભાર મૂકે છે. સામાન્ય રીતે તેમાં પેરેડાઈમ, સૈદ્ધાંતિક મોડલ અને ગુણાત્મક-સંખ્યાત્મક પ્રયુક્તિઓનો સમાવેશ થાય છે.

**(અનુસંધાન ટાઈટલ પેજ. ૫૧ ૫૨)**

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**
**વર્ષ : ૧૧, જુલાઈ-૨૦૧૭, અંક : ૨**
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.